રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## નૉટઆઉટ ગૃહપતિને ભાવસભર શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ : ૦૭-૧૦-૧૯૪૦ મૃત્યુ તારીખ : ૨૦-૦૬-૨૦૨૩

વર્ષ: ૭૬ અંક : ૧૨ ૧૫ જુલાઈ, ૨૦૨૩

આઝાદીકા અમૃત મહોત્સવની દેશભરમાં થઈ રહેલી ઊજવણીના સંદર્ભે સરકારી પ્રતિનિધિઓ દ્વારા સ્વાતંત્ર્ય સૈનિકોના પરિવારના અભિવાદનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તા. ૨૬મીએ સિહોરથી મામલતદારશ્રી જોગસિંહજી અને ડે. મામલતદારશ્રી ભગીરથસિંહજીના વરદહસ્તે સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી રામચંદ્રભાઈ મનુભાઈ પંચોળીનું અને શ્રી અરુણભાઈ મનુભાઈ દવેનું સન્માન કરવામાં આવ્યું.






## ગ્રીષ્મ શિબિરોની મોજ માણતાં મોજીલાં બાળકો...







# કોડિયું

વર્ષ : ૭૬ | જુલાઈ : ૨૦૨૩ | અંક : ૧૨


## અનુક્રમણિકા


૦૧ જૉન બાએઝ, સામાજિક કર્મશીલ અને લોકગાયક ...૫૧૦
મુનિ દવે

૦૨ હાથશાળની મા : કમલાદેવી ચટ્ટોપાધ્યાય ...૫૧૨
ટીના દોશી

૦૩ જ્યોતિભાઈ : પારદર્શક પારસમણિ ...૫૧૫
મિતા ઝવેરી

૦૪ વિકાસના વેગવાન પ્રવાહની વચ્ચે ધસારો અને નવસર્જનની પ્રક્રિયા ...૫૧૮
માવજી મહેશ્વરી

૦૫ શ્રમિક પરિવારની વિદ્યાસાધના ...૫૨૧
ડૉ. દિનુ ચુડાસમા

૦૬ નાલંદાની નર્મ બાહોમાં બેનમૂન ગ્રંથોનું અગ્નિસ્નાન ...૫૨૩
પારસકુમાર

૦૭ ભૂરી છત્રી ...૫૨૬
રસ્કિન બૉન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા

૦૮ ‘ઝેર છંટકાવ’ની અવેજી —‘પક્ષીપાલન’ ...૫૨૮
હીરજી ભીંગરાડિયા

૦૯ નિષ્કામ, નિર્વિકાર જીવન : ભરતભાઈ ભટ્ટ ...૫૩૨
પ્રવીણચંદ્ર ઠક્કર

૧૦ સંસ્મરણ : દિવંગત ભરતભાઈ ભટ્ટ ...૫૩૪
બાલુભાઈ ગોહિલ

૧૧ ગુજરાતી જોડાક્ષરો ...૫૩૬
ડૉ. બળવંત તેજાણી

૧૨ ઉપલબ્ધિ ...૫૩૮
ડૉ.બી.એમ.શેલડિયા

૧૩ સંસ્થા સમાચાર ...૫૪૧
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**
‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**
શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**
અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

**લોકભારતીના પીંછા...**

સંસ્થાઓ જન્મે એમાં વિચાર-ખેડૂત તરીકે સ્થાપકો તો હોય જ પણ એ વિચારબીજના ઉછેર અને વૃદ્ધિ માટે જ્ઞાન, નિષ્ઠા અને અથાગ કર્મના ખાતર-પાણી આપનાર કાર્યકરો ન હોય તો? સ્વાતંત્ર્ય ચળવળમાં ગાંધીજીના સાથીઓએ 'સ્વરાજ'ના વિચારને જે રીતે ઉપાડી લીધો, એવી જ રીતે નઈ તાલીમની સંસ્થાઓમાં જે કર્મશીલોએ કામ કર્યું એનાથી જ આપણે 'સર્વોદયી' સમાજનિર્માણ માટે આપણું ખિસકોલી કર્મ કરી શક્યા.

'દર્શક'દાદા 'સર્વોદય અને શિક્ષણ'માં કાર્યકરની સુંદર વ્યાખ્યા આપે છે, ''જે યુવક-યુવતીઓ પોતાનું ઊજળું ભવિષ્ય છોડી...જે કામ બીજા કરતા નથી તે કામ, આપમેળે, સેવાભાવે કરવા તૈયાર થાય તે કાર્યકર.'' દરેક જાહેર સંસ્થા આવા કાર્યકરોથી જ સામાજિક પરિવર્તન આણી શકે છે. અલબત, હવે તો ખાનગી કંપનીઓમાં પણ આવા કાર્યકરો મળે તો તેમને સારું વળતર, પ્રતિષ્ઠા અને સ્વતંત્રતા આપવામાં આવે છે. મૂળે વાત એટલી કે સર્જનાત્મક વિકાસ માણસની અધ્યાત્મિકનિષ્ઠાથી થાય છે.

હમણાં શ્રી ભરતભાઈ ના. ભટ્ટ આપણી વચ્ચેથી ગયા. જે પેઢીએ આપણને સૌને તૈયાર કર્યા એ હવે ધીમે ધીમે વિશ્વરૂપ આત્મામાં ભળી રહી છે ત્યારે સહજ વિચાર આવે કે આપણને એમની કઈ ખોટ સૌથી વધુ સાલશે. એક વાર નાનાદાદા હાથપીંજણું ચલાવતા કહે, ''પીંજારો પણ પીંજે છે ને હું પણ પીંજુ છું. બંનેના હાથે રૂ જ છૂટું પડે છે. ક્રિયામાં ફરક નથી. પીંજારો મારાં કરતાં દસગણું પીંજે છે. છતાં બંનેમાં ઘણો ફેર છે. મારાં કરતાં દસગણી ક્રિયા કરતાં છતાં પીન્જારાની આધ્યાત્મિક ઉન્નતી નથી થતી. હું થોડું પીંજુ છું તો પણ મારે માટે ઉન્નતિકાર છે, કારણ કે મારે માટે આ ધર્મકૃત્ય છે.'' ભરતભાઈનું વર્ગકાર્ય હોય કે છાત્રાલયનું કાર્ય આપણને સૌને એટલા માટે કાયમ પ્રેરશે કારણકે એ નોકરી નહોતી પણ ધર્મકૃત્ય હતું! લોક-દક્ષિણા પરિવારના તમામ કાર્યકરો જે પણ કામ કરે છે એ 'ધર્મકૃત્ય' હોય છે એટલે જ એ દિવસેને દિવસે, વધુને વધુ અધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરે છે! સર્વોદયી સમાજ આવા અધ્યાત્મિક રીતે ઉન્નત નાગરિકોથી બને છે.

હાર્વર્ડ યુનિવર્સિટીએ એક અભ્યાસ કર્યો કે એવું શું છે કે સફળ લોકોને જે તે સંસ્થામાં સારું કાર્ય કરવા માટે પ્રેરે છે? એના પ્રથમ ત્રણમાં પદ, પ્રતિષ્ઠા કે પૈસા નથી. પણ સંસ્થાના મનોરથમાં વિશ્વાસ, ગમતું કામ અને વ્યાપક હિતમાં નાનકડું યોગદાન આપવાની ચાહ છે! આપણી સંસ્થાઓમાં અત્યાર સુધી જે કાર્યકરો આવ્યા અને વિદ્યાર્થીઓમાં, સમાજમાં અને સંસ્થામાં ઠીક ઠીક ચાહના પ્રાપ્ત કરી એનાં મૂળમાં પણ આ જ બાબતો જોવા મળે છે. વળી, એ સંસ્થા ખરેખર નસીબદાર છે કે જેને 'શીલવાન','જ્ઞાનવાન' અને 'કરુણાવાન' કાર્યકરો મળે. લોકભારતીનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે આવા અનેક કાર્યકરોના વ્યક્તિગત અને સામૂહિક તપથી આજે પણ અનેક વિષમ પરિસ્થિતિઓની સામે સંસ્થા અડગ ઊભી છે. આપણે આવા ભરતભાઈ જેવા કર્મઠ કાર્યકરો મળ્યાં કરે એ જ પ્રભુ પાર્થના!

—

## ૦૧ જોન બાએઝ, સામાજિક કર્મશીલ અને લોકગાયક

**મુનિ દવે**

---

આજના (૨૦/૦૨/૨૦૨૩) ઈંડિયન એક્સપ્રેસમાં જોન બાએઝ વિષેની ફિલ્મ – 'I am a noise' વિષે વાંચ્યું અને હું મારી કુમારાવસ્થામાં પહોંચી ગયો. ત્યારે 'ભૂમિપુત્ર'માં તેના વિષે વાંચેલું. ત્યારથી જોન પ્રત્યે અહોભાવ જાગેલો. ચારેક વર્ષ પહેલાં ભદ્રાબહેને તેમની મુ. નારાયણભાઈ સાથેની ગાંધીકથાની યાત્રાનો એક વિડિયો મોકલ્યો જેમાં જોન બાએઝ હતાં. એ મારે માટે સુખદ આંચકો હતો કે 'અરે! જોન બાએઝ હજુ છે?' આજે ઈંડિયન એક્સપ્રેસ વાંચીને ફરી જોન યાદ આવી ગયાં અને યુટયૂબ પર તેનાં ગીતો સાંભળ્યાં. તે અત્યારે ૮૨ વર્ષનાં છે અને નિવૃત્ત છે. આજે ઈન્ટરનેટ પર તેના વિષે વધુ જાણ્યું.

અમેરિકાની જોન ચાન્ડોસ બાએઝ અમેરિકન લોકગાયક અને સામાજિક પ્રશ્નોને પોતાના રચેલાં ગીતો દ્વારા ઉજાગર કરતી કર્મશીલ છે. તેનો જન્મ ૯ જાન્યુઆરી ૧૯૪૧માં સ્ટેટન આઈલેન્ડ, ન્યૂયોર્કમાં થયો. તેના મેક્સિકન મૂળ ધરાવતા પિતા ભૌતિકશાસ્ત્રી અને સંશોધનકાર હતા. તેને કારણે જોનને ન્યૂયોર્ક, કેલિફોર્નિયા અને બીજા અનેક સ્થળોના સમાજોનો પરિચય થયો. તેને સંગીતની પદ્ધતિસરની તાલીમ ભાગ્યે જ મળી પણ તેને ગીતો ગાવામાં બહુ રસ હતો. તે શરૂઆતમાં કુલેલે નામના તાર વાદ્ય સાથે ગાતી. પછીથી તે આપમેળે ગિટાર સાથે ગીતો ગાતી થઈ ગઈ. ૧૯૫૯ અને ૧૯૬૦માં તે ન્યૂપોર્ટ ફોક ફેસ્ટિવલમાં ગીતો ગાવાથી બહુ પ્રખ્યાત થઈ. ૧૯૬૩માં માર્ટિન લ્યુથર કિંગની નિગ્રો લોકોના સામાજિક અધિકારની માંગણીઓ સંદર્ભે યોજાયેલી વોશિંગ્ટનની ઐતિહાસિક કૂચ વખતે જોને 'વી શેલ ઓવરકમ સમ ડે' ગીત ગાયું, જેને કારણે તે અને તેનું આ ગીત વિશ્વવિખ્યાત થઈ ગયાં. સામાજિક અધિકારોની ચળવળોને ટેકો આપવા ઉપરાંત તે યુદ્ધ વિરોધી ચળવળોમાં પણ સામેલ થઈ અને વિયેતનામ યુદ્ધને બંધ કરવાની ઝુંબેશ ચલાવી. તે જાતે સામાજિક ન્યાય અને અધિકારોનાં ગીતો લખતી અને ગાતી. તેણે યુનેસ્કો અને સામાજિક ન્યાય માટે કામ કરતાં અન્ય સંગઠનો માટે વિના મૂલ્યે ગીતોના કાર્યક્રમો કર્યા. તે વખતે ભૂલાતા જતા લોકસંગીતને તેણે પુનઃજીવિત કર્યું. તેણે યુવા સાથીદારો સાથે અમેરિકા અને દુનિયાભરમાં કાર્યક્રમો આપ્યા અને લોકચાહના મેળવી. તે સતત રાજકીય/સામાજિક પ્રશ્નો સાથે જોડાયેલી રહી છે. સામાજિક ન્યાય માટેની પ્રતિબદ્ધતા અને રણકતા અવાજને કારણે તેના શ્રોતાઓમાં ભારે લોકપ્રિય રહી છે. ૧૯૬૫માં કેલિફોર્નિયાના કાર્મેલમાં તેણે Institute for the Study of Non-Violenceની સ્થાપના કરી. તેણે જોન હેરીસ સાથે ૧૯૬૮માં લગ્ન કર્યા. ૧૯૭૩માં જોનથી છૂટાછેડા લીધા. તેમનો ગેબ્રિયલ હેરિસ નામનો એક દીકરો છે, જે પણ ગાયક છે.

તેનું પહેલું આલ્બમ 'જોન બાએઝ' ૧૯૬૦માં બહાર પડ્યું. તે ઉપરાંત 'વ્હેર આર યુ માય સન?' ૧૯૭૩માં બહાર પડ્યું. તેમાં પહેલી ૨૩ મિનિટ સુધી અમેરિકાએ કરેલા હેનોઈ પર બોમ્બિંગ સંદર્ભે બાએઝના અવાજમાં સંગીત સાથેના શાંતિ વિષેના વિચારો છે.

તેના કેટલાંક જાણીતા ગીતો અને આલ્બમોઃ Joan Baez, Vol. 1 1960, Joan Baez, Vol. 2 1961, Come from the Shadows 1972, Where Are You Now, My Son? 1973, Whistle Down the Wind 2018, We shall overcome someday, 500 miles, Diamonds & Rust, How sweet the sound, Farewell Angelina,વગેરે છે. (આમાંના ઘણાં ગીતો યુટ્યુબ પર છે.),

જોન બાએઝ અને બોબ ડિલોન એ ૨૧મી સદીના અમેરિકાના લોકપ્રિય સંગીતકારો અને ગાયકો છે, જેમણે

ડૉ.કિંગની સભાઓમાં-કૂચોમાં સામાજિક ન્યાય માટે ગીતો ગાયાં છે. દસ વર્ષ સુધી તે બન્ને એકમેકના પ્રેમમાં ગળાડૂબ રહ્યાં. કહેવાય છે કે બોબને ગીતકાર અને સંગીતકાર તરીકે પ્રોત્સાહિત કરવામાં જોનનો મોટો ફાળો હતો. પણ ત્યારબાદ ડિલોનને તેની કારકિર્દીમાં જોન અડચણરૂપ લાગતા તેને છોડી દીધી, જેને માટે તેણે દસ વર્ષ બાદ પોતાની ભૂલ કબૂલ કરીને જાહેરમાં માફી માગેલી.

**શેર્વિન હાજીપૌર – ગ્રેમી એવોર્ડ વિજેતા**

શેર્વિન હાજીપૌર નામના ઈરાનના ૨૫ વર્ષના એક યુવાનને આ વખતનો ગ્રેમી એવોર્ડ મળ્યો. એકેડમીના ઈતિહાસમાં આવું પહેલી વખત બન્યું કે સામાજિક બદલાવ માટેના કોઈ ગીત માટે કોઈને ગ્રેમી એવોર્ડ મળ્યો હોય. એ ગીતના શબ્દો છે 'બરાયે આઝાદી.. – માટે આઝાદી અથવા આ કારણે આઝાદી'. એ ફારસી ભાષામાં ગીત છે, જેના શબ્દો છેઃ રસ્તા પર નાચવા માટે, જાહેરમાં ચુંબન કરવાના પ્રતિબંધના વિરોધમાં, મારી બહેન માટે, તમારી બહેન માટે, આપણી બહેનો માટે... તેમની સામાન્ય જિંદગી જીવવા માટેની ઈચ્છા માટે, આપણી આંખોમાંથી સતત વહેતા આંસુઓ માટે, સ્ત્રીઓ, જીવન અને સ્વતંત્રતા માટે સ્વર્ગમાં જવાનો ફરજિયાત રસ્તો નક્કી કરવા માટે... શેર્વિન અને ઈરાનના હજારો લોકો જે દુઃખ વર્ષોથી સહન કરતા આવ્યાં છે, તેની ટોચ ત્યારે આવી જ્યારે ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ૨૨ વર્ષની માહ્સા અમીની નામની કુર્દિશ યુવતીને જાહેરમાં હિજાબ ન પહેરવા માટે પોલિસ દ્વારા પકડવામાં આવી અને કસ્ટડીમાં તેના પર થયેલા અત્યાચારને કારણે તેનું મૃત્યુ થયું. આને કારણે આખા ઈરાનમાં સ્ત્રીઓની આગેવાની હેઠળ વિરોધ ફાટી નીકળ્યો. યુવાન છોકરીઓ તેનાં ખુલા વાળ સાથે જાહેર રસ્તા પર નીકળી પડી. સરકારે તેમની સામે બહુ સખ્તાઈથી કામ લીધું. ઘણાં લોકો મોતને ભેટ્યા અને અનેક ઘાયલ થયા. તેના થોડા દિવસો બાદ શેર્વિને એક ગીત બનાવ્યું, તેમાં લોકોના ટોળાઓ દ્વારા સરકાર સામેના વિરોધ માટે બોલાયેલા શબ્દો હતા. તેણે એ ગીતને સૂરોમાં પરોવ્યું. શેર્વિનની સંગીતની સફરમાં જમા ખાતે માત્ર ટીવીનો એક મ્યુઝિકલ રિયાલીટી શો છે, જેમાં તેણે ૧૯૭૯થી ઈરાનના લોકોના સરકાર સામેના રોષને વ્યક્ત કરેલો.

ગીત જાહેર થયા બાદ બે દિવસમાં સરકારે તેને પકડી લીધો અને સોશિયલ મીડિયા પરથી તેનું ગીત હટાવી લીધું. શેર્વિનને દેશ છોડવાની મનાઈ કરી અને તેના પર દેશમાં હિંસા ફેલાવવા માટે કામ ચલાવવાનું નક્કી થયું. શેર્વિનને કેટલાક દિવસો જેલમાં રાખ્યા બાદ જમાનત પર છોડી દેવામાં આવ્યો, પણ પછી અદાલતી કાર્યવાહી શાન્ત થઈ ગઈ.

પણ સરકાર એ સમજી ન શકી કે ગીત અને તેની તરજને પોતાની આવરદા હોય છે. બરાયે ગીત બહુ ઝડપથી લોકપ્રિય થઈ ગયું. શેર્વિનની ધરપકડથી તે વધારે લોકપ્રિય થયું. જતે દિવસે આ ગીત સ્ત્રીઓની ચળવળનું મુખ્ય ગીત બની ગયું. વિશ્વભરમાં આ ગીત સ્ત્રીઓના અધિકાર માટે પ્રેરક બની ગયું. રત્ના નામની એક મૂળ ઈરાની સ્ત્રી, જે કેનેડાની સેનેટર છે તેણે કેનેડાની સંસદમાં આ ગીત વાંચ્યું. સોગન્દ નામના એક ઈરાનિયન ગાયકે જર્મનીમાં ૧૮૦૦૦ શ્રોતાઓ સમક્ષ આ ગીત ગાયું. ઓસ્ટ્રેલિયા સહિત ઘણાં દેશોના લોકોએ રસ્તા પર સરઘસો કાઢી આ ગીત ગાયું. ઈરાનનું આ ગીત વિશ્વભરમાં સૌથી વધુ ફેલાયેલું ગીત બની ગયું. ગયા નવેમ્બર મહિનામાં બુએનોસ આઈરિસમાં ઈરાનથી હદપાર કરાયેલા એક કલાકાર ગોલશીફ્તેની હાજરીમાં ત્યાંના લોકપ્રિય ગાયક માર્ટિને પોતાના બેન્ડમાં આ ગીત ગાયું અને તે સાથે તેણે ઈરાન સહિત દુનિયાભરની સ્ત્રીઓના અધિકારો માટેની લડતને પોતાનો ટેકો જાહેર કર્યો. એનાથી આ બરાયે ગીતને વૈશ્વિક ઓળખ મળી.

આ અઠવાડિયાની શરૂઆતમાં વહેલી સવારે શેર્વિન ઈરાનમાં તેના અંધારિયા ઘરમાં ટેલિવિઝન સામે બેઠો હતો ત્યારે તેણે તેમાં અમેરિકાની પ્રથમ સ્ત્રી – જિલ બિડેનને જોઈ, જે લોસ એન્જલસમાં એક કાર્યક્રમમાં ગ્રેમી એવોર્ડ માટે શેર્વિન હાજીપૌરનું નામ બોલી. એ સાંભળી શેર્વિનની આંખો ભરાઈ આવી. શ્રીમતી બિડેને કહ્યું કેઃ 'એક ગીત બધાને એકમેક સાથે જોડી શકે છે, પ્રેરણા આપી શકે છે અને આખરે દુનિયામાં બદલાવ લાવી શકે છે...તેનામાં વૈશ્વિક સ્તરે હકારાત્મક આઘાત આપવાની શક્યતા છે.'

## ૦૨ ભારતભૂમિની ઊર્જાવાન નારીઃ હાથશાળની મા : કમલાદેવી ચટ્ટોપાધ્યાય

**ટીના દોશી**

---

એક એવી સ્ત્રી જે સ્વતંત્રતાસેનાની હોય, સમાજસુધારક હોય, ગાંધીવાદી હોય, નારીવાદી હોય, લેખિકા પણ હોય, અભિનેત્રી પણ હોય અને ભારતીય હસ્તકલા ક્ષેત્રના પુનરુત્થાન માટે કાર્યરત પણ હોય... કહો જોઉં, એ કોણ હશે ?

એમનું નામ કમલાદેવી ચટ્ટોપાધ્યાય સ્ત્રી એક જ પણ ઓળખ સાત. ઈન્દ્રધનુષના સાતેય રંગ પરસ્પરમાં મળેલા હોય અને છતાં એકમેકથી નોખી આભા પ્રકટાવે એમ કમલાદેવીની સાતેય ઓળખ પરસ્પરમાં વિલીન થતી હોવા છતાં એકમેકથી ભિન્ન રંગછટા પ્રકટાવતી. જે કામ હાથમાં લે એને પૂરેપૂરી નિષ્ઠાથી પૂરું કરવું એ કમલાદેવીની પ્રકૃતિ. એમણે આઝાદીના આંદોલનમાં સ્ત્રીઓને સહભાગી થવા માટે પ્રેરી. ખુદ નમક સત્યાગ્રહમાં ભાગ લીધો, અસહકાર આંદોલનમાં ભાગ લીધો. ભારતનું વિભાજન થયા પછી શરણાર્થીઓ માટે ફરીદાબાદ શહેર વસાવ્યું. મૃતઃપ્રાય થયેલાં હસ્તકલા અને હાથશાળને નવજીવન આપ્યું. પોતાની માવજતથી હસ્તકલા ઉદ્યોગને નવપલ્લિત કર્યો. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, સંગીત નાટક અકાદમી, સેન્ટ્રલ કોટેજ ઇન્ડસ્ટ્રીઝ એમ્પોરિયમ અને ક્રાફ્ટ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા જેવાં મુખ્ય સાંસ્કૃતિક સંસ્થાનો પણ કમલાદેવીની દીર્ઘદ્રષ્ટિ અને મજબૂત ઈરાદાનું જ પરિણામ છે. અખિલ ભારતીય હસ્તશિલ્પ નિગમની સ્થાપનામાં કમલાદેવીએ મહત્ત્વની ભૂમિકા ભજવેલી. નિગમના પ્રથમ અધ્યક્ષ તરીકે પણ તેમણે પ્રશંસનીય કામગીરી કરી. પોતાના કામ સાથે એકાકાર થઈ જવાની આ પ્રકૃતિએ પગથિયાં બનીને કમલાદેવીને પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ જેવાં સર્વોચ્ચ પુરસ્કાર સુધી પહોંચાડ્યાં.

આ કમલાદેવીનો જન્મ કર્ણાટક સ્થિત મેંગલોરમાં થયો. તારીખ ૩ એપ્રિલ ૧૯૦૩. પરિવારના ચાર સંતાનોમાં સૌથી નાની. પિતા અનન્તથ્યા ધારેશ્વર સરકારી અધિકારી હતા. માતા ગિરિજાદેવી ગૃહિણી હતી. ભણેલી હતી. કમલાદેવી પર માતાનો ખાસ્સો પ્રભાવ રહ્યો. કમલાદેવીએ પ્રાથમિક શિક્ષણ મેંગલોરમાં મેળવ્યું. પછી ચેન્નાઈની ક્વીન્સ મેરી કૉલેજમાં પ્રવેશ મેળવ્યો.

દરમિયાન, તત્કાલીન સામાજિક રિવાજ પ્રમાણે ૧૯૧૭માં કમલાદેવીની ૧૪ વર્ષની ઉંમરે એમનાં લગ્ન કૃષ્ણા રાવ સાથે થયાં. પણ દુર્ભાગ્યે લગ્નનાં બે વર્ષ પછી જ કૃષ્ણા રાવનું મૃત્યુ થયું. સોળ વર્ષની ઉંમરે કમલાદેવીએ વૈધવ્ય વેઠવું પડ્યું. જોકે એમણે આગળનો અભ્યાસ જારી રાખ્યો. નાટકોમાં અને અભિનયમાં પણ રસ હતો કમલાદેવીને. અભિનયના રસને પગલે સરોજિની નાયડુના ભાઈ હરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય સાથે પરિચય થયો. હરેન્દ્રનાથ કવિ અને નાટ્યકાર હતા. સમાન શોખને કારણે કમલાદેવી અને હરેન્દ્રનાથ પરસ્પર આકર્ષાયાં. ૧૯૧૯માં બન્નેએ પ્રભુતામાં પગલાં પાડયાં. પુનર્વિવાહ કર્યા પછી હરેન્દ્રનાથ સાથે કમલાદેવી લંડન ગયાં. લંડનની જિમલોમ બેડફોર્ડ કૉલેજમાંથી સમાજશાસ્ત્ર વિષયમાં ડિપ્લોમા મેળવ્યો.

આ અરસામાં ભારતમાં ગાંધીજીના નેતૃત્વમાં આઝાદી આંદોલનનો આરંભ થઈ ચૂકેલો. આંદોલનના પડઘા લંડનમાં સંભળાયા. ૧૯૨૩માં કમલાદેવી આંદોલનમાં ભાગ લેવા ભારત પાછા ફર્યાં. દીકરા રામકૃષ્ણ ચટ્ટોપાધ્યાયનો જન્મ થયો. નવી જવાબદારી સાથે કમલાદેવીએ અસહકાર આંદોલનમાં ભાગ લીધો. બહેનોને પણ આંદોલનમાં ભાગ લેવા પ્રેરી. ઉપરાંત સામાજિક ઉન્નતિ માટે કાર્યરત સેવાદળ સાથે જોડાયાં. સંગઠન પોતાનું લક્ષ્ય હાંસલ કરે એ માટે કમલાદેવીએ અથાક પરિશ્રમ કર્યો. એમની મહેનતને જોતાં કમલાદેવીને સંગઠનની મહિલા પાંખના પ્રભારી નિયુક્ત કરાયાં. કમલાદેવીએ બહોળી સંખ્યામાં મહિલાઓને સંગઠન

સાથે જોડી અને તેમને પ્રશિક્ષિત કરી. ત્યાર પછી ૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહમાં કમલાદેવીએ ભાગ લીધો. એમણે પોતે નમક પકવેલું. મીઠાનો કાયદો તોડવા બદલ ધરપકડ વહોરનાર બોમ્બે પ્રેસિડેન્સીની પ્રથમ મહિલા કમલાદેવી જ હતાં!

કમલાદેવીએ કેટલાયે આંદોલનોમાં ભાગ લીધેલો. ૧૯૨૬ સુધીમાં જ ઘણા સત્યાગ્રહોમાં એ સહભાગી થયેલાં. દરમિયાન, એમને મદ્રાસ પ્રાંતીય વિધાનસભાનું કામકાજ સંભાળવાનો મોકો મળેલો. એ સાથે વિધાનસભા કાર્યાલય સંભાળનાર કમલાદેવી દેશની પ્રથમ મહિલા બન્યાં. ૧૯૨૬માં જ કમલાદેવીને અત્યંત મહત્ત્વની જવાબદારી સોંપાઈ. એમને અખિલ ભારતીય મહિલા સંમેલનનાં અધ્યક્ષ બનાવાયાં. આ સંમેલનની જવાબદારી મળતા જ કમલાદેવીએ મહિલા કલ્યાણ માટેનાં કાર્યક્રમો હાથ ધર્યા. એમણે દેશની મહિલાઓના શિક્ષણ માટે પણ કામ કર્યું. ૧૯૩૨માં દિલ્હી ખાતે લેડી ઈરવિન કૉલેજની સ્થાપના મહિલાઓ ભણી શકે એ માટે કરાઈ હતી. આ કૉલેજની સ્થાપનામાં કમલાદેવીની પણ ભૂમિકા હતી.

પ્રત્યેક કામ કરતી વખતે હર ઘડીએ કમલાદેવીનું મન દેશની સ્વતંત્રતા માટે ઝંખતું હતું. ભારતની આઝાદી માટે કમલાદેવીએ વિશ્વપ્રવાસ કર્યો. બ્રિટિશ સરકાર પર દબાણ લાવવા માટે પોતાના પ્રવાસ દરમિયાન ભારતની અવસ્થાને દુનિયા સમક્ષ મૂકવાનું કામ કર્યું. આખરે ગુલામીની બેડીઓમાંથી ભારત દેશ આઝાદ થયો ત્યારે પણ કમલાદેવીએ નિર્વાસિતો માટે પ્રશંસનીય કામ કર્યું. ૧૯૪૭માં આઝાદી મળવાની સાથે દેશનું ભારત અને પાકિસ્તાન, એમ બે ભાગમાં વિભાજન પણ થયું. એ સમયે પાકિસ્તાનથી હજારોની સંખ્યામાં લોકો ભારત આવેલાં. એમની પાસે રહેવા માટે ન ઘર હતું, ન ખાવા માટે અન્નનો દાણો. ઉપર આકાશ અને નીચે ધરતી. આ સંજોગોમાં કમલાદેવીએ શરણાર્થીઓનાં વસવાટ માટે ફરીદાબાદ શહેર વસાવ્યું. આ શહેરમાં અંદાજે પચાસ હજાર લોકોનું પુનર્વસન કરવામાં આવેલું, એ કમલાદેવીની જ સિદ્ધિ હતી!

કમલાદેવીની સિદ્ધિ કોઈ એક ક્ષેત્ર પૂરતી સીમિત નહોતી. એમણે સાંસ્કૃતિક સંસ્થાનોની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની સાથે દરેક ક્ષેત્રમાં કામગીરી કરી. અભિનય ક્ષેત્રે પણ એમણે અજવાળાં કરેલાં. એમની પહેલી ફિલ્મ 'મૃચ્છકટિકા' ૧૯૩૧માં પ્રદર્શિત થયેલી. બે વર્ષ પછી ૧૯૪૩માં તાનસેન અને એના પછી શંકરપાર્વતી અને ધન્ના ભગત. અભિનય સાથે લેખનના ક્ષેત્રમાં પણ કમલાદેવીએ કમાલ કરી. લેખનક્ષેત્રે કામ કરીને પુસ્તકો આપ્યાં. ઇન્ડિયન કાર્પેટસ એન્ડ ફ્લોર કવરિંગ્ઝ, મેજિક ઓફ ઇન્ડિયન ક્રાફ્ટસ, ટોવર્ડ્સ એ નેશનલ થિયેટર, અવેકનિંગ ઓફ ઇન્ડિયન વુમનહૂડ, અંકલ સેમ એમ્પાયર, ઈન વોર-ટોર્ન ચાઈના, અમેરિકા-ધ લેન્ડ ઓફ સુપરલેટિવઝ, સોસાયટી એન્ડ સોશિયાલિઝમ, હેન્ડિક્રાફ્ટસ ઓફ ઇન્ડિયા, એટ ધ ક્રોસરોડ્ઝ અને જાપાન-ઇટ્સ વિકનેસ એન્ડ સ્ટ્રેન્થ...

જોકે કમલાદેવીએ સૌથી અદ્‌ભુત કામગીરી કોઈ ક્ષેત્રમાં કરી હોય તો એ હતું હસ્તકલા ક્ષેત્ર. ભારતમાં જાતભાતનાં હસ્તશિલ્પને ટકાવી રાખવા માટે એમણે પ્રયત્નો કર્યા. અખિલ ભારતીય હસ્તશિલ્પ નિગમની સ્થાપનામાં મહત્ત્વની કામગીરી અદા કરી. આ ગાળામાં પતિ સાથે મતભેદને પગલે છૂટાછેડા લીધાં, પણ કાર્યનિષ્ઠાને સમર્પિત રહ્યાં. ૧૯૫૨માં નિગમનાં પ્રથમ અધ્યક્ષ તરીકે એમણે ઉત્તમ કામગીરી કરી. કમલાદેવીએ ગ્રામીણ વિસ્તારોમાં ફરીને હીરાપારખુ કુશળ ઝવેરીની જેમ હસ્તશિલ્પ અને હાથવણાટની કલાને પારખી. કલાને સંરક્ષણ આપ્યું. દેશના વણકરોના પુનરુત્થાન માટે કમલાદેવીએ અત્યંત ધગશથી કામ કર્યું. એનું પરિણામ એ આવ્યું કે કમલાદેવી જ્યારે એ ગામોમાં જતાં ત્યારે હસ્તશિલ્પી, વણકર અને હાથવણાટ સાથે જોડાયેલા કારીગરો પોતાના મસ્તક પરથી પાઘડી ઉતારીને એમનાં ચરણોમાં મૂકી દેતા. હસ્તકલા ઉદ્યોગ માટે સંતાન પ્રત્યેની માતાની મમતા જેવો કમલાદેવીનો નિઃસ્વાર્થ ભાવ જોઈને હસ્તશિલ્પીઓ એમને 'હાથશાળની મા'નું લાડકું નામ આપેલું...

ભારત સરકારે કમલાદેવીના યોગદાનને યોગ્યપણે જ બિરદાવેલું. દેશના ત્રીજા સર્વોચ્ચ પુરસ્કાર પદ્મભૂષણથી ૧૯૫૫માં પુરસ્કૃત કર્યાં. ૧૯૮૭માં બીજા સર્વોચ્ચ પુરસ્કાર પદ્મવિભૂષણથી સન્માનિત કર્યાં. દરમિયાન ૧૯૬૬માં સામુદાયિક નેતૃત્વ બદલ રેમન મેગ્સેસે એવોર્ડ મળ્યો. સંગીત નાટક અકાદમી દ્વારા લાઈફ ટાઈમ અચીવમેન્ટ પુરસ્કાર ૧૯૭૪માં મળ્યો. યુનેસ્કોએ ૧૯૭૭માં હસ્તકલા ક્ષેત્રે પ્રદાન કરવા બદલ સન્માન કર્યું. ભારત સરકારે ૨૯ ઓક્ટોબર ૧૯૯૧ના રોજ કમલાદેવીની ત્રીજી મૃત્યુતિથિએ, એમની સ્મૃતિમાં ટપાલટિકિટ બહાર પાડી અને ભારત સરકારે જ એમના સન્માનમાં ૨૦૧૭માં મહિલા હાથશાળ વણકર અને હસ્તકલા કારીગરને પ્રતિ વર્ષ 'કમલાદેવી ચટ્ટોપાધ્યાય' રાષ્ટ્રીય પુરસ્કાર આપવાની ઘોષણા કરી.

આ તમામ પુરસ્કારો અને ગૌરવ છતાં કમલાદેવીને મન સૌથી મોટું સન્માન એક જ હતું : કોઈ હસ્તશિલ્પીના મોંએથી 'હાથશાળની મા'નું લાડકું સંબોધન સાંભળવું!

**સાચો ચમત્કાર**

મુસ્લિમ સંત અબુસાહેબને એક માણસે દોડતા આવી કહ્યું:

' સાહેબ, બાજુના ગામમાં એક ફકીર પાણી ઉપર ચાલે છે.'

સાંભળી અબુસાહેબે કહ્યું:

'આ પ્રકારના ચમત્કારો મને પ્રભાવિત નથી કરતા, હું તો રોજ પક્ષીઓને આકાશમાં ઊડતા જોઉં છું, ઝરણાઓ વહે છે,પક્ષીઓ કલરવ કરે છે ને પતંગિયાના રંગો? એનાથી મોટો કોઈ ચમત્કાર નથી ! '

**હરતા-ફરતા માનવમૂલ્યો**

- ડો.ભાવના પાઠક

'બેન, બાને સાચવજો હો ... જીવ્યા એટલાં જીવવાના નથી હો ! મા બાપનો જોટો જગતમાં ક્યાંય જડતો નથી.'

રોજ બપોરે બારના ટકોરે અમારા એપાર્ટમેન્ટની સામે પોતાના નાનકડાં ટેમ્પામાં કોળીયાક ગામેથી તાજુ શાકભાજી લઈને આવતાં માજીએ ગુવાર જોખતાં મને સહજ રીતે આવી મૂલ્યવાન શીખ આપી દીધી !

પહેલી વખત મારાં બાની બીમારી નિમિત્તે સળંગ મહિનો ભાવનગરવાળા ઘરે રહેવાનું બન્યું ! ચોકીદારને કહી રાખેલું એટલે શાકવાળા બહેન આવે એટલે મને બોલાવે. એમાંથી ઓળખાણ.........

નાનકડો હરતોફરતો એમનો આ વૈભવી શાકભાજીનો મોલ ! એમાં છાશ પણ હોય, બાજરીનો લોટ પણ હોય, ફણગાવેલા કઠોળ, લસણ, ડુંગળી અને ઘણું બધું.....

'માડી કેટલાં વાગે કોળીયાકથી નીકળો?'

'અમે ચાર વાગે ઊઠી, નાહી ધોહીને ભગવાનને દીવા કરી, શીરાવવાનું રાંધીને સાથે લઈને હરાજીમાં જઈએ અને તાજું શાક લઈને ભાવનગર ભણી...... તમારા બંગલા પાસે પહોંચીએ ત્યાં બાર વાગી જાય ! આ લ્યો, મોબાઈલનો નંબર ...... જે શાક જોઈએ કહી દેવાનું એટલે હું તમારી માટે રાખી મૂકીશ', માજી અને દાદાનો આ નિત્યક્રમ......

પ્રસન્ન જોડી... ચહેરા પર જરાય હાયહોય કે ઉપાધિ કે અસંતોષ ન જડે. કેવા આત્મનિર્ભર ! મેં કહ્યું માડી તમારો હાથ લાવો તો તમારા હાથમાં મારો હાથ મિલાવવો છે. કામ કરીને એકદમ ખરબચડો થઈ ગયેલો હાથ આંખની ઓળખાણ – સગપણ ન હોવા છતાં હદયને ઊર્જા આપી ગયો !

## ૦૩ લોકભારતીના દાદાઓ :જ્યોતિભાઈ : પારદર્શક પારસમણિ

**મિતા ઝવેરી**

---

મહાન વ્યક્તિના સમકાલીન હોવાનો આપણને મોકો ન મળ્યો હોય. પરંતુ, મહાન વ્યક્તિના સમયમાં જન્મેલાં, મહાન વ્યક્તિ પાસે ઉછરેલા કે મહાન વ્યક્તિના પગલે ચાલવાનો જેમણે પ્રયાસ કર્યો હોય અને પોતાના જીવન થકી અનેકને એ પગલે ચાલવા પ્રોત્સાહિત કર્યા હોય એવા વ્યક્તિને મળવાનો આનંદ ઓછો તો ન જ હોય ને!

કિશોર અવસ્થામાં પપ્પા પાસેથી ગાંધી, વિનોબાના સમયમાં ઉછરેલા અને એમના પગલે ચાલનારા દક્ષિણ ગુજરાતના કેટલાક પ્રયોગશીલ સમાજસેવકોનાં નામ સાંભળેલાં. એ પૈકીનું એક સન્માનીય નામ એટલે, જયોતિભાઈ દેસાઈ. તેઓ જ્યારે પણ ઘરે આવે ત્યારે વાર્તાઓ કહે. એમની વાર્તાઓ સાંભળવી તો ગમે જ. પણ, તેઓને વાર્તા કહેતા જોવા એ પણ એક લ્હાવો જ. બાલવાડીનો શિક્ષક આખેઆખો એમાં ઝળકે. વાર્તા કહેતી વખતે તેઓ બાળકો જેવાં અને બાળકો જેવડાં જ બની જાય! હાથ લાંબા ટૂંકા કરી, વાર્તામાં આવતાં દરેક પાત્રનો અભિનય કરે. પ્રાણીઓનાં અવાજો કરે. મોઢાનાં હાવભાવ એવાં કરે કે, જીવનનાં નવ રસ બરાબર ઓળખી શકાય.

જયોતિભાઈનું વ્યક્તિત્વ પારદર્શક. દેશ હોય કે વિદેશ પોતાના નિશ્ચિત સિદ્ધાંતોમાં ક્યાંય બાંધછોડ ન કરે. જે, જેવું લાગે તેવું કહે. જે યોગ્ય ન લાગે તેનો વિરોધ કરે. અને જે તે વાત એકવખત સમજાઈ જાય તેનો વિના:સંકોચ તરત જ સ્વીકાર કરે. જયોતિભાઈ, પોતાને જે કંઈ સમજાયું તે જીવવા સતત પ્રયત્નશીલ રહ્યા. એક શિક્ષકમાં જોઈએ એવા નીડરતા, સમાનતા, સંવેદનશીલતા, કાર્યશીલતા, મૌલિકતા, સર્જનશીલતા, સ્વતંત્રતા જેવાં ગુણોને જીવનારા જયોતિભાઈના સંપર્કમાં આવનારા વિદ્યાર્થીઓને આ પારસમણિનો સ્પર્શ થયા વગર રહેતો નહીં. એમના કોઈને કોઈ એક કે એકથી વધુ ગુણોનો વિકાસ જે તે વિદ્યાર્થીના જીવનમાં થયો. વિદ્યાર્થીઓમાં રહેલા માનવતાના બીજનો વિકાસ પણ જયોતિભાઈના સંપર્કથી થતો રહ્યો. જે દ્વારા સમાજ કે રાષ્ટ્રને ઉપયોગી કાર્યોમાં એ વિદ્યાર્થીઓ પ્રવૃત્ત થયાં. આવા પારદર્શક પારસમણિ જયોતિભાઈના વ્યક્તિત્વનું ઘડતર કેવી રીતે થયું અને તેઓએ શું કામગીરી કરી એ જાણવાની સ્હેજે ઉત્કંઠા જાગે જ.

વર્ષ ૧૯૨૬નાં મે માસની પાંચમી તારીખે મુંબઈમાં માતા ઊર્મિલાબેન અને પિતા કનૈયાલાલ દેસાઈને ત્યાં જન્મ. બાળપણમાં બાળસહજ તોફાનો અને યુવાવયે મનમાં ઊભરતી સંવેદનાઓને સથવારે, આસપાસનાં વાતાવરણમાં ચાલતી વૈચારિક, સામાજિક કે રાષ્ટ્રીય ચળવળમાં આગળ પડતાં રહી જયોતિભાઈ રાજકારણના ઉંબરે પહોંચી ગયા હતા. તેઓ રાજકારણમાં પ્રવેશ્યા હોત તો આ દેશને એક સારો રાજકારણી મળ્યો હોત એમાં કોઈ શંકા નથી. પરંતુ, સ્વાતંત્ર્યસેનાની માતાપિતા તરફથી મળેલ નિસ્પૃહ સેવાભાવનાના ગુણવિકાસ થકી તેમજ સ્વામી આનંદ જેવા ઉત્તમ સાક્ષરનો સ્પર્શ પામેલાં જયોતિભાઈના હાથે એક શિક્ષક તરીકે અનેક સત્કાર્ય થવાનાં હતાં. તેથી, મુંબઈનાં એ વખતનાં મુખ્યમંત્રી મા. બાળાસાહેબ ખેરના ગ્રામોત્થાન માટેનાં માર્ગદર્શન તેમજ ‘આદર્શ બાળમંદિર’ની સ્થાપક બેલડી શ્રી પ્રભુભાઈ અને શ્રી ધનુબેનના સંપર્કથી જયોતિભાઈ ગામડાં તરફ વળ્યા. અને આદિવાસીઓ માટે જીવન સમર્પિત કરી દીધું.

શ્રી નવલભાઈના કહેવાથી જયોતિભાઈ ધોળકા તાલુકામાં આવેલા સંતબાલજીના ગુંદી આશ્રમમાં જોડાયા.

લંડનથી બી.એડ. કરીને આવ્યા પછી દહાણુ નજીક કોસબાડ ટેકરી પર સ્થિત સ્વામી આનંદ સાથે રહેવાનું બન્યું. આમ તો સ્વામીદાદા આજીવન જ્યોતિભાઈના ઘડવૈયા રહ્યાં. પરંતુ, ખાસ કરીને પ્રથમ મિલનથી જ ઊભય પક્ષે જે બાપ-બેટાનો અનોખો નાતો બંધાયો હતો તે નાતે જ્યોતિભાઈના મનમાં ઊઠતા વિવિધ વિચારો, લાગણીઓ કે રાષ્ટ્રહિત માટેની માંગણીઓને સ્વામીદાદા જોતાં, સમજતાં, મઠારતાં અને સતત ઘડતાં રહ્યાં. લોકભારતી સણોસરા સંસ્થામાં જરૂરિયાત ઊભી થતાં સ્વામીદાદા જ્યોતિભાઈને સણોસરા મૂકવા ગયેલાં. એ વખતે, પોતે પંદર દિવસ સાથે રહેશે, એ સમય દરમિયાન નાનાભાઈએ જ્યોતિભાઈની કસોટી કરી લેવાની. એ વાતનો ઉત્તર આપતાં નાનાભાઈ ભટ્ટે કહ્યું, 'તમે લાવેલ ભાઈની કસોટી કરનાર હું કોણ?' ચોક્કસાઈ અને સમયપાલનના આગ્રહી સ્વામીદાદા તો ગાંધીજીને પણ નવજીવનના તંત્રીલેખ અંગે તાકીદ કરતાં! આવા સ્વામી આનંદ પાસે ઘડાયેલાજ્યોતિભાઈએ સણોસરામાં ૧૯૫૯ થી ૧૯૬૭ સુધી અધ્યાપક, નિયામક તરીકેની બેવડી જવાબદારી ઘણી સરસ રીતે નિભાવી. સ્વામીદાદા ઉપરાંત, એ સમયનાં મહાનુભાવો પૈકી રવિશંકર મહારાજ, જયપ્રકાશ નારાયણ, પ્રભાવતી દીદીનો સ્નેહસ્પર્શ પણ જ્યોતિભાઈને મળ્યો તેમજ દેશ વિદેશના અનેક વ્યક્તિત્વનો સંપર્ક કોઈ ને કોઈ કારણે થયા કર્યો. જે દ્વારા જ્યોતિભાઈના જીવનઘડતરને ઈજન મળતું રહ્યું.

શહેર અને તેનાં વ્યવહારોની મર્યાદાઓ તેમજ શોષણ વિશે સજાગ થઈ ચૂકેલા જ્યોતિભાઈને ગામડું એવું તો વળગ્યું કે તેઓએ ગુંદીથી શરૂ કરીને કોસબાડ, લોકભારતી સણોસરા અને અંતે ઘણો લાંબો સમય જુગતરામભાઈ દવેની વેડછી સંસ્થામાં જ રહીને સ્વ અને સંપર્કમાં આવનાર સર્વનું જીવન સમૃદ્ધ કર્યું.ગ્રામસેવાની રીતસરની કોઈ તાલીમ જ્યોતિભાઈએ લીધી નહોતી. ગ્રામસેવાનું કોઈ કામ આગોતરા આયોજનથી ઉપાડ્યું પણ નહોતું. શિક્ષક એટલે મૂળે ન્યાય અને મૂલ્યોની સાચવણી સાથે માનવઘડતરનો સહજ સ્વભાવ. તેથી, જે તે સંસ્થામાંથી જ્યારે, જ્યાં, જે કાર્યમાં, જે જરૂરિયાત ઊભી થઈ તેમાં, જ્યારે જે સૂઝ્યું કે જ્યારે જે યોગ્ય કરવાની જરૂરિયાત જણાઈ તે કરતા ગયા. ગ્રામસેવાનું કામ સહેલું તો નહોતું જ પરંતુ સત્ય, અહિંસા, શ્રમ, સ્વાશ્રય, સાદગી જેવાં મૂલ્યો ગાંઠે બાંધેલાં હોવાથી ભોગાવા ગામ પાસે ટ્રેન પર થયેલ ધાડપાડુઓની ધાડ વખતે, ભાલ વિસ્તારના દુષ્કાળ વખતે, કર્ણાટકની નદી તુંગભદ્રામાં ફેલાતાં પ્રદૂષણ સામેની લડત વખતે કે ત્રિપુરામાં આવતા બાંગ્લાદેશી શરણાર્થીઓના વ્યવસ્થાપન જેવાં અનેક પ્રસંગોએ ઝડપી અને યોગ્ય નિર્ણયો લીધા. અયોગ્ય કાર્યપદ્ધતિનો વિરોધ કર્યો. મૂલ્યોને કારણે વહોરેલી આપત્તિનો હિંમતથી સામનો કર્યો. આમ, જાતે જીવીને સાથીઓ અને વિદ્યાર્થીઓને, નીડરતા અને હિંમત દાખવી સચ્ચાઈને જ પક્ષે રહેવાનું ઉદાહરણ જ્યોતિભાઈ પૂરું પાડતાં રહ્યાં.

આ ઉપરાંત, ઝેરનું મારણ ઝેરનાં નાતે, કશે કોઈ હથિયારનો ઉપયોગ કર્યા વગર જ, વાટાઘાટો કે જનસમુદાયનો સાથ લઈ જનસામાન્યને પડતી તકલીફો માટે પ્રશાસનને એવી જ તકલીફોનો અહેસાસ કરાવીને ઇચ્છિત ઈલાજ માટે અહિંસક લડત આપી. આ ઉપરાંત, ગુજરાતમાં નર્મદા બચાવો આંદોલનમાં જ્યોતિભાઈએ સક્રિય ભાગ ભજવેલો. અને એ વખતે પાંચ વખત જેલમાં પણ ગયેલાં!

શિક્ષણ એટલે પુસ્તકમાં લખાયેલ વાંચવું, ગોખવું અને ઓકવું એમ નહીં, ખરું શિક્ષણ તો અનુભવોથી મળે. લોકભારતી સણોસરા હોય કે ગાંધી વિદ્યાપીઠ વેડછી, આ સંસ્થાઓમાં જીવનલક્ષી શિક્ષણ અપાતું. વિવિધ પ્રયોગો થતા. પ્રત્યક્ષ કાર્ય અને અનુભવ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર થતું. જીવન ઉપયોગી તમામ કાર્યો જાતે કરવાનાં રહેતાં. તેથી, કોઈ કામનો છોછ ન રહેતો. વેડછીમાં તો શાળા, કોલેજનું સંચાલન પણ વિદ્યાર્થીઓ જ મળીને કરતાં. તેથી

દરેક વિદ્યાર્થીની આયોજનશક્તિનો વિકાસ થતો અને વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ પણ વધતો. વિદ્યાર્થીઓને આવું જીવનલક્ષી શિક્ષણ આપનારાં શિક્ષકોમાં જયોતિભાઈ ખરાં પ્રયોગવીર.

ભાર વગરનું ભણતર, પ્રત્યક્ષ શિક્ષણ વિગેરે શબ્દો આજે સંભળાય છે ખરાં. પરંતુ, બહુ જ ઓછી સંસ્થાઓમાં આ પ્રકારનું શિક્ષણ અપાતું દેખાય છે. અથવા તો આજે આ શબ્દો વિશેની સમજ બદલાઈ છે. એટલે, જે કંઈ થાય છે તે જીવનચાલક બને છે પણ, જીવનલક્ષી જણાતું નથી. જે સમયે નઈ તાલીમ વિષયક પ્રયોગો થઈ રહ્યાં હતાં એ સમયે એ પ્રયોગોના સાક્ષી અને વિશેષ કરીને પ્રયોગકર્તા રહ્યાં છે. વિદ્યાર્થીને શું અને કઈ રીતે આપવું તે બહુ સારી રીતે જાણતા હતા. 'શીખવાની પ્રક્રિયા આનંદદાયક હોય' એ વિચારને જયોતિભાઈ અમલમાં મૂકીને વિદ્યાર્થી પાસેથી જોઈતું કાર્ય કરાવતા.

વિદ્યાર્થીઓ સમજે, વિચારે, પૂછે, ચર્ચા કરે અને એ દ્વારા જે કંઈ શીખે તે પ્રક્રિયા એટલે જ કેળવણી. આવી કેળવણીના હિમાયતી તો ખરા જ. અને દ્રઢપણે માનતાં હતાં કે, વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓ ખીલવી જોઈએ. વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછતા થાય, એ પ્રશ્નો અંગે જાતે વિચારતા થાય, પરસ્પર ચર્ચા કરે અને જાતે જ જે સમજાય એ પરથી ઉકેલ શોધે. શિક્ષક કહે તે જ કરવું એમ નહીં, વિદ્યાર્થીને પોતાને જેમાં રસ પડે તે કરે, જે ગમતું હોય તે જાતે શીખે. એવી શિક્ષણપદ્ધતિ જ યોગ્ય ગણાય. વર્ગખંડમાં કેળવણીની આવી વિવિધ પ્રક્રિયાઓનો અમલ કરતા. જો કે, જેમ ધર્મ, સંસ્કાર, સંસ્કૃતિ કે મૂલ્યોને આદર્શરૂપે સ્વીકારાય છે. પરંતુ, એનો અમલ કરવામાં આંખ આડા કાન થાય છે. તે જ રીતે, કેળવણીની આ યોગ્ય પ્રક્રિયાના જયોતિભાઈના સાહસ કે પ્રયોગનો પણ ક્યાંક, ક્યારેક વિરોધ થતો.

જયોતિભાઈના હૈયે વિદ્યાર્થીઓનું હિત મોખરે રહેતું. તેથી એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને પ્રેમ આપતા તો સાથે સાથે ચોકસાઈનો આગ્રહ પણ રાખતા. વિદ્યાર્થીઓ કે સ્વયંસેવકોને આતિથ્યભાવની સાથે સાથે નિયમિતતા, સજાગતા/સતર્કતા અને ચોક્કસાઈના પાઠ શીખવા મળતા. જે તે સમયે એ વિદ્યાર્થીઓ કે બહારથી આવેલા શિબિરાર્થી સ્વયંસેવકોને જયોતિભાઈ કઠોર લાગતા પણ તેમની પાસેથી શીખવા મળેલ ગુણો જ્યારે જીવનમાં ઉપયોગી સાબિત થયા, એ કારણે તેઓને આજે પણ બહુ માનપૂર્વક યાદ કરે છે.

જયોતિભાઈએ શિક્ષણ વિષયક પ્રયોગો કર્યા. એ વિષયક ઘણું વાંચ્યું, ૭ પુસ્તકો અને અનેક સામાયિકોમાં અનેક લેખોમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી એમ ત્રિવિધ ભાષાઓમાં ઘણું લખ્યું. શિક્ષણનાં જ વિવિધ વિષયો પર પ્રવચનો આપીને ઘણું સમજાવ્યું પણ ખરું. આ ઉપરાંત, વાચનના શોખીન નવલકથા, પર્યાવરણ, રાજનીતિ કે ઈતિહાસનાં પુસ્તકો આજે પણ વાંચતાં રહે છે. એ દ્વારા, 'શિક્ષક સતત અભ્યાસુ હોવો જોઈએ' એ ઉક્તિને સાર્થક કરતા રહે છે.

સદીને આરે પહોંચેલા જયોતિભાઈની કોઈ એક જ બાબત વિશે વાત કરવી હોય તો હું એમની હકારાત્મકતાને પસંદ કરું. સામાન્ય રીતે, 'અમારાં જમાનામાં' એમ કહીને વાતની શરુઆત કરતાં વડીલો પાસેથી બાળકો અને યુવાનો છટકવાનો રસ્તો જ શોધતાં હોય. પરંતુ, આ મસ્તીખોર જયોતિદાદાને મળવાં તો આબાલવૃદ્ધ સહુ કોઈ ઈચ્છે. કારણ? કારણ એ જ કે, એમને આજનાં સમય, આજની ટેકનૉલૉજી કે આજના યુવાનો માટે કોઈ ફરિયાદ નથી. બલ્કે, આજની ટેકનૉલૉજીનો ઉપયોગ તેઓ કરે છે. તેમજ આજનાં યુવાનોમાં રહેલી ભરપૂર શક્તિનું તેઓ સન્માન કરે છે. આજે પણ જયોતિભાઈને મળનાર સહુ કોઈને એમનાં પારદર્શક પારસમણિ વ્યક્તિત્વનો સ્પર્શ થયા વગર રહેતો નથી.

## ૦૪ વિકાસના વેગવાન પ્રવાહની વચ્ચે ઘસારો અને નવસર્જનની પ્રક્રિયા

**માવજી મહેશ્વરી**

---

કચ્છના એકવીસમી સદીના પ્રથમ પચીસ વર્ષની વાત માંડતાં જ એક મોટી ભયાવહ ઘટના વચ્ચે આવીને ઊભી રહે છે. તે છે ભૂકંપ. યોગાનુયોગે કચ્છમાં છેલ્લો ભૂકંપ એકવીસમી સદીની શરુઆતમાં જ આવ્યો. અનેક જાતની ખુવારી સર્જી નાખનાર ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છનો ચહેરો ધરમૂળથી બદલાઈ ગયો છે. એટલે છેલ્લાં પંદર વર્ષમાં કચ્છમાં આવેલા તમામ બદલાવ આપોઆપ ભૂકંપ સાથે જોડાઈ જાય છે. આ સ્થિતિમાં વિનાશક ભૂકંપને અભિશાપ ગણવો કે આશીર્વાદ એ ચર્ચાનો વિષય બની રહે છે. એનાં અનેક કારણો પણ છે.

પહેલું કારણ ભૂકંપને કારણે કચ્છ વિશ્વના નકશા પર ચમક્યું. દેશ અને દુનિયાની સંવેદના અને અભ્યાસ દૃષ્ટિ કચ્છ તરફ વળી. ભૂકંપ પછી જ કચ્છમાં ઔદ્યોગીકરણ વિકસ્યું. ઔદ્યોગીકરણને કારણે જમીનોની કિંમતો વધી પરિણામે અકલ્પનીય આર્થિક પલટો આવ્યો. કચ્છના મુખ્ય શહેરોના નકશા બદલી ગયા. સમગ્ર કચ્છમાં માર્ગ અને પરિવહનનો વ્યાપ વધ્યો. માળખાકીય સુવિધાઓ છેક ગામડાંઓ સુધી વિસ્તરી. શ્રમજીવી વર્ગો વેપાર તરફ વળ્યા. પરંપરાગત વ્યવસાયોને છોડી લોકોએ નવા વ્યવસાયો અપનાવ્યા. સમગ્ર જિલ્લામાં ઈન્ટરનેટનું જાળું પથરાઈ ગયું. જેના પરિણામે સંચાર વ્યવસ્થાના અનેક આડલાભ મળ્યા. જિલ્લાભરમાં નવાં અને આધુનિક શૈક્ષણિક સંકુલો ઊભાં થયાં. કચ્છ યુનિવર્સિટીની રચના થઈ તેથી ઉચ્ચશિક્ષણની સુવિધા પ્રાપ્ત થઈ. ગુજરાત સરકારની જ્યોતિગ્રામ યોજના થકી ચોવીસે કલાક વીજળી મળવાથી ગ્રામ્યવિસ્તારોમાં ચેતના આવી.

આ બધું ભૂકંપ પછી થયું છે. ત્યારે સહજપણે લાગે કે કચ્છમાં વીસમી સદીના સો વર્ષમાં જે ન શઈ શક્યું, તે ફક્ત છેલ્લાં પંદર વર્ષમાં થયું છે. આને આપણે પ્રાથમિક રીતે વિકાસ જ કહીશું. આ વિકાસના બે પાસાં છે. એક તરફ વેગવાન પ્રગતિ છે તો બીજી તરફ અનોખી તાસીર ધરાવતા આ પ્રદેશના મૂલ્યનિષ્ઠ જીવનને લાગી ચૂકેલો ઘસારો પણ છે. અહીં આ લેખના વિષય તરીકે પંદર વર્ષમાં શું થયું અને અને હજુ કેટલી શક્યતાઓ છે તેનું આછેરું ચિત્ર મૂકવાનો પ્રયાસ છે. લેખને પત્રકારત્વની પરિપાટીથી દૂર રાખ્યો હોવાથી આંકડાકીય જળોજથાને અવકાશ નથી આપ્યો. પરંતુ એક લેખકની દૃષ્ટિએ પંદર વર્ષમાં બદલાતી માનસિકતાની સાથે સાથે બાહ્ય ફેરફારોની નોંધ લીધી છે.

### બદલાવનાં મુખ્ય કારણો

કોઈ પ્રદેશના પરંપરાગત જીવનમાં અચાનક આંતર –બાહ્ય બદલાવ લાવનારા ત્રણ પરિબળો હોય છે. તકનીકી પરિબળ (Technology) આર્થિક પરિબળ (Economy) અને શૈક્ષણિક પરિબળ (Education) આ ત્રણેય પરિબળો એકમેક સાથે જોડાયેલાં છે. જોકે આ ત્રણ પરિબળોમાં શૈક્ષણિક પરિબળની અસર પ્રચ્છન્ન હોય છે. સૌથી પ્રભાવક પરિબળ હોય તો તે છે આર્થિક પાસું. કચ્છમાં આવેલાં ફેરફારોની પાછળ સ્પષ્ટરૂપે આર્થિક પરિબળ જવાબદાર છે. કારણ કે જ્યારે આર્થિક સ્તર ઊંચું જાય છે ત્યારે ટૅક્નૉલૉજીનો આપોઆપ પ્રવેશ થાય છે. ઊંચું આવેલું આર્થિક સ્તર અનેક ઈચ્છાઓને જન્મ આપે છે. તેમાની એક ઈચ્છા હોય છે સ્વનો વિકાસ કરવાની. સ્વનો વિકાસ શિક્ષણ થકી થાય છે આ વાત ત્યારે વધુ સારી રીતે સમજાય છે જ્યારે વ્યક્તિ કે સમુદાય આર્થિક રીતે સધ્ધર

બને છે. કચ્છમાં શિક્ષણનો વ્યાપ વધવાનું કારણ સમૃધ્ધિ મેળવ્યા પછી પોતાની જાતનો વિકાસ કરવાનું સામુહિક ચિંતન છે. તો સૌ પહેલાં વાત કચ્છના શિક્ષણની.

**શિક્ષણ - અનેક ઉપલબ્ધિઓ છતાંય ચિત્ર ધૂંધળું**

કચ્છમાં ૨૦૦૧ પહેલાં મોટાભાગની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સરકારી હતી. જે આજે પણ ચાલે છે. એની સંખ્યામાં વધારો થયો છે. જિલ્લામાં જૂજ ખાનગી શાળાઓ હતી. જે મોટાભાગે શહેરી વિસ્તારોમાં ચાલતી હતી. છેલાં પંદર વર્ષમાં ખાનગી શાળાઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે. સ્થિતિ એ છે કે સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સંખ્યા ઘટવા લાગી છે, જ્યારે ખાનગી શાળાઓને સંખ્યાનો કોઈ પ્રશ્ન સતાવતો નથી. વળી શહેરી વિસ્તારની સરકારી પ્રાથમિક શાળાઓ મોટાભાગે એવા વર્ગના વિદ્યાર્થીઓ દાખલ થાય છે જેમની આર્થિક સ્થિતિ નબળી છે. એક અર્થમાં સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓ વચ્ચે આર્થિક અસમાનતાનો વર્ગભેદ ઊભો થતો દેખાઈ રહ્યો છે. આ સ્થિતિ આવનારા સમયમાં વધુ જોખમી બનવા તરફ જઈ શકે છે. છેલ્લાં પંદર વર્ષમાં સરકારી શાળાઓની ભૌતિક સ્થિતિ અત્યંત સમૃધ્ધ બની છે. વધુ ભણેલા અને તાલીમબધ્ધ શિક્ષકો પ્રાપ્ત થયા છે તેમ છતાં ખાનગી શાળાની સરખામણીમાં સરકારી શાળાના શિક્ષણની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ ઊભો છે. આ સ્થિતિનું કારણ વાસ્તવમાં શિક્ષણપ્રણાલીમાં નથી પરંતુ બદલાયેલી આર્થિક સ્થિતિને કારણે સમાજમાં આવેલો માનસિક સામાજિક બદલાવ જવાબદાર છે. જે વિસ્તૃત ચર્ચાનો વિષય છે.

**કચ્છને બે શૈક્ષણિક જિલ્લામાં વહેંચી નાખવાની જરૂર છે :**

કચ્છનો વિસ્તાર એટલો મોટો છે કે એક જગ્યાએ બેસી વહીવટ કરવો કોઈ અધિકારીથી શક્ય નથી. વળી ભુજથી દૂર દૂર આવેલા વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓને વહીવટી કામ માટે ભુજ આવવું મુશ્કેલ તેમજ ખર્ચાળ બની રહે છે. માધ્યમિક શિક્ષણની જ્યારે બોર્ડની પરીક્ષાઓ લેવાય છે ત્યારે આ સ્થિતિ સમજમાં આવે છે. જેમ કચ્છમાં પોલીસના બે જિલ્લા બન્યા તે રીતે કચ્છના બે શૈક્ષણિક જિલ્લા બનાવવાની તાતી જરુર છે. તો જ મોનીટરીંગ અને ગુણવતાનો પ્રશ્ન ઉકેલાશે.

ઉચ્ચ શિક્ષણની ચર્ચા કરીએ તો ૨૦૦૦ની સાલ પહેલાં ભૂજ, ગાંધીધામ માંડવી અને આદીપુરમાંજ વિવિધ કૉલેજ હતી. ૨૦૧૬માં આ લખાય ત્યારે છેક દયાપરમાં સરકારે કૉલેજ આરંભ કરવાનો વ્યાયામ આરંભી દીધો છે. આવનારાં વર્ષોમાં અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને નજીકમાં જ ઉચ્ચ શિક્ષણનો ભરપૂર લાભ મળવાનો છે. ૨૦૦૩થી કચ્છમાં સ્વતંત્ર યુનિવર્સિટીની સ્થાપના થઈ. પરિણામે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ અને સંશોધન ક્ષેત્રને મોટો ફાયદો થયો છે. કચ્છને યુનિવર્સિટી મળવાને કારણે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને અમદાવાદ પરીક્ષા આપવા જવાની હાડમારીમાંથી મુક્તિ મળી છે. કચ્છમાં સ્થાનિક ઈજનેરી અને દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરવાની તકો પણ છેલ્લાં પંદર વર્ષમાં મળી છે. જોકે એડમીશનની સીસ્ટમ પ્રમાણે કચ્છના વિદ્યાર્થીઓને કેટલો લાભ મળ્યો એ સંશોધનનો વિષય છે.

**કચ્છ યુનિવર્સિટીઃ**

કચ્છને સ્વતંત્ર યુનિવર્સિટી મળી તે એક મોટી ઉપલબ્ધિ છે. જ્યારે કોઈ પ્રદેશ વિશેષમાં યુનિવર્સિટીની રચના થાય છે ત્યારે એની પાસે વિપુલ તકો હોય છે. પીએચ.ડી. કરનારા મોટાભાગના વિદ્યાર્થીઓ ભાષાક્ષેત્રના છે. થોડા વર્ષ પહેલા કચ્છીચેરની રચના થઈ હતી. કચ્છ યુનિવર્સિટી ધારે તો ભાષા, ઈતિહાસ, ભૂગોળ અને

લોકજીવનના કચ્છ વિષયક અનેક સંશોધન કરાવી શકે.

**કન્યા કેળવણી :**

એકવીસમી સદીના દોઢ દાયકામાં કચ્છમાં સ્ત્રી-શિક્ષણમાં નોંધપાત્ર વધારો અને સુધારો થયો છે. એના બે મુખ્ય કારણો છે. એક તો ગુજરાત સરકારે તમામ ગામોમાં પ્રાથમિક શાળા અને પાંચ કિલોમીટરની અંદર હાઈસ્કૂલનું નિર્માણ કર્યું છે. જેણે કન્યાઓને સ્થાનિક અથવા નજીકમાં શિક્ષણ મેળવવાની તક પૂરી પાડી. બીજું કચ્છના ગામડાંઓ પાકી સડકોથી જોડાઈ ગયાં છે. પરિણામે વાહનવ્યવહારની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. વળી ૨૦૦૩થી ગુજરાત સરકારે કન્યા કેળવણીની ઝુંબેશ ઉપાડી. ખાસ કન્યા કેળવણીનિધિ શરૂ થયો. વિવિધ અભિયાનો આરંભ થયા જેને કારણે કન્યા કેળવણીનો આંક ઊંચો ચડ્યો. ખાસ કરીને મધ્ય કચ્છ અને પૂર્વ કચ્છમાં વિવિધ જ્ઞાતિઓનાં કન્યા છાત્રાલયો અને નિવાસી શાળાઓ શરૂ થઈ જેના પરિણામે જે જ્ઞાતિઓમાં સ્ત્રીશિક્ષણનું પ્રમાણ ઓછું હતું તેવી જ્ઞાતિઓમાં કન્યા કેળવણીનું પ્રમાણ અસાધારણ વધ્યું છે. છેલ્લાં દસ વર્ષમાં સરકારી નોકરીઓ મેળવનાર છોકરીઓની સંખ્યા ખાસ્સી એવી છે. વળી કચ્છનું આર્થિક પાસું સબળ બન્યું બનતાં સામાજિક સંબંધોમાં શિક્ષણની નોંધ લેવાતી થઈ છે. આ કારણે પણ વાલીઓ પોતાની દીકરીઓને શિક્ષણ આપવાનું મહત્ત્વ સમજ્યા છે. આવનારા દસ વર્ષમાં કચ્છમાં સ્ત્રીશિક્ષણનું પ્રમાણ ઘણું ઊંચું જવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

સરેરાશ છેલ્લાં પંદર વર્ષમાં શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ આવી છે. શાળાઓ ઊભી થઈ છે. ઉચ્ચશિક્ષણની સવલતો વધી છે. સાથે શિક્ષિત બેકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. મોંઘી ફી ખર્ચીને, લોન લઈને ઈજનેર બનવાનું સપનું જોનારા યુવાનો પાસે ડિગ્રીઓ તો આવી ગઈ છે, પરંતુ સ્થાનિકે રોજગારીની તકો ઓછી હોવાથી ન છુટકે જિલ્લા બહાર જવું પડે છે અથવા સ્થાનિકે ઓછા પગારની નોકરી કરવી પડે છે. આવનારા વર્ષોમાં શિક્ષિત બેકારોની સંખ્યામાં વધારો થઈ શકે છે.

**સ્ત્રીઓની સહભાગીતા અને સ્વાયત્તતા**

છેલ્લા બે દાયકાથી શિક્ષણમાં Gender શબ્દ વપરાતો થયો છે. તેનો સાદો અર્થ જાતિ એવો થયો છે. ભારતીય સંવિધાને સ્ત્રી પુરુષને સમાન હક આપ્યા છે. તેમ છતાં સ્ત્રીઓનો વિકાસ પુરુષની સરખામણીમાં ઓછો થયો. આથી સ્ત્રીના વિકાસ માટે વિશેષ કાર્યક્રમો આવ્યા. અહીં બે બાબતો પરત્વે જાણવાનું રહે છે કે સ્ત્રીને નિર્ણય લેવા માટેના અધિકારો તો મળ્યા છે પણ તેની સ્વતંત્રતા મળે છે ખરી ? એ સ્વતંત્રતા કાયદાપ્રેરિત છે કે સામાજિક બદલાવથી આવી છે? આ દિશામાં કચ્છ જિલ્લો હકારાત્મક દિશામાં જઈ રહ્યો છે. શિક્ષણ, ટેક્નોલોજીનો વિકાસ, તથા સ્ત્રીઓ માટે જાહેર કરાયેલ રાજકીય અનામતને કારણે સ્ત્રીઓની રચનાત્મક શક્તિ અને વૈચારિક અભિગમને મેદાન મળ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. કચ્છમાં શહેરી તેમજ ગ્રામીણ કક્ષાએ સ્ત્રીઓની જાગૃતિ દેખાઈ આવે છે. જાહેર કાર્યક્રમો, રાજકીય અને સામાજિક રેલીઓ, સભાઓ વગેરેમાં જોવા મળતી સ્ત્રીઓની નોંધપાત્ર સંખ્યા મહિલા જાગૃતિ બતાવે છે. સ્ત્રીઓમાંથી લઘુતાગ્રંથિ દૂર થઈ રહી છે અને પુરુષ વર્ગ મહિલાશક્તિ અને નેતૃત્વને સ્વીકારવા માંડ્યું છે. કચ્છમાં આવેલા આર્થિક પલટા પછી મહિલા મિલકતધારકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૦૦ની સાલની સરખામણીમાં મકાન, દુકાન તેમજ જમીન ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ખૂબ જ વધી છે. સ્ત્રીઓ પોતાના મિલકતહક બાબતે સજાગ પણ બની છે.

ક્રમશઃ

મો.૯૦૫૪૦૧૨૯૫૭

## ૦૫ શ્રમિક પરિવારની વિદ્યાસાધના

**ડૉ. દિનુ ચુડાસમા**

---

લક્ષ્મીનું તેજ અને વિદ્યાનું ઓજસ અનેરું હોય છે. ક્યારેક બંને એક સાથે એક ઘરમાં નિવાસ કરે ત્યારે ત્યાં પ્રેમની સૌરભ પ્રસરે, સુખનો સૂરજ ઊગે. એવું બને કે મા શારદાની હાજરી હોય અને આર્થિક ભીડમાં જીવવાનું બને ત્યારે ધીરજથી જીવી લેવું. સંકલ્પથી અડગ બનવું પડે છે. આ લખ્યું એવું થઈ શકે ? જવાબ છે 'હા' થઈ શકે છે. આગળ વાંચો મિત્રો, એક પરિવારની વિદ્યાસાધના અને તપનું પરિણામ કહું છુંઃ

નામ ઘેલાભાઈ ભાલિયા, જીવનસાથી વર્ષાબહેન સાથે જેસર ગામમાં રહે, હવે જેસર તાલુકો થયો છે. બંને ઘર ચલાવવા મજૂરી કરે - પરસેવો પાડી પેટિયું રળે. ઘરનું મકાન ન હોવાથી ભાડાના મકાનમાં રહે છે. પણ મકાનને 'ઘર'માં રૂપાંતરિત કરવાનો ભાવ જીવે. એમને ત્રણ સંતાનો -બે પુત્રો ભવદીપ અને રાજદીપ, એક દીકરી ભૂમિકા. પતિપત્નીએ સંતાનોને ભણાવવાનું પ્રણ લીધું. સમણું જોયું બાળકોને ખૂબ ભણાવી પ્રગતિશીલ કરી માનવીય બનાવવા. મજૂરી કરીને પણ બાળકોને સારું શિક્ષણ આપવું. એમાં પાછી પાની કરવી નહિ. ત્રણે સંતાનોને જેસરની સરકારી પ્રાથમિક શાળામાં જ શિક્ષણ લીધું. ઘરનું વાતાવરણ સકારાત્મક, આર્થિક ભીડ ખરી પણ પ્રેમ, સંપ, સહકાર, સંતોષ, પુરુષાર્થ ઘરમાં જ જીવાતો હોવાથી આનંદ ઓછો ન થયો.

સાંઈ કવિ મકરંદ દવેની પંક્તિઃ 'પેટિયું રળતા પાતળી રાબે, હેય છલોછલ મન રંગાયું ' બસ મહેનત મહેનત અને મહેનત. વિદ્યા-વિદ્યા અને વિદ્યા. આર્થિક અધુરપની ફરિયાદ નહિ કરવાની. સમય પસાર થતો ગયો...એમ ત્રણે સંતાનો આગળ ભણતા ગયા. સારું પરિણામ આવતું ગયું. મોટો પુત્ર ભવદીપ Bsc. પૂરું કરી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. બીજો પુત્ર રાજદીપ ધોરણ ૧૨માં B ગૃપ રાખી વર્ષ-૨૦૧૮માં પાસ થયો, પછી તબીબી શાખામાં જવા માટે ખૂબ તૈયારી સાથે NEETની પરીક્ષા આપી. પરિણામ આવ્યું ત્યારે મેરીટ પ્રમાણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટેગરીમાં સરકારી મેડિકલ કૉલેજ ભાવનગર ખાતે તબીબશાખામાં પ્રવેશ મળે છે. રાજદીપે અખંડ વિદ્યાતપથી MBBS સફળતાપૂર્વક પાસ કરી લીધું છે. અને ભાવનગર મેડિકલ કૉલેજમાં ઈન્ટરશીપ કરી રહ્યો છે. તબીબીક્ષેત્રની પદવીએ એમનામાં અધિક ધીરજ અને ગૌરવ આપ્યાં હોય તેમ કળાય છે. ખૂબ વિવેકપૂર્વક આપણી સાથે વાત કરે, સમજણપૂર્વક જવાબ આપે એટલે આપણે એમ પણ લાગે કે એક ડૉકટર સાથે માણસ પણ ઊગતો જાય છે. ભવિષ્યમાં સફળ ડૉકટર અને સારો માણસ સમાજમાં આખેઆખો ભળશે. થોડોક તો થોડોક રંગ બદલાશે એની જરૂર આજે સમાજને ખાસ છે.

ઘેલાભાઈ ભાલિયાની દીકરી ભૂમિકાએ વર્ષ-૨૦૧૯માં ધોરણ ૧૨માં B ગૃપ રાખી પરીક્ષા પાસ કરી. પછી મેડિકલમાં જવા માટે પૂર્વ તૈયારી સાથે NEETની પરીક્ષા આપી આવી. પરિણામ ખૂબ સારું આવ્યું. મેરીટ પ્રમાણે ભૂમિકાને અમદાવાદની નરેન્દ્ર મોદી મેડિકલ કૉલેજમાં પેમેન્ટ સીટમાં પ્રવેશ મળી ગયો. પુત્રી ભૂમિકાને MBBSમાં પ્રવેશ તો મળી ગયો પણ એમની ફી માટે શ્રમિક પરિવાર પાસે રોકડ રકમ નથી હોતી. ત્રણ સંતાનોને મહેનત-મજૂરી કરી ભણાવવા ઉપરાંત તાવડી તેર વાના માંગે એ પૂરું પાડતા, સામાજિક પ્રસંગો સાચવતા વધે શું ? તેમ છતાં ઘેલાભાઈનો પરિવાર હિંમત હારતો નથી. જે કાંઈ સરકારી સ્કોલરશીપ મળે તે અને જે કાંઈ ઘટ્યું એમાં માતા વર્ષાબહેને પોતાના સોનાના ઘરેણાં વેંચી દીધાં, જે રૂપિયા મળ્યાં તેમાં એક વર્ષની ફી નીકળી ગઈ. ઘરમાં કમાનાર પુરુષ એક

ક્યારેક વર્ષાબહેન પણ દાડીએ જઈ પતિને મદદરૂપ થાય. ભાડાનું ઘર અને સંતાનોના શૈક્ષણિક ખર્ચા, કેમ બધું પાર પાડવું ? આમ લખીએ એટલું સહેલું નથી ભાઈ, પણ એક વિચારમાં નિમગ્ન માણસ ધૂનપૂર્વક વળગી રહે તો કાયનાત પણ સાથ આપે છે. શ્રદ્ધાપૂર્વક શ્રમને વફાદાર રહેવું, કાર્યમાં ઓગળી જવું પડે. ઘેલાભાઈએ બસ એમ જ કર્યા કર્યું.

એમાં ઘેલાભાઈને મેડિકલમાં ભણતા સંતાનોને આગળ ભણવામાં મદદ માટે પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયા (બાપુજી) 'મા ફાઉન્ડેશન-વાપી'નો સહયોગ સહજ પ્રાપ્ત થયો. ગુજરાતમાં વાપી સ્થિત -'મા ફાઉન્ડેશન'ની સામાજિક ક્ષેત્રે કલ્યાણની ભાવના ઉમદા છે. કશે જ દાંડી વગાડયા વિના સમાજના ઉત્કર્ષ માટે,માનવકલ્યાણ નિમિત્તે નિમિત્ત બનવાનું એમના ભાગે પરવરદીગારે લખ્યું છે.કપરાડાના આદિવાસી વિસ્તરોમાં શિક્ષણની જ્યોતનો પ્રસાર કરી અંધારા ઉલેચવામાં 'મા -ફાઉન્ડેશન'ની ટીમ કાર્યરત છે. તળેટીથી શિખરે બિરાજતા ગફુરભાઈ માનવતાની અખિલાઈને જીવે છે. એના કાંઈ સમારોહ ના હોય બસ એ હોય છે. બાપુજી માણે છે, જીવે છે માનવમહેત્સવ.

એક જગ્યાએ અખંડ ધૂણી ધખાવી-લગાવી બીજાને પ્રગતિમાં લાવી દે તેવા ગફુરભાઈનું નામ પણ ઘેલાભાઈ અને વર્ષાબહેનની આંખમાં આંસુ લાવી દે છે. બાપુજીના પ્રતાપે અને કુદરતકૃપાએ અમારા બાળકો સરસ ભણી રહ્યાં છે. આ ગુણગ્રાહીતા બંનેને માણસાઈની દીક્ષા મળી છે એની આપણને અનુભૂતિ કરાવે છે. ગફુરભાઈ અને એમના કાર્યો વિશે વધારે લખવું નહિ, બોલવું નહીં. સ્વયં બાપુજી કહે છેઃ 'કામને જ બોલવા દેવું' એટલે અટકું છું.

રાજદીપ ડૉકટર બની ગયો છે. ભૂમિકા એક વર્ષમાં ડૉકટર બની જશે. આજે જ્યારે તબીબ શાખામાં પ્રવેશ માટે ડોનેશન સીટ પર લાખો-કરોડો રૂપિયા અપાતા હોય ત્યારે મેડિકલ પ્રવેશની પરીક્ષામાં મેરીટ પ્રમાણે પ્રવેશ મેળવવો વિદ્યાર્થીની સફળતા છે. રાજદીપ અને ભૂમિકાએ MBBSમાં પ્રવેશ મેળવી અનેક અગવડ વચ્ચે ભણી આગળ વધ્યા છે. રાજદીપ અને બહેન ભૂમિકાને અભિનંદન. તો ઘેલાભાઈ અને વર્ષાબહેન જેવા દંપતીને નતમસ્તક થવું પડે, ધીરજથી સમયની તાસીર પ્રમાણે-જીવે અને સંતાનોની સફળતામાં જાત હોમી દે. આવાં જાગૃત માબાપ હોય તો સમાજમાં દરેક ઘરે પ્રતિભાશાળી સંતાનો પનપે. સલામ આ યુગલને.

સમાજને કશું જ કહ્યા વિના, જાહેરાત વગર ખબર પડી જાય છે કે અહીં આ ઘરમાં વિદ્યાનું ફળ પાકયું છે. વિદ્યાફૂલ ખીલ્યું છે. એની સુગંધ વ્યાપક સમાજને મળશે..કારણ કે વિનોબા ભાવેએ કહ્યું છે તે ખરું સાબિત થાય છેઃ 'શિક્ષણના મૂળ કડવાં છે,પરંતુ એના ફળ મીઠાં છે.'

(લોકભારતી, મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**વિવેક**

દાર્શનિક ગોવિંદ રાનડે પોતાના ઘરના આગણામાં બેસી એક ગ્રંથનું ભાવન કરી રહ્યા હતા એ સમયે તેમના પત્નીએ આવી કેરીઓ ત્યાં રાખી.

રાનડેએ એક કેરી ખાધી અને કહ્યું કે ' અદ્‌ભુત, કેરી સ્વાદિષ્ટ છે.'

અને ફરી ગ્રંથમાં ડૂબી ગયા.એટલે એમના પત્નીએ કહ્યુંઃ

'કેરીઓ મીઠી છે. સ્વાદિષ્ટ છે તો બીજી લ્યોને ? '

ત્યારે રાનડેએ ગ્રંથમાં જ રત રહેતા કહ્યુંઃ

'કેરી ખૂબ મધુર હોય એનો મતલબ એ નથી કે કેરી પાછળ હું મારી જીભને ગાંડી બનાવી દઉં ! જે માણસ સ્વાદનો ગુલામ બની જાય તે એક પછી એક ઈન્દ્રિય પરનો કાબૂ ગુમાવી અધઃપતનને નોતરે છે.'

## ૦૬ નાલંદાની નર્મ બાહોમાં બેનમૂન ગ્રંથોનું અગ્નિસ્નાન

**પારસકુમાર**

વિશ્વવિદ્યાપીઠ નાલંદામાં બખ્તિયાર ખિલજીએ જ્ઞાનના ભંડારને સળગાવવા આગ લગાવી ત્યારે જમાનો જોઈને બેઠેલાં કેટલાક મૂલ્યવાન ગ્રંથો પોતાની મેળે જ આગમાં કૂદવા લાગ્યા.એક તાજા જ જન્મેલાં ગ્રંથને જબરો આઘાત લાગ્યો. છેવટે એક વયોવૃદ્ધ ગ્રંથે આખી ઘટનાનો ફોડ પાડતા એટલું જ કહ્યું, 'વત્સ! આપણે ગ્રંથ છીએ, લઘુતાગ્રંથિથી પીડાતા માણસ નથી, માણસ વટલાઈ શકે, ગ્રંથ નહીં. આપણને આગમાં હોમાઈ જવું મંજૂર છે પણ કોઈ વિધર્મીના નામે ચડીને વટલાઈ જવું મંજૂર નથી.' આટલું સાંભળ્યા પછી તે તાજા જ જન્મેલા નવાસવા ગ્રંથને અગનજ્વાળામાં જોહર કરતા ઝાઝી વાર ન લાગી.

ખિલજી માણસને વટલાવી શકે પણ માણસને માણસ બનાવનારા કોઈ ગ્રંથને ક્યારેય વટલાવી શકે નહીં. વટલાવું એટલે વટાઈ જવું. અજ્ઞાનને વટાવી શકાય, જ્ઞાનને નહીં, જ્ઞાની માણસ વેતરાઈ શકે,વટલાઈ ન શકે. ખિલજી ખુદ અફઘાનિસ્તાનની બજારમાં ગુલામ તરીકે વેંચાઈને હિન્દુસ્તાનની બજારમાં આવ્યો હતો. પવિત્ર ગ્રંથોને ગુલામ વ્યક્તિની ગુલામી વેઠવી ગમે ખરી? ખિલજી એટલે અજ્ઞાનતાની ખાલમાં પૂરાયેલો લજ્જાવિહીન જીવ. જે બેનમૂન ગ્રંથોને સળગાવી શકે પણ પોતાની લઘુતાગ્રંથિને લગીરે સળગાવી ન શકે તેનું નામ જ ખિલજી.

બખ્તિયાર ખિલજીએ પોતાના જીવનમાં ક્યારેય એકી સાથે નેવું લાખ ગ્રંથોને જોયા હશે ખરાં? જે અજ્ઞાની જીવે જીવનમાં એકી સાથે નવ લાખ ગ્રંથો પણ ન જોયા હોય તે જીવ નાલંદામાં એકીસાથે નેવું લાખ ગ્રંથોને જોઈને કેટલો દુઃખી થયો હશે? ખિલજી નાલંદાના નેવું લાખ જીવનો હત્યારો છે. ખિલજી એટલે ક્રુરતાનું સ્મારક અને અજ્ઞાનતાનું સ્થાનક. અજ્ઞાનતાનું બખ્તર પહેરીને જ્ઞાનને હણવા નીકળી પડેલા ઝેરી જીવને જમાનો બખ્તિયાર ખિલજી તરીકે ઓળખે છે. ખિલજીએ નાલંદાને સળગાવતા પહેલાં પવિત્ર ગ્રંથોને ધર્મપરિવર્તન કરવાની ધમકી આપી હોત તો? તો એકાદ શાણો ગ્રંથ જરૂર બોલ્યો હોત, 'હું માનવતાનો ગ્રંથ છું અને માનવતાના માર્ગે છું. તારી વૃતિ માનવતાના માર્ગે નથી. હું તને અને તારા અજ્ઞાનને બંનેને સ્વીકારી શકું પણ તારું અજ્ઞાન મારા જ્ઞાનને સ્વીકારી શકે ખરું? હું માનવતાનો માર્ગ મૂકીને ક્રુરતાના માર્ગે આવું એના કરતાં ખુદ તું ક્રુરતાનો માર્ગ મૂકીને માનવતાના માર્ગે આવીજા. હું તને આવકારવા આતૂર છું.' જ્ઞાન અજ્ઞાનને આવકારવા આતૂર બને ત્યારે અજ્ઞાન ખુદની વ્યાખ્યા કંડારતા કહેવા લાગેઃ હું ખિલજી! માનવતાને વેતરીને ક્રુરતાની કેડી કંડારનાર ખિલજી.

બખ્તિયારપૂર એટલે પટનાથી નાલંદા પહોંચવાનું પ્રવેશદ્વાર. નાલંદાના નરસંહાર પછી ખિલજીએ પોતાના નામે સ્થાપેલા બખ્તિયારપૂરનું નામ ક્યારે બદલાશે? આપણું અજ્ઞાન ક્યારે દૂર થશે? નાલંદાની નજીક આવેલા બોધગયામાં ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું પણ બખ્તિયાર ખિલજીને નાલંદામાં અજ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાન બુદ્ધ અને મહાવીરે જે જગ્યાએ વારંવાર વિશ્રામ કર્યો તે જગ્યાએ કુમારગુપ્તે જ્ઞાનના આશ્રમનું—નાલંદા નામે ખાતમુહૂર્ત કર્યું. જ્ઞાનને હરાવવા ખુદના અજ્ઞાનને કામે લગાડે તેનું નામ ખિલજી. ખિલજીએ જીવતા જાગતા ગ્રંથોની સાથે સાથે દેશવિદેશના છાત્રોને પણ સળગાવી નાખ્યા. કોઈકના લાચાર લાડકવાયા! અગ્નિને પૂજવા વાળા દેશમાં પવિત્ર આગથી પવિત્ર ગ્રંથોને સળગાવવામાં આવ્યા. ખિલજીએ નાલંદાના નેવું લાખ જેટલા ગ્રંથોને આગના હવાલે કર્યા હશે ત્યારે સ્વયં અગ્નિદેવતાએ મૂલ્યવાન ગ્રંથોની ક્ષમા માંગતા કહ્યું હશે, 'હે ગુણીજનો! હું તમને નથી સળગાવી રહ્યો પણ બખ્તિયાર ખિલજીનું અજ્ઞાન તમને સળગાવી રહ્યું છે. મને માફ કરજો.'

એક અડધી રાત્રે ખંડેર થયેલી નાલંદાની એક દીવાલ

પોતાના અંતરનો ભાર હળવો કરવા પડોશી દીવાલને કહી બેઠી, 'નાલંદાની મુલાકાતે આવતા લોકો નાલંદાના વૈભવનો આલાપ કરવાને બદલે ખિલજીની ક્રુરતાનો આલાપ વધુ કરે છે. ચાર દીવાલો વચ્ચે ખિલજીનું નામ સાંભળી સાંભળીને મારો જીવ મૂંઝાય છે. હવે મને ખિલજી નહીં, પણ ખિલજીનું નામ પીડા પહોંચાડે છે. હું બેભાન થઈને ઢળી પડું તો ખિલજીને બદલે ખિલજીના નામે નર્યો વિલાપ કરનાર લોકોને દોષિત માનજો.'

દિવસો વીત્યા પણ તે દીવાલની પીડા ઓછી ન થઈ. એક દિવસ તે દીવાલ પર કોઈક ખિલજીનું નામ લખીને નીકળી ગયું. પછી તો તે દીવાલ બળી મરવા રીતસરની કરગરવા લાગી. કણસતી દીવાલની પીડા ઘટે તે પહેલાં વર્ષો પછી ક્યાંકથી એકાએક ખિલજીનો આત્મા નાલંદામાં પ્રગટ થયો. ખિલજીને જોતાવેંત દીવાલોએ નાકનું ટીચકું ચડાવી લીધું. પણ ખિલજી તો દીવાલ પર પોતાનું નામ જોઈને ખિલખિલાટ હસવા લાગ્યો.

ખિલજીનો મલકાટ ઝાઝા દિવસ ટક્યો નહીં. કોઈ ભલા માણસે તીક્ષ્ણ પદાર્થ લઈને ખિલજીની ખાલ ઉતારી નાખી, નાલંદાની નર્મ દીવાલ પરથી ખિલજીનું નામ ભૂંસી નાખ્યું. તે રાત્રે ખિલજીનો આત્મા ફરી પાછો નાલંદામાં ભૂલો પડ્યો. પણ કોઈ દીવાલ તેને ઓળખવા રાજી નહોતી. જ્ઞાનની દીવાલ જ્ઞાનને નીરખી શકે, અજ્ઞાનને નહીં. ખંડેર દીવાલોને સતત મલકાતી જોઈને ખિલજીનો આત્મા બળી મર્યો. એકાએક નાલંદા જીવતી થઈ ગઈ. નાલંદાની દીવાલો હવે રાહ જુએ છે, ખિલજીનો સંહાર નીરખવા આવનાર મુલાકાતીઓની નહીં, પણ જ્ઞાનના ભંડારને પોતાની ભીતર ભરવા આવનાર વિદ્યાર્થીઓની! અજ્ઞાની પ્રવાસીઓ આવે છે, ખિલજીની ક્રુરતા નીરખે છે, પીડા અનુભવે છે અને પલાયન કરે છે. ક્યારેક કોઈ માણસ વર્ષો પહેલા નાલંદામાં ભણવા આવનાર છાત્રનું હૂબહૂ સ્વરૂપ ધારણ કરીને આવે છે ત્યારે ખંડેર થયેલી નાલંદા પોતાના અતીતમાં સરી પડે છે, નાલંદાનો જૂનો વૈભવ ફરી પાછો જીવંત થઈ જાય છે. જૂના રંગે રંગાયેલી નાલંદાને નીરખવા ખિલજી જેવું ખાલી મન કામ ન આવે. નાલંદાને મળવા માટે છાત્રનું છત્ર ધારણ કરવું પડે. માન્યવર, તમે નાલંદાને નીરખો છો ત્યારે કોને મળો છો? ખિલજીએ સંહાર કરેલા ખંડેરને કે પછી મહાન ગુપ્તવંશે વસાવેલ જ્ઞાનના નગરને?

એક પરદેશી મહિલા બખ્તિયાર ખિલજીએ નાલંદામાં સળગાવી દીધેલા ગ્રંથોની રાખ પાસે પહોંચીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. દયાળુ લોકોને સળગી ગયેલા ગ્રંથોની અને સ્ત્રીના દાઝી ગયેલા હૈયાની ભારે ચિંતા થઈ. પેટ ભરીને રડી લીધા પછી એ સ્ત્રી સળગી ગયેલા ગ્રંથોની રાખમાં ઢગલો થઈને ઢોળાઈ ગઈ. એને જાણે રાખમાંથી રતન મળી ગયું હોય તેમ એ એકાએક ઊભી થઈ અને કાપડના ટુકડામાં ખોબો એક રાખ ભરીને જતા જતા ભીના હૈયે કહેતી ગઈ, 'આ માત્ર સળગી ગયેલા ગ્રંથોની જ રાખ નથી, આ તો ગ્રંથોને બચાવવા ખુદની આહુતિ આપનાર મારા લાડકવાયાની રાખ છે.' આંખમાંથી વહેતા આંસુ રાખની પોટલીમાં પૂરાયેલા પ્રેમાળ લાડકવાયાને ભીંજવવા લાગ્યા ત્યારે ક્યારની આખી ઘટના નીરખી રહેલી એક ઘરડી સ્ત્રીએ રાખની પોટલીને પંપાળતા એટલું જ કહ્યું, 'માત્ર તારો એકનો જ નહીં પણ આપણા સૌનો લાડકવાયો.'

ખિલજીએ માત્ર નાલંદાને જ નહીં પણ બોદ્ધ ભિક્ષુઓના દેહમાં બંધાયેલી બેનમૂન નાલંદાને પણ ખંડિત કરી નાખી. ખિલજીની ક્રુરતાએ ગ્રંથોના ખોળામાં છાત્રોને અને છાત્રોના ખોળામાં ગ્રંથોને સળગાવી નાખ્યા. ગ્રંથ જેવું જીવન જીવનાર દરેક છાત્ર પોતાની કક્ષાએ ગ્રંથ જ કહેવાય. બેનમૂન ગ્રંથો એકમેકને આલિંગન આપીને સળગી ગયા. કુમાશભર્યા છાત્રોની શૂરવીરતાનો ખરો પરિચય ગ્રંથોને હોય, ગ્રંથોના નિર્માતાને નહીં. છેવટે તો ગ્રંથ પણ કોઈકનો લાડકવાયો જ કહેવાય. કોઈકનો લાડકવાયો(છાત્ર) કોઈકના લાડકવાયાને(ગ્રંથને) બચાવવા ખુદનું બલિદાન આપે ત્યારે નાલંદાની નર્મ દીવાલો પણ તૂટીને ખંડેર થવા માંડે. નાલંદામાં છાત્રો સહીત ગ્રંથોને પણ પોતાની કક્ષા પૂરવાર કર્યા પછી જ પ્રવેશ મળતો. કાયર છાત્રને કે કંગાળ ગ્રંથને નાલંદામાં નિલંબીત થતા વાર ન લાગતી. ભીતરની કોતરોને કલાત્મક બનાવવા આવેલા છાત્રો માટે તો નાલંદાનો ખોળો સગી માતાનો ખોળો કહેવાતો. સગી માતાનો ખોળો સળગતો

હોય ત્યારે કયો દીકરો દોટ મૂકીને ભાગે? જનેતાનું કાળજું સળગતું હોય ત્યારે કાળજાનો કટકો તો મુઠ્ઠીવાળીને કેસરિયા કરવા જ મંડી પડે.

ખંડિત થયેલી નાલંદા વિશે ઘણું લખાયું પણ નાલંદાને ખંડિત થતી બચાવવા ખુદની આહુતિ આપનાર બૌદ્ધ ભિક્ષુઓના બુલંદ પરાક્રમનો એકપણ દસ્તાવેજ આપણી પાસે નથી. નાલંદામાં ૯ માળનું 'ધર્મગંજ' નામનું ગગનચુંબી ગ્રંથાલય હતું. આ ગગનચુંબી ગ્રંથાલયમાં છ મહિના સુધી બેનમૂન ગ્રંથો અગ્નિસ્નાન કરતા રહ્યા. નાલંદામાં એવા હજારો છાત્રો હતા જે ખિલજીના આક્રમણ પછી નાલંદાની નર્મ બાહોમાં જ પોઢી ગયા, તેમણે મેળવેલા જ્ઞાનની સુવાસ તો ઠીક સુવાસના અવશેષો પણ સ્વજનો સુધી ન પહોંચી શક્યા. ખિલજીએ માત્ર નાલંદાની દીવાલો વચ્ચે રહેલા ગ્રંથોને જ નહીં છાત્રોના અંતરમાં પાંગરતા ગ્રંથોને પણ સળગાવી નાખ્યા. બેનમૂન હસ્તપ્રતોને બચાવવા પોતાના પ્રાણની આહુતિ આપનાર શૂરવીર છાત્રોના બુલંદ પરાક્રમની યશગાથા મૌન મને ઊભેલી નાલંદાની દીવાલો જ સંભળાવી શકે.

નરી કલ્પના ભીતરને ભીંજવતી હોય ત્યારે ખરી કરુણતાને અંતરમાં તિરાડ પાડતા કેટલીવાર લાગે? પવિત્ર ગ્રંથોને બચાવવા ઝઝૂમીને થાકેલો કોઈકનો લાડકવાયો અંતિમ શ્વાસ છોડે તે પહેલા બેનમૂન ગ્રંથો બુલંદ પરાક્રમનું સન્માન કરતા કહેવા લાગે, 'હે વીર! તું જીવનભર અમને વાંચતો રહ્યો, પણ અમને તો છેલ્લી ક્ષણે તારી શૂરવીરતા વાંચવા મળી. અમે તો માત્ર ગ્રંથ છીએ, તું તો ગ્રંથમાં ગૂંથાયેલો પરાક્રમનો પંથ છો, પરાક્રમના પંથને ગ્રંથના વંદન હજો!'

ખિલજીના આક્રમણ દરમ્યાન બચી ગયેલી કેટલીક પાંડુલિપિઓ અમેરિકાના કાઉન્ટી ઓફ આર્ટ મ્યુઝિયમમાં અને તિબ્બતના 'પાર્લુન્ગ યાર્લુન્ગ' મ્યુઝિયમમાં આજેય મૌન મને બેઠી છે. ચીની મુસાફર હ્યુ એન સંગ નાલંદામાં છાત્ર બનીને આવ્યો અને વિદ્વાન આચાર્ય બનીને વિદાયમાન થયો. તે લગભગ ૬૫૭ જેટલા બૌદ્ધ ગ્રંથો સાથે લઈ ગયેલો. હ્યુ એન સંગે કરેલા અનુવાદોના આધારે જ આપણને નાલંદાના અવશેષો મળ્યા. સ્થાનિક લોકો તો નાલંદાના ખંડિત ટીંબાને રાજા ભીમકનો મહેલ જ માનતા. એલેકજેન્ડર કનિંઘમ, કેપ્ટન માર્શલ અને એ.એમ.બ્રોડ્લે જેવા અંગ્રેજ પુરાતત્વવિદોએ વખતોવખત સંશોધનો કર્યા અને જ્ઞાનની અલકાનંદાને ધૂળના ટીંબામાંથી બહાર કાઢી. પાંચમી સદીમાં મિહિરકુલના નેતૃત્વમાં હૂણોએ અને આઠમી સદીમાં બંગાળના ગૌડ રાજાએ નાલંદા પર આક્રમણ કર્યું, નાલંદા બેવાર લૂંટાણી પણ મૂલ્યવાન ગ્રંથો જીવિત રહ્યા. ખિલજીએ તો જ્ઞાનની અલકનંદાનું નિકંદન જ કાઢી નાખ્યું. ખિલજી માનતો કે શિક્ષણ કોઈપણ ધર્મને ફળવા ફૂલવા માટે મહત્ત્વનું છે. તેણે શિક્ષણના મોટા કેન્દ્રો જ ફૂંકી માર્યા. નાલંદાના જ્ઞાને ખિલજીના અજ્ઞાનને પડકાર ફેંક્યો અને ખિલજીના અજ્ઞાને સમૃદ્ધ જ્ઞાનને ફૂંકી માર્યું. તિબ્બતી ધર્મગુરુ દલાઈ લામા કહેતા કે, 'અમને જે પણ બૌદ્ધ જ્ઞાન પ્રાપ્ત થયું છે,તે નાલંદાની દેણ છે.'

પેટ્રા જેવા મહાન શહેરમાં અને પર્સિયામાં પણ આક્રમણકારીઓ દ્વારા કિતાબો જલાવવામાં આવેલી. પેટ્રા,પર્સિયા અને નાલંદા સિવાય બીજે ક્યાંય ગ્રંથો સળગાવવાની ક્રૂર ઘટના ઘટયાનું ધ્યાનમાં નથી. નાલંદાનું નામ કાને પડે ત્યારે બખ્તિયાર ખિલજીને બદલે કામરૂપ દેશના પરમ પ્રતાપી રાજા પૃથુરાયનું સ્મરણ કેમ ન થાય? બખ્તિયાર ખિલજીના નામે આજે બખ્તિયારપૂર છે પણ ખિલજીને ઊભી પૂંછડીએ ભગાડનાર રાજા પૃથુના નામે ક્યાંય પૃથુપૂર નથી. બખ્તિયારપૂરને પૃથુરાયપૂર તરીકે નવાજી શકાય ખરું? ખિલજી નાલંદામાં નેવું લાખ જેટલા ગ્રંથો,દસ હજાર જેટલા છાત્રો અને હજાર જેટલા વિદ્વાન આચાર્યો સહિત વિક્રમશિલા વિશ્વવિદ્યાલયનો વિનાશ કરીને પૂર્વોત્તર ભારત અને તિબ્બત ફતેહ કરવા નીકળ્યો. રસ્તામાં રાજા પૃથુએ બ્રહ્મપુત્ર નદ(નદી નહીં પણ નદ)ને કાંઠે પરાસ્ત કર્યો. ઊભી પૂંછડીએ ભાગેલા ખિલજીનું મનોબળ એટલું તૂટ્યું કે તેના જ સ્વજન અલી મર્દને દુઃખી ખિલજીની હત્યા કરી નાખી. માન્યવર, નાલંદાનો જીર્ણોદ્ધાર થયો, હવે બખ્તિયારપૂરનો જીર્ણોદ્ધાર ક્યારે થશે?

મો .૯૮૨૫૯૯૬૫૩૯

## ૦૭ ભૂરી છત્રી

**રસ્કિન બોન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા**

---

ગતાંકથી શરૂ

અગાઉ ચારેક વર્ષ પહેલાં બિક્ષ્ટુએ ઓકના વૃક્ષ પરનો મધપૂડો પાડયો હતો ત્યારે એના ચહેરા, પગ ઉપર માખીઓએ ડંખ મારેલા. એ અનુભવ દુઃખદ હતો, પણ હવે માખી ડંખ મારી જાય તો એને કંઈ થતું નહિ. જાણે કે જીવનભર માટે એને પ્રતિકારશકિત મળી ગઈ હોય. આજે એ નિશાળેથી ઘેર પાછો ફરી રહ્યો હતો. બપોરના બે થવા આવ્યા હતા. સવારના છ વાગ્યાથી એણે કશું ખાધું ન હતું. નસીબજોગે કીંગોરાની ઝાડીઓમાં વાદળી બોર બેઠાં હતાં. તે જોઈને બિક્ષ્ટુના મોંમા પાણી આવી ગયું. એ ખટમધૂરું ખાવા મળે તો કેવી મજા પડી જાય!

રામભરોસાની દુકાનેથી કંઈ લેવા માટે એની પાસે પૈસા ન હતા. તેમ છતાં કાચની બરણીઓમાં ભરેલી મીઠાઈ પીપરમીટ જોતો તે ઊભો રહી ગયો. રામભરોસાએ પૂછયુંઃ 'આજે તારે શું લેવું છે ? '

બિક્ષ્ટુએ કહ્યુંઃ 'પૈસા નથી', 'પૈસા ભલે પછી આપજે' બિક્ષ્ટુએ માથું હલાવ્યું. તેના કેટલાક ભાઈબંધો ઉધાર ખાવાની ચીજવસ્તુ લેતા. પછી મહિનો પૂરો થતાં એમને ખબર પડતી કે પોતે એટલું તો ખાઈ ગયા છે, જેટલા પૈસા પોતે આપી શકે તેમ નથી. પરિણામે તેઓએ રામભરોસાને પોતાની મનપસંદ ચીજો આપી દેવી પડતી. કયારેક ઘાસ કાપવાનું વાંકુડિયું ચપ્પુ, નાના હાથે વાપરી શકાય તેવી કુહાડી, અથાણાની નાની ડબ્બી, કાનના બુટીયાં. આ બધું પછી દુકાનદારની માલિકીનું થઈ જતું. જે દુકાનદાર પોતાની પાસે રાખી લેતો અથવા વેંચી દેતો.

રામભારોસાનું મન બિનીયાની ભૂરી છત્રી પર હતું. છત્રી મેળવવા તે આતુર હતો અને એટલે જ બંને ભાઈ-બહેનને ચીજો ઉધાર દેવા આતુર હતો. પણ આજ સુધી બેમાંથી એકેય જણ એની જાળમાં ફસાયા ન હતા. કીંગોરાના બોર મોંમા મમળાવતો બિક્ષ્ટુ આગળ વધ્યો. અડધે રસ્તે તેણે બિનીયાને ગાયો સાથે જોઈ. મોડી સાંજ થવા આવી હતી, સૂરજ ડૂબી ગયો હતો છતાં બિનીયાની છત્રી તો ખુલ્લી જ હતી. છત્રીમાં બે ચીરા પડયા હતા જે એની માએ સાંધી દીધા હતા.

બિક્ષ્ટુએ મુઠ્ઠી ભરીને બોર એની બહેનને આપ્યાં. બહેને બોર ખાઈ શકાય તેથી છત્રી ભાઈને પકડવા દીધી. તેણીએ કહ્યુંઃ 'ઘેર પહોંચતા સુધી તું છત્રી રાખી શકે.' બિક્ષ્ટુએ જે બોર આપેલાં તેનો બદલો વાળવાની બિનીયાની આ રીત હતી. 'નીલુ ! ગોરી !' એમ બૂમો પાડતાં બિનીયા અને બિક્ષ્ટુ ઘર તરફ વળ્યાં અને ગાયો પણ એમની પાછળ ધીમે પગલે ચાલવા લાગી. ગામમાં પહોંચતા સુધીમાં તો અંધારું થઈ ગયેલું પણ બિક્ષ્ટુની છત્રી હજુ ખુલ્લી જ હતી.

ઘામના મોટાભાગના લોકો બિનીયાની નાનકડી ભૂરી છત્રીની ઈર્ષા કરતા હતા. આવી છત્રી બાપ જન્મારામાં કોઈ પાસે હતી નહિ. નિશાળના માસ્તરની પત્નીને લાગતું કે એક ગરીબ ખેડૂતની છોકરી પાસે આવી સરસ છત્રી હોય એ તો ખોટું જ. પોતે બી.એ. સેકન્ડ કલાસ હતી છતાં પોતાને સામાન્ય કાળી છત્રીથી ચલાવવું પડતું હતું. એના પતિએ જયારે કહેલું કે તારી જૂની છત્રીને હું ભૂરા રંગે રંગી આપું ? ત્યારે તેણે પતિ સામે ધૃણાભરી નજરે જોયું હતું. એના પ્રત્યેના પ્રેમમાં ઘડીક ઓટ આવી હતી. પૂજારી જે ગામમાં મંદિરની સંભાળ રાખતો તેણે જાહેર કર્યું કે હવે જયારે તે શહેરમાં જશે ત્યારે એ એક બહુરંગી છત્રી ખરીદી લાવશે. પછી ખરેખર તે શહેર જઈને પાછો આવ્યો ત્યારે ક્રોધિત જણાતો હતો અને બબડતો હતો કે એ તો દિલ્હી સિવાય કયાંય મળતી નથી.

મોટાભાગના લોકો એવું બોલીને આશ્વાસન મેળવતાં હતાં કે ભારે વરસાદ થાય તો બિનીયાની રૂપાળી છત્રી કંઈ વરસાદ ન રોકી શકે; સૂરજ બહુ તપે ને ત્યારે તો એ સંકોચાઈ પણ જાય. સખત પવન ફૂકાંયને તો પવનમાં એ પડી પણ જાય,નજીકમાં વિજળી પડેને તો એ વિજળીને પોતાની તરફ ખેંચે. કમનસીબ થવાનું હોય ત્યારે છત્રી જ કમનસીબ પુરવાર થાય. જો કે મનમાં તો આ બધાં છત્રીના વખાંણ જ કરતાં.

મોટેરાંઓની માફક બાળકોને કંઈ દંભ કરવાની જરૂર નહોતી પડતી. એ તો ખુલ્લા મોઢે છત્રીના વખાણ કરતાં અને કહેતાં કે આ તો કેટલી હળવી, કેટલી સરસ અને કેટલી મજાની ભૂરી ભૂરી! વળી બિનીયા માટે તે બરાબર માપસરની હતી. બાળકોને ખબર હતી કે જો તેઓ છત્રીના વખાણ કરશે તો બિનીયા મુસ્કુરાશે અને કયારેક થોડીવાર - ભલેને થોડીવાર તેમને તે પકડવા આપશે.

બહુ ઝડપથી ચોમાસું આવી પહોચ્યું. આકાશમાં કાળાં વાદળાં ઘેરાવા લાગ્યાં. ટેકરીઓ પર મોટા ગડગડાટ થવા લાગ્યા. બિનીયા આખી સાંજ ટેકરીઓમાં વરસાદની રાહ જોતી બેસી રહેતી. વરસાદના મોટાં ટીપાં જેવાં પડવા લાગે કે તરત માથે પોતાની છત્રી ખોલતી. મોટા ટીપાં ટપ ટપ અવાજ સાથે પડતાં છત્રીના રેશમની આરપાર તેને જ જોઈ રહેતી, જેવા તે છત્રી સાથે અથડાતાં અને પછી તો વાદળોની મેઘગર્જના થતી પોતે જાણે પાણીનાં ધોધ નીચે ન ઊભી હોય એમ અનુભવતી. આ છત્રી વરસાદ માટેની છત્રી હતી નહિ. છતાં તે હિંમતપૂર્વક પકડી રાખતી. બિનીયાના ખાલી પગ ભીંજાતા. ચારે કોર પાણીની જળધારાનો પડદો રચાઈ જતો.

પહાડ પરના બધાં લોકો ગમે ત્યાં આશ્રયસ્થાન શોધતાં. કેટલાંક કોલસાવાળાની ઝૂંપડીમાં ભરાતાં,વળી કેટલાંક ખરચરની કોઢમાં ભરાતાં, તો બીજા રામભરોસાની દુકાનમાં. એક બિનીયા એવી હતી જે કયાંય

ભરાવા માટે દોડતી નહીં. એ તો રાહ જોતી કે કયારે એની છત્રી પર વરસાદ પડે અને એને ઘરે પહોંચવાની કોઈ ઊતાવળ ન હોય. પગ ભીંજાય તેની એને કોઈ પરવા ન હતી. એની ગાયોને પણ ભીંજાવાની કોઈ ચિંતા જ ન હતી.

એણે તરત જોયું કે બિજ્જુ તો એક ગૂફામાં ભરાઈ ગયો હતો. એને વરસાદમાં ભીંજાવાનો આનંદ લેવાનું પોષાય તેમ ન હતું કારણ કે એની પાસે ભણવાની ચોપડીઓ હતી અને તે પલળી જાય એ એને ન પોષાય. જેવી તેણે બિનીયાને જોઈ કે તરત ગૂફાની બહાર દોડયો ને બહેનની છત્રીમાં ભરાઈ ગયો. બહેનથી એ થોડો ઊંચો હતો એટલે છત્રી તેણે ઊંચે રાખીને પકડી લીધી અને ચોપડીઓ બહેનને આપી દીધી.

ગાયો તો છેક પાછળ રહી ગઈ હતી. બિનીયાએ બૂમ પાડી; ' નીલું, નીલું !'સાથે બિજ્જુએ બૂમ પાડી 'ગોરી' બંનેની માએ બાળકોને પલળતા ડિલે ઘર તરફ આવતાં જોયાં એટલે બૂમ પાડીઃ ' બિનીયા! બિજ્જુ ! દોડો અને ગાયોને લેતા આવો. બંને વરસાદમાં કરો છો શું ? ' બિજ્જુએ કહ્યું : 'આ છત્રીનો ટેસ્ટ કરીએ છીએ.'

ક્રમશઃ

મો. ૯૭૨૫૦૨૮૨૭૪

**જીભ**

એક દિવસ ઈન્દ્રની સભામાં એક પ્રશ્ન પુછાયોઃ

'માણસને મહાન બનાવનાર તત્ત્વ કયું છે ?'

સભામાંથી જવાબ મળ્યોઃ 'જીભ'

બીજો પ્રશ્ન પુછાયોઃ 'માણસને વિનાશ તરફ દોરે એવું તત્ત્વ કયું ?'

સભામાંથી જવાબ આવ્યો કે : 'જીભ'.

## ૦૮ 'ઝેર છંટકાવ'ની અવેજી —'પક્ષીપાલન '

**હીરજી ભીંગરાડિયા**

---

અભ્યાસ કર્યે ખાત્રી મળશે પાક્કી કે આપણે ત્યાંના કોઈ ગામડાની ભાગોળ પંખીઓના ચણ નાખવાના ચબૂતરા, ચકલાછત્રી કે પંખીઘર વિનાની નહીં હોય ! આજના આ વિજ્ઞાનયુગની એકવીસમી સદીમાં પણ કુટુંબનાં સારા-માઠા પ્રસંગે બીજા ખર્ચાઓ ઓછા-વધુ કરાશે, બાકી પંખીઓની ચણ માટેનો અમૂક હિસ્સો મુહૂર્તમાં જ અલગ તારવી લેવાનો નક્કી હોય છે. પંખીઓ પ્રત્યેના આપણા પ્રેમ અને ફરજ તે આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલી વસ્તુ નિરંતર નિભાવાતી આવી છે.

પશુ-પ્રાણીઓ સાથેનો સહવાસ જેટલો સ્વાભાવિક અને સહજ છે તેમ તેમની પ્રેમભરી લાગણી પણ માનવ સ્વભાવમાં સહજ રીતે વણાયેલી છે. ખ્યાલ કરજો બરાબર ! કોઈ ઘર એવું મળશે નહીં કે જ્યાં પંખી સમાજના એકાદ-બે પ્રતિનિધિઓ તમારી નજરે ન ચડ્યા હોય કે તેમની સૃષ્ટિને લક્ષમાં રાખી ચણ ન નખાતી હોય કે પંખીનું જળપાત્ર ન લટકતું હોય !

ઘણી જગ્યાએ દરવાજામાં દાખલ થતાં "રામરામ-સીતારામ" ના બોલ બોલીને પિંજરે બેઠેલાં પોપટ-મેના મહેમાનોનું સ્વાગત કરે છે. પક્ષીપ્રેમીઓને ત્યાં ચોકમાં વેરેલા દાણા ચણી રહેલા ડૉક ફુલાવી ગટરઘૂ.....ગટરઘૂ કરતી કબૂતરોની ટોળકી માનવ અને પંખીઓ વચ્ચેના નર્યા પ્રેમની જ પ્રતીતિ કરાવે છે ને ?

કૂકડી-મરઘાની ટવરી ટવરી ટુકડીઓ ગામ હોય ત્યાં બે-પાંચ ઘરોમાં, વ્યવસ્થિત પાલન કરનારાને ત્યાં મોટી સંખ્યામાં, જેને 'ખપતીવાત' છે તેમને ત્યાં ભલેને પૂરક અને પૌષ્ટિક ખોરાકના ભાગ રૂપે પળાતી હોય પણ પંખીઓ સાથેનો આપણો સહવાસી નાતો એમાં દેખાઈ આવે છે.

**જીવતા નહીં તો — જીવતા જેવાઃ**

હજુ વિશેષ ધ્યાન કરીએ તો જેની જેવી સુવિધા, ગરીબોનાં ઝૂંપડાથી માંડી માલેતુજાર મહાલયો સુધી કોઈને ત્યાં ટોડલે ટીંગાતા તોરણ કે ટોડલિયે, તો કોઈની દિવાલોના ચાકળા-ચંદરવામાં, અરે ! ગાદી-બેઠકના ઓછાડ-તકિયે, કે ગાલીચાના ગલેફમાં, છેવટ દિવાલ પરના રંગ-ચિતરામણમાં કે બાળકના પારણિયે ઝૂલતાં લાકડિયા રમકડાં રૂપે અને હજુ આગળ કહું તો રહેણાક-દ્વારના તોરણ-પડદામાં કે મોતી કે ભરતકામના ઝુલણિયામાં ગોઠવાઈને મોર, ઢેલ, પોપટ, મેના, ચકલી, હંસ, કબૂતર ભલે જીવતા નહીં તો જીવતા જેવા સુંદરતાને પાથરતાં પંખીઓનાં છબી,ચિત્રો,ઘાટ-આકારોને આપણે કાયમ સાથે જ રાખ્યા છે ને !

**રામાયણની સાખઃ**

રાવણ સીતાનું હરણ કરી જઈ રહ્યો હતો ત્યારે સીતાને એ દુષ્ટની પકડમાંથી છોડાવવા છેલ્લા શ્વાસ સુધી લડતા રહી પ્રાણની આહુતિ આપી દેનારો "જટાયુ" કોણ પક્ષીરાજ ગીધ જ હતો ને ! માનવ અને પંખીઓ વચ્ચેના આત્મિયતાભર્યા સંબંધોની સાખ ઈતિહાસ પૂરે છે.

**સાચી વાત આવી છેઃ**

પંખીઓ તો આજે પણ કુદરતે બક્ષેલા સ્વભાવ અને આદતો ધરાવનારાં રહ્યાં છે. જેનો સ્વભાવ રોજેરોજ બદલાયા કરતો હોય તેવું પ્રાણી તો એક માત્ર 'માણસ' છે. આપણી એ પંખીઓ પ્રત્યે નિરખવાની દ્રષ્ટિ બદલાઈ છે. એના પ્રત્યેનો આપણો સંગ અને સ્નેહ પણ ઘટ્યા છે. આપણે તો બસ આપણી સ્વાર્થ સાધનામાં જ એટલા મસ્ત અને વ્યસ્ત છીએ કે બીજાનું સારું જોવાનો કે એને એ રીતે મૂલવવાનો વખત જ આપણી પાસે નથી. એટલે હવે

આપણને બીજા કોઈ આપણા લાગતા મટી ગયા છે.

**નડતી જીવાતોનો કાળો કેરઃ**

જેની પાસેથી આપણે રોટલો રળવાનો છે એવા છોડવા અને ઝાડવાને રાત-દાડો એક કરી, પંડ્યના છોરુંથી સવાઈ રીતે જાતજાતની અને ભાતભાતની રખેવાળી-સેવાચાકરી અને જાળવણી કરી, ઉત્પાદન રૂપી કોળિયો માંડ મોંમાં આવશે એવી લાલચ બંધાય તે જ વખતે પાકનો ભુંહાડિયો કરનારી જીવાતોનો હલ્લો આવે છે. ત્યારે યાદ કરો ! એના હલ્લાથી પાકને ઉગારી લેવા આપણે કેવા રઘવાયા થઈ જતા હોઈએ છીએ ? અને પછી ખબર છે ને ! સોંઘી નહીં, ચાલુ નહીં, ભારેમાં ભારે અને મોંઘામાં મોંઘી અને એ પણ એક નહીં, બે બે ને ત્રણ ત્રણ ઝેરીલી દવાયું ભેળી કરી ઉપરાઉપરી છંટકાવની જે ઝડી વરસાવીએ છીએ અને ''ભાળો ત્યાં ઠાર કરો'' ની જે યુધ્ધનીતિ અપનાવીએ છીએ તેમાં નવી રળતર તો આવતા આવે-રળેલું ય દવા ભેળું ફુવારો થઈ જાય છે. અને જીવાતોનો પ્રકોપ તો એનો એ ! આવી ઝેરેલી દવાના મારા પછી તો જીવાતો બમણા જોરથી કેર વર્તાવવાનો ચાલુ કરે છે. જીવાતો સામેના યુધ્ધનું પરિણામ પાકને જીવાતરહિત બનાવવાનું નહીં, પણ ખેડૂતને લેણાના-ભાર તળે દબાવવામાં પરિણમે છે. જમીન, પાણી, વાતાવરણ, અને પાક પોતે ઝેરી અસરથી પ્રદૂષિત બની જાય છે તે તો વધારામાં. એટલે રસાયણમાર્ગે ખેતીપાકોનું સંરક્ષણ લાભ કરતા હાની વધારે કરનારું પુરવાર થઈ રહ્યું છે. એટલે કોઈ બીજા વિકલ્પ બાજુ ગયા વિના આરોવારો દેખાતો નથી એવા સંજોગોમાં.............

**ઝેર છંટકાવની અવેજી પક્ષીપાલનઃ**

એ તો આપણને પૂરો અભ્યાસ નથી, નહિ તો પાકો પરના વારંવારના જીવાતોના હુમલા વખતે આપણા જ પર્યાવરણમાં અને આપણી જ સાથે વસતાં-ભમતાં પાર વિનાના પક્ષીઓ પાકની ભેર કરવા આપણે ન ધાર્યા હોય એવા સક્ષમ છે. કબૂતર અને હોલાં જેવાં બહુ થોડાં પંખીઓને બાદ કરતાં નાની એવી ચકલીથી માંડી મોટા મોર સુધીનાં બધાં જ પક્ષીઓ નોનવેજ-માંસાહારી ભોજનની આદત ધરાવનારાં છે. આ બધા દાણા અને ફળો આરોગવા સાથે પસંદગીના ક્ષેત્રે જીવાતો ખાવા બાબતે વધુ રસ રાખનારાં છે, જે ખેડૂતો માટે આશિર્વાદરૂપ છે. આપણે તેનો લેવાય તેટલો લાભ ખેતીપાકોના રક્ષણાર્થે ઉઠાવી લેવો જોઈએ.

**કરવાનું જાજું છે જ નહીં :**

જૂઓને ! અળસિયાને ખપતો ખોરાક એટલે છાણ-કૂચોને માટી ! એ એને ખાવા આપીએ એટલે જથ્થાબંધ વર્મીકંપોસ્ટ તૈયાર કરી દે છેને ! એવું જ આ પંખીઓ ને આપણને ઉપયોગી બનાવવા વધારાની કોઈ મહેનત લેવી પડે તેમ નથી. બસ, એ બધા પંખીઓ જીવડાઓના વધુમાં વધુ સંપર્કમાં રહી શકે તેવી અનુકુળતાઓ ઊભી કરતા રહીએ એટલે હવે પછીનું એનું કામ એ સંભાળી લેશે !

**ક્યુ પંખી કઈ પરિસ્થિતિમાં વધુ ઉપયોગી થાય ?**

બાળપણ, યુવાની, પ્રોઢાવસ્થા અને વૃધ્ધત્વ એમ માનવ જિંદગીમાં ચાર અવસ્થાઓ છે. બસ, તેવું જ કિટકોમાં પણ ચાર અવસ્થા ભોગવીને જ એનું જીવન સમાપ્ત થતું હોય છે. ઇંડું, ઈયળ, કોશેટો અને પતંગિયું, ફુદું. જેમાં પાકમાં ઉડતા-ભમતાં રંગબેરંગી જે પતંગિયા નજરે પડે છે તે કિટકની છેલ્લી અવસ્થા છે. પતંગિયા તો માત્ર ફૂલોમાંથી મીઠો મધ જેવો રસ જ ચૂસે ! એ છોડવા કે ઝાડવાના અંગ-ઉપાંગોને ચાવી કે ચૂસીને સીધું નુકશાન કરતાં જ નથી. નુકશાન કરે છે પતંગિયું બનતાં પહેલાંની એની આગલી ''ઈયળ અવસ્થા'' ! જે તેમનું ખતરનાક રૂપ છે. પણ એ ન ભૂલીએ કે ઈયળ તો જ પેદા થઈ શકે જો તેનાથી આગલી અવસ્થા ''ઇંડા''ની પાક પર હયાતિ હોય, અને ઇંડા તો જ મૂકાય જો વાડીમાં ફૂદડાં-પતંગિયા ફરતાં હોય. એટલે ખેડૂતનું નિશાન માત્ર ઈયળ નહીં પણ જીવાતની ચારેચાર અવસ્થા હોવું જોઈએ.

જીવાતની કોઈપણ અવસ્થામાં તેને ખાઈ જવા માટે પંખી ભડવીર છે. જોકે ઇંડું ખૂબ નાનું હોવાથી તેને વીણવાની ગધ્ધા મજૂરી પંખી નહિ કરે, પણ બાકીના ઇયળ, કોશેટો અને ફૂંદા સુધ્ધાંને - જે ઝપટે ચડ્યું તેને તે આરોગી જાય છે.

પણ પંખી સમાજ પાસેથી આપણે પૂરું કામ લેવું હોય

તો તે દરેકની બેસવા-ભમવાની, ફરવા-ચણવાની અને રહેવા-ઉડવાની અલગ અલગ આદતો જાણી લેવી પડે. ક્યુ પંખી ક્યાં અને કેવી રીતે જીવાતો પર મારો ચલાવવાની ફાવટ ધરાવે છે તે દ્રષ્ટિએ થોડી વિગતો જોઈએ તો...........

**જમીનની ઊલટ-સુલટ વખતેઃ**

જ્યારે જ્યારે જમીનને થોડીકેય ઊલટ-સુલટ કરવાનો કાર્યક્રમ શરૂ થાય એટલે કેટલાક પંખીઓને વગર આમંત્રણે હાજર થઈ જવાનું સૂઝી જાય છે. ન હોય ત્યાંથી કાબર અને કાગડા,ચકલાં અને બગલાંની ટોળકીઓ આવી પડે અને કાર્યક્રમ પૂર્ણ થતાં સુધી હાજરી આપે ! ઉનાળાની ઊંડી ખેડ થતી હોય કે શિયાળે દાંતી-રાપ ફરતાં હોય, અરે ! ચોમાસામાં ભલેને આંતરખેડ થતી હોય, જે તે સમયે જેની જેની એ વિસ્તારમાં હાજરી હોય સૌ અન્ય રોકાણો રદ કરી, આપણા સાંતીની સાથે સાથે હડિયાપાટી કરી જમીનની અંદરથી નીકળતા કોશેટા, જમીનમાં પડી રહેનારા મુંડા, ઉધઈ કે માટીની તિરાડોમાં સંતાઈ રહેલાં તરેહ તરેહના ભુંગડા-જીવડાંઓને જાણે વીણી વીણીને ખાઈ જવાની હરિફાઈએ ચડ્યા હોય છે. નજરે ચડેલી એક પણ જીવાત છટકી જવા ન પામે તેની પૂરેપૂરી જવાબદારી આ આખી ગેંગ પર હોય છે.

**પાકને અપાતા પિયત વખતેઃ**

મોલાતોમાં જ્યારે જ્યારે પિયત આપવાનું શરૂ થાય ત્યારે એક ટપક પદ્ધતિને બાદ કરતા બાકીની પદ્ધતિઓમાં પાણી જમીનમાં ઉપરથી પ્રવેશે છે એટલે અંદરની જીવાતોને બહાર નીકળ્યા વિના છૂટકો હોતો નથી એની આ બધા પંખીઓને બરાબરની ખબર હોય છે. એટલે ક્યારામાં પાણી ચાલુ થયું નથી કે બગલા, મામાના ઘોડા જેવા પંખી ન હોય ત્યાંથી હાજર થઈ જઈ જીવાતોને જમીનની બહાર નીકળ્યા ભેળી પેટમાં પધરાવી દે છે. અરે ! બગલાં તો વીંછી, પડકાં કે આકસ્મિક સંજોગોમાં છટકી જવાના પાછલા દરવાજા-સંકટબારીએથી મરણિયા થઈ ભાગતા ઉંદરડા સુધ્ધાંને બે ચાર વાર ચાંચમાં દબાવી, આડા અવળા ઝંઝેડી, સાંકડી ડોક ભલેને ઘડીક ફૂલીને ફુગ્ગો થઈ જાય ,પણ પેટમાં ધકેલી દીધે પાર કરે છે..

બગલા અને કાબરો તો બપોરા વચાળે આરામ કરતા ગાય, ભેંશ, બળદ જેવા માલઢોરની વચાળે ભમતા રહી સૌના શરીર પરથી લાણ, ઈતરડી, ગીંગોડા, કથીરી, બગાઈ વગેરે વીણી દઈ જાનવરોને ઈજામુક્ત કરતા હોય છે.

**ઊભા પાકમાં ફરી-ભમીનેઃ**

વૈયા, ચકલી, દેવચકલી, લલેડા, કાળોકોશી, બુલબુલ જેવા બધાની નજર દાણા કરતા જીવાતો ઉપર વધુ ઠરતી હોય છે. ખેતીપાકોમાં ડાળીપર બેસી ,ઉંચીનીચી ડોક કરી ઈયળ કે ફૂદું ક્યાં બેઠું છે તેનું જ ધ્યાન રાખતા હોય છે. દિવેલા ઉપરની ઘોડિયા ઈયળ હોય કે કપાસની લાલ-કાબરી ઈયળ હોય, જીવાત તુવેર પર દેખાય કે બાજરાના ડુંડા પર દેખાય, અરે ! શાકભાજીના વેલામાં સંતાઈને બેઠેલી કેમ ન હોય ! આ બધા જેમ વાંદરી તેના બચ્ચાના શરીર પરના વાળ આઘાપાછા કરીને લીંખ, ટોલા, ચાંચડ, લાણ વીણી ખાય છે તેમ પાંદડાના ગુચ્છામાં હોય કે ફૂલની પાંખડી નીચે હોય , અરે ! લીલી ઈયળ જેવી તો અરધી કપાસના જીંડવા કે ટમેટા અને ચોળા-ભીંડાની શીંગમાં ભલેને ભરાઈ બેઠેલી હોય-તેની ચકોર આંખ શોધી કાઢ્યા વિના રહેતી નથી. વૈયા અને લલેડાની તો રીતસરની તાલીમ પામેલી ફોજ જોઈ લ્યો ! જ્યારે કૂકડી-મરઘાની ટોળકી કે મોર-ઢેલનું વૃન્દ પણ ધીમે ધીમે આખી વાડીમાં ફરતું રહી, નિરાંતે નિરાંતે કેટલીય જીવાતોને વીણી લેતું હોય છે.

**ઉડતી જીવાતોને પકડી ખાનારાઃ**

માણસોમાં જેમ કોઈના સ્વભાવ હોય છે ખૂબ તરવરિયા અને ઉતાવળા, તો કોઈના હોય છે સાવ ટાઢા ! પંખીઓમાં પણ કલકલિયો અને કાળોકોશી જેવા કેટલાક પંખીઓ એવા છે કે જે છોડવામાંથી ઈયળો શોધવા બેસવા ખોટી થતાં નથી. પણ તેની નજરે કોઈ ઉડતુ જીવડું-ફૂદું ચડી જાય તો ઝપટ કરી હવામાંથી જ પકડી લેતા હોય છે. એવું જ આકાશે ઉડતાં ઉડતાં જમીન પર ઓચિંતાનું ઉંદર જેવું ખાજ ભાળી જાય તો ઉપરથી સીધી ડાય લગાવી

શકરોબાજ, સમળી, કાગડિયો કુંભાર વગેરે જેવા શિકારીઓ શિકારને ચાંચ કે પગમાં પકડી બારોબાર અધ્ધર ને અધ્ધર આરોગી જતાં હોય છે.

**રાત્રે રખોપું કરનારાઃ**

ખેતીપાકોને માત્ર કીટકોથી જ નુકશાન થાય તેવું નથી ભૈ ! ઉંદર દ્વારા તો ઘણું મોટું નુકશાન બીજને ઊગવાથી માંડી, ઊભી મોલાતને કાપી નાખવાનું અને ફળ-દાણાને પણ ખાધા ઉપરાંત કાપી-બગાડી નાખવા થકી થતું હોય છે. ચીબરી અને ઘૂવડ આપણા એવા મિત્ર પંખીઓ છે કે જેમને રાતપાળીમાં ઉંદરોને વીણી લેવાની ફરજ સોંપાઈ હોય છે.

**આ સૌનું વધુ યોગદાન ક્યારે મળે ?**

માત્ર માણસોને જ નહીં પણ ધરતી પરના દરેક જીવમાં "મારે જીવવું છે" એવી જિજીવિષા ભગવાને મૂકેલી છે. અને માણસ સિવાયના બીજા બધાને તો ખોરાકને દેખીને, સુંઘીને, ચાખ્યા વગર જ, અરે ! અજાણ્યા ખોરાક પર શંકા કરીને કે બીજી ગમે તે રીતે પણ જેનાથી જિંદગી જોખમાય તેવો ખોરાક ન ખાવા બાબતે અંતઃપ્રેરણા ઈશ્વરે બક્ષી છે. માત્ર માણસોને જ એવી ખબર નથી કે શું ખવાય કે શું ન પીવાય ? તમે જોજો ! વૈયાનું ટોળું ઝેરીલી દવા ન છાંટી હોય તેવા ખેતરો પર જેટલી ઝપટ બોલાવતું ભળાશે એટલી ઝપટ રસાયણો છાંટેલ મોલાત પર નહીં કરે !

એટલે ઝેરીલા રસાયણોથી આપણા છોડવા, દાણા, ફળો, હવા, પાણી ન બગડે એવું કરતા થઈએ અને બધા પંખીઓને છાંયો-પાણી મળે, આશરો મળે, માળા-વસાહતો બાંધી શકે તેવાં રહેણાકો મળે અને ક્યારેક જીવડા ખાતા પેટ ન ભરાયું હોય ત્યારે કે ક્યારેક એનું ધ્યાન જીવાતો બાજુ ન ગયું હોય ત્યારે તે બાજુ વાળવા ધાણી-ડાળિયા કે થોડીક ચણ આપણા તરફથી મળતી રહે એટલે બસ ! એ કંઈ આપણી પાસે જીવાતો શોધવા દૂરબીન કે આઈગ્લાસ માગતા નથી.પણ એની નજર ચારેકોર ફેરવી શકે, ક્યુ જીવડું ક્યાં હરફર કરે છે કે ક્યા પાંદડા પર કોની હલચલ થાય છે તેની પાક્કી ખરાઈ તો જ થઈ શકે જો મોલાતો કરતા થોડા ઉંચેરા એના બેસણાં હોય ! આ માટે એ જાતના વૃક્ષો કે છેવટ કૃત્રિમ સ્ટેંડ ઊભા કરીને પણ પંખીઓ ધાર્યો લક્ષવેધ કરી શકે તેવું ગોઠવી દઈએ એટલે બસ ! આટલું થઈ જાય એટલે એની જરૂરિયાત પૂરી ! વધારાનું બળ તો એને કંઈ કરવાનું છે નહીં, વીણી વીણીને જીવાતોને આરોગ્યે રાખવાનું કામ કરવાનું છે આમણે, એ હોંશે હોંશે કર્યે રાખશે ! હવે વધારાનું કશુ આપણી પાસે માંગવા ઊભા રહેવાનો ગાળો એને કેવો !

કુદરતે પંખી જાતને જે રૂપ, રંગ, ગુણ અને સ્વર બક્ષ્યાં છે તેના વર્ણનો કરતા કવિઓ, ચિત્રકારો અને પક્ષી પ્રેમીઓનું લક્ષ તેમને ઈશદર્શન સુધી પહોંચાડતું રહ્યું છે અને રડતું બાળક પણ પક્ષી જોઈ રાજીપો વ્યક્ત કરે છે, એમાં આપણે ખેડૂતો ક્યાં છીએ તે તપાસીએ.

(પંચવટીબાગ, માલપરા જિ. બોટાદ, મો.૯૩૨૭૫ ૭૨૨૯૭)

**સુરક્ષા**

મોરારિબાપુને એક જિજ્ઞાસુએ પૂછયુંઃ

'બાપુ, આજકાલ કેટલાક ધર્માચાર્યો પોતાની સાથે સુરક્ષાગાર્ડ રાખે છે.

આપ કેમ નથી રાખતા ?'

બાપુએ કહ્યુંઃ 'હું ધર્માચાર્ય નથી એટલે સુરક્ષાગાર્ડ નથી રાખતો. હું તો ધર્મની સેવા કરનારો સેવક છું. આપણે ધર્માચાર્ય કયાં છીએ ?

અને સુરક્ષાગાર્ડ વગેરે સૌ મહાપુરુષોની પોતપોતાની રીતે હોય છે. આપણે એમાં શું કામ જઈએ ? મારી સુરક્ષા હું છું ! મારી સુરક્ષા મારા ગુરુની કૃપા છે. મારી સુરક્ષા મારા હનુમાન છે.'

## ૦૯ નિષ્કામ, નિર્વિકાર જીવન : ભરતભાઈ ભટ્ટ

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના વત્સલ, ઋજુ, સંવેદનશીલ, સેંકડો વિદ્યાર્થીઓના પ્રેમ-આદરના અધિકારી, ઉત્તમ અધ્યાપક, ગૃહપતિ, મુખ્યગૃહપતિ ભરતભાઈ નાનાભાઈ ભટ્ટ (જન્મ : ૭/૧૦/૧૯૪૦)નો નશ્વરદેહ અષાઢી બીજ, તા. ૨૦/૬ના દિવસે ૮૩ વર્ષની વયે પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો પણ તેમનો નિર્ગુણ, નિરાકાર, નિત્ય, આનંદી આત્મા આપણા સૌના હૃદયમાં આસનસ્થ છે. લોકભારતીના તેઓ લોકશિક્ષણ સ્નાતક(૧૯૬૦), માંગરોળના ડી.એડ્., ગુજરાત વિદ્યાપીઠના પારંગત(૧૯૬૮) સૌરાષ્ટ્ર યુનિ.ના અનુસ્નાતક(૧૯૭૨). લોકભારતીની તેમને ત્રણ બાબતો સ્પર્શી ગઈ :

૧. કાર્યકરો તથા વિદ્યાર્થીઓનું દષ્ટિપૂર્વકનું સમન્વયકેન્દ્રી પારિવારિક જીવન.

૨. સૌના જીવનમાં અવિરામ પ્રગટતો, ઓમ સહનાવવતુનો મંત્રઘોષ અને

૩. વર્ગશિક્ષણમાં પ્રતીત થતાં કાર્યકરોના વિષયજ્ઞાન તેમજ જીવનમાં અનુબંધિત લાગણી, જ્ઞાન, શીલનો ત્રિવેણી સંગમ.

તેમની દઢ માન્યતા હતી કે લોકભારતીએ કદી કેવળ શિક્ષણ નથી આપ્યું પણ જીવનવિદ્યારૂપી હાથીના પગલામાં વિષયશિક્ષણને સમાવવાનો પ્રયત્ન કર્યો છે. તેનું મૂળભૂત લક્ષ્ય છે ચારિત્ર્યનિર્માણ. લોકભારતીની કેળવણીના પાયામાં છે, કાલાતીત છતાં પરિવર્તનશીલ તેવું નક્કર, વ્યાપક તથા ઊંડું જીવનદર્શન. આ વિભાવનાને કેન્દ્રમાં રાખી લોકભારતી અધ્યાપન મંદિર(૧૯૬૨–૬૪), લોકસેવા મહાવિદ્યાલય (૧૯૬૮–૬૯), (૧૯૭૧–2000)માં તેઓ ગુજરાતી સામાન્ય, મુખ્ય વિષય અને ઈતિહાસ મુખ્ય વિષયમાં દષ્ટિપૂર્વક સતત પ્રયોગો કરતાં રહયા. ગૃહપતિ, મુખ્યગૃહપતિ તરીકે વિદ્યાર્થીઓના ગુણસંવર્ધનમાં પ્રવૃત્ત રહયા.

વૈધિક નિવૃત્તિ પછી તેઓ વાનપ્રસ્થભાવથી સ્વસ્થપણે જીવવા પ્રયત્નશીલ હતા. નાનાભાઈના જીવન, કાર્ય, વિચાર, ક્રિકેટવિશ્વ અને અન્ય વિષયોને લગતા પચ્ચીશેક પુસ્તકો પ્રકાશિત કરી શકયા. 'આનંદ મંગલ લોકે' ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થઈ. અનેક લેખો લખ્યા. વિવિધ સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપ્યા. મિત્રો વચ્ચે ફર્યા. શિક્ષકો, વિદ્યાર્થીઓ સાથે વિચારગોષ્ઠિ કરી. નઈ તાલીમના ધરોહર સિદ્ધ થયા.

(૨)

પતંજલિ ઋષિના યોગસૂત્રમાં લખેલ મંત્ર તેમણે આત્મસાત કરેલ અભ્યાસ અને વૈરાગ્ય. તેઓ માનતા કે વિપુલ વાચનનું મહત્ત્વ નથી પણ પુસ્તકની અંદર રહેલા ચિંતન, દર્શન, લાગણીજન્ય જીવનમર્મ, ચારિત્ર્ય, પૌષ્ટિકતા, મધુરતાનું પણ આચરણમાં અવતરણ થવું જોઈએ એટલે તેમણે વેદવ્યાસના મહાભારત, નાનાભાઈના મહાભારતના પાત્રો, રાજાજીની મહાભારત કથાવલિ, જયદેવના ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે, વિનોબાજીના ગીતા પ્રવચનો જેવા પુસ્તકોનું પરિશીલન કર્યું અને તેના વિચારને જીવનમાં ગૂંથી લેવાનો પુરુષાર્થ કરતાં જીવ્યાં. અનેક કટોકટીએ તેમની કસોટી કરી. જુવાન, સક્ષમ, ચિરંજીવી નિશુને દીર્ઘકાલીન પથારીવશ જોવાની. છતાં તેને ઈશ્વરદત્ત માનીને રાગમુકત રહીને એમણે સૌએ પોતાની ભૂમિકા ભજવવાનો, પરમાત્માની નજીક તેમને શરણે થવાનો, તેમની કૃપા–

મદદ માગવાનો માર્ગ પસંદ કર્યો.

લોકભારતીના બૃહદ પરિવાર માટે તેઓ સંદેશ આપતા ગયા છે : ત્રણ બાબતોથી સદા દૂર રહેવા પ્રયત્ન કરવો. ચરિત્રહિનતા, આર્થિક ગેરરીતિ, અધાર્મિકતા. ત્રણ તત્ત્વોની ઉપાસના કરો : સત્ય, શિવ, સર્વ કલ્યાણકારી શકિત અને પરમ સૌંદર્ય. ચાર બાબતો આપણી અનુભૂતિ બને : મુકિત-સ્વાતંત્ર્ય, પ્રેમ-લાગણી, સલામતી અને સ્વમાન-ગૌરવ.

પ્રફુલ્લાબહેન, રુચિરા, શૈલજા, નિશુ સૌ કુટુંબીજનો તેમના વિશાળ ચાહકવર્ગને ભરતભાઈની વિદાયથી ખાલીપાનો અનુભવ અવશ્ય થશે પણ ઈશ્વરેચ્છા માનીને તેમના સંદેશને ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ રહીએ તેજ સદ્‌ગતના શાંતિમય આત્માને યથાર્થ શ્રદ્ધાંજલિ.

ૐ શાંતિ...

(મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

### બાપ!

મોરારિબાપુને પ્રશ્નઃ 'બાપુ, 'બાપ' સંબોધન આપ કરો છો એનો અર્થ કહોને.'

બાપુઃ 'બાપ' એટલે કથામાં જે મારાથી મોટા છે એ 'વડીલો'ને પિતૃતુલ્ય આદર સાથે સ્વાગત.

અને મારાથી નાના કથામાં આવે તેને વાત્સલ્ય ભાવે 'બાપ' કહું છું.

મને ગમે છે, કાઠિયાવાડમાં દીકરાને અને દીકરીને પણ 'બાપ' સંબોધન કરવામાં આવે છે. મારો ભાવ 'બાપ' સંબોધનમાં આપ સહુને પહોચાડું છું.'

### અસ્મિતા

સમ્રાટ સિકંદર વિશ્વવિજેતા બનવા અનેક રાજાઓને હરાવતો આગળ વધતો હતો, તેણે રાજા ડેરિઅસને હાર આપી હતી એ પછી એના ખજાનામાંથી એક અતિ કિંમતી રત્નજડિત દાબડો મળ્યો. એ સિકંદર સમક્ષ રજૂ કરાયો, કલાત્મક કિંમતી દાબડો જોઈ ખૂબ આનંદમાં આવી સૈનિકોને પૂછયું :

'આપણે આમાં શું રાખીશું ? '

પહેલો સૈનિકઃ 'એમાં આપણે હિરાજડિત હાર રાખી શકાય'

બીજો સૈનિકઃ 'એમાં આપણે શાહી ખજાનાની ચાવી રાખીએ'

ત્રિજો સૈનિકઃ ' એ દાબડામાં આપણે અમૂલ્ય ઔષધીઓ રાખી શકીશું.'

અનેક અભિપ્રાયો મળવા છતાં સિકંદરને એક પણ સૂચન ગમ્યું નહીં

આખરે તેણે જાતે નિર્ણય જાહેર કરતા કહ્યું :

'આ દાબડો મૂલ્યવાન છે એટલે એમાં કોઈ અનમોલ વસ્તુ જ રાખવી જોઈએ..માટે આપણે એમાં આપણા મહાકવિ હોમરના મહાકાવ્ય

'ઇલિયડ'ને પ્રેમપૂર્વક રાખીએ છીએ.'

અને તુરંત સિકંદરના આદેશનો અમલ થયો.

## ૧૦ સંસ્મરણ : દિવંગત ભરતભાઈ ભટ્ટ

**બાલુભાઈ ગોહિલ**

---

ભરતભાઈ ભટ્ટનો છાત્રાલય જીવનનો પ્રથમ દિવસ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થામાં હું ઉત્તર બુનિયાદી શિક્ષણ મેળવવા આવેલો, અહીં મારે બગાસું ખાતાં પતાસું મળી ગયા જેવું થયું. અહીં મને સેલિબ્રિટીઝનાં સંતાનો સાથે રહીને શિક્ષણ મેળવવાનો લાભ મળી ગયો, કોણ કોણ હતા એ મહાનુભાવોના સંતાનો:

ભરતભાઈ ભટ્ટ નાનાભાઈ ભટ્ટના દીકરા, રામચંદ્રભાઈ પંચોળી મનુભાઈ પંચોળી 'દર્શક'ના પુત્ર, દુર્ગેશભાઈ શુક્લ સંસ્થાની ગૌશાળાના સંચાલક શ્રી કૃષ્ણલાલ શુક્લના દીકરા, મનુભાઈ ખીમાણી ફ્રીડમ ફાઈટ, લોકસેવક, સર્વોદય કાર્યકર શ્રી અમુલખરાય ખીમાણીના પુત્ર. અજીતભાઈ રાઠોડ શ્રી પ્રાગજીભાઈ રાઠોડ-ભાવનગર રાજ્યના પ્રખ્યાત રાજવૈદ્યના પુત્ર.આ બધા વી.આઈ.પી.નાં સંતાનો સમૃદ્ધિની છોળો વચ્ચે ઉછરેલ ભોંયપથારીએ સૂતા, વાસણ, કપડાં સાફ કરતા, શ્રમકાર્ય, સફાઈ કરતા, છાત્રાલય જીવનમાં તેઓ કેમ ગોઠવાઈ શક્યા હશે તે આજે પણ મારા મનમાં કોયડો રહ્યો છે. આ કોયડાના અણસાર માટે ભરતભાઈ ભટ્ટનો છાત્રાલય નિવાસનો પ્રથમ દિવસ કેવો ગયેલો તેનો આંખે દેખ્યો અહેવાલ આપું છું.

તો ભરતભાઈ બિસ્ત્રાપોટલા લઈને સંસ્થામાં દાખલ થયા છાત્રાલયનો એક નાનકડો ભીતિયો કબાટ અપાયો, તેમાં તેમણે સામાન ગોઠવ્યો. બપોરના જમવાના સમયે બેલ વાગ્યો. ભરતભાઈ થાળી, વાટકો, લોટો અને આસન લઈ સૌ વિદ્યાર્થીઓ સાથે ભોજનાલયમાં પંગતમાં ગોઠવાયા.

પીરસવાનું શરૂ થયું સૌ પ્રથમ બાજરાનો રોટલો થાળીમાં સમાય તેવડો પીરસવામાં આવ્યો, તેના ઉપર એક મોટી ચમચી ઘી રેડાયું, એક દાળ, શાક અને છાશ આટલી વાનગી પીરસાણી. ભરતભાઈ થાળી સામે જોઈ રહ્યા, છાશ સિવાયની એકપણ વાનગી ભાવે તેવી ન હતી. ઓમ્ સહનાવવતુ મંત્ર બોલાયો એટલે સૌ વિદ્યાર્થીઓનું જમણવાર શરૂ થયું ને ભરતભાઈનું મનમાં રુદન. બાજુનો વિદ્યાર્થી આખો રોટલો ઝાપટી ગયો ત્યારે ભરતભાઈ માંડ પા રોટલો છાશમાં બોળીને ગળે ઉતારી શક્યા. સંસ્થાના રસોડાનું આ ભરતભાઈનું પ્રથમ ભોજન.

રસોડામાં એક વાનગી બનતી થુલી, ઘઉંના ઝીણા ભડક્કામાંથી એ બને, બે જાતની ગોળ નાખેલી ગળી, મીઠું નાખેલી મોળી, હવે આ થૂલી ભરતભાઈને દીઠી ગમે નહીં. જોકે રસોડાનો નિયમ હતો થૂલી ન ખાય તેને રોટલો આપવામાં આવે, ભરતભાઈ તે ટંકે રોટલાથી રોડવતા.

હવે એક વખત નજીકનું સ્થળ એકલિયા મહાદેવના મંદિરે પ્રવાસ યોજાયેલો. બપોરના ભોજનનો કાર્યક્રમ ત્યાં હતો. ગળી થૂલી અને કઢીનું મહાભોજન. સૌ પંગતમાં બેઠા, ભરતભાઈને થૂલી જમવાની ન હતી તેથી તે પંગતથી દૂર અલગ બેઠા, તે દિવસે રોટલાની વ્યવસ્થા થયેલી નહીં. નાયબ નિયામક પૂ. ન. પ્ર. બુચ ભરતભાઈ પાસે ગયા વાંસામાં હાથ ફેરવતાં ફેરવતાં જણાવ્યું ભરત અહીં રોટલાની વ્યવસ્થા થઈ નથી. આજના ટંક પૂરતું થૂલી કઢી ચાખી જો ભાવે તો જમી લે ભરતભાઈએ થૂલી અને કઢી ચાખ્યાં, ભાવ્યાં પછી તો તેમણે થૂલીમાં ઓરમાનો અને ખટમીઠી કઢીમાં દૂધપાકનો સ્વાદ આવવા લાગ્યો. થૂલી સાથેનો અણબનાવ બનાવમાં પરિણમ્યો. ધીરે ધીરે સ્વાદેન્દ્રિય ઉપર એવો કાબુ મેળવ્યો કે ગમે તે વાનગી પીરસાય તેને

પ્રેમપૂર્વક આરોગવી, કારેલાનું શાક પણ રીંગણાં-બટેકાના શાકની જેમ જ જમવું.

**સ્વયંપાકી રસોડું :** સમૂહ રસોડે એક પ્રયોગ થતો સ્વયંપાકી રસોડાનો બાર-પંદર વિદ્યાર્થીઓ ટુકડી બનાવી તેઓ ઈચ્છે તો તેઓની રસોઈ જાતે બનાવવાની છૂટ મળતી આને સ્વયંપાકી રસોડું કહેતા બે વિદ્યાર્થીઓ સવારે અને સાંજે વારાફરતી રસોઈ કરે તેને શ્રમકાર્યમાંથી મુક્તિ મળતી ભરતભાઈ અને અન્ય મિત્રોએ આવું રસોડું શરૂ કરેલું આ વખતે એક રમુજી પ્રસંગ બનેલો.

આ રસોડે એક વખતે ખીર બનાવેલી. ખીરમાં જાયફળ નાખવાનો પ્રશ્ન ઊભો થયેલો.બાજુમાં એક વિદ્યાર્થી જે ટુકડીનો સભ્ય હતો તેણે ભરતભાઈએ કહેલું કે કોઠારેથી જાયફળ લઈ આવ. પેલા વિદ્યાર્થીએ તો જાયફળનું નામ પણ સાંભળેલું નહીં, તેને એમ કે જામફળ, સીતાફળ, રામફળ જેવું આ ફળ હશે. તેણે ભરતભાઈને પૂછ્યું આ જાયફળો શેમાં લાવું? ત્યાં ટોપ, તપેલાથી મોટું વાસણ પડેલ હતું તે બતાવી કહ્યું: ' આ ટોપમાં લઈ આવ.'

ભરતભાઈની વાત સાચી માનીને પેલો વિદ્યાર્થી ટોપ લઈને કોઠારે જાયફળ લેવા ઉપડ્યો, કોઠારીને ટોપમાં જાયફળ આપવા કહ્યું, કોઠારીને પણ નવાઈ લાગી,જાયફળ લઈ જવા આવડો મોટો ટોપ! કોઠારી પણ રમતમાં સામેલ થઈ ત્રણ જાયફળ ટોપમાં નાખીને કહ્યું:'ઊભો રહે તને ટોપ માથે ચડાવું બહુ વજન છે, તારા એકલાથી નહીં ચડાવાય' બંનેએ થઈ ટોપ પેલા વિદ્યાર્થીના માથે મૂક્યો પેલો વિદ્યાર્થી જાયફળો ભરેલો ટોપ લઈને રસોડે આવ્યો.

અહીં તો ભરતભાઈ આણી મંડળી તેનું સ્વાગત કરવા રાહ જ જોઈ રહેલી. આવ્યો એટલે કહ્યું: ' ઊભો રહેજે ટોપ માથેથી ઉતારવા મદદ કરીએ બહુ વજન હશે. સૌએ ખોટા ખોટા હાથ અડાડીને ટોપ નીચે ઉતાર્યો પછી તો સૌ શું હસ્યા છે શું હસ્યા છે.

આપણે વાત કરતા હતા ભરતભાઈનો છાત્રાલય નિવાસનો પ્રથમ દિવસ કેવો ગયો તેની પ્રથમ દિવસની સાંજ પડે છે. સાડા નવ સુધી સ્વઅધ્યયન, સ્વાધ્યાયનો સમય પૂરો થાય એટલે સૌ વિદ્યાર્થીઓ પોતપોતાના બિસ્ત્રા લઈ ફાવતી જગ્યાએ પાથરીને સૂઈ જવાનું, ભરતભાઈએ છાત્રાલયની ઓશરીના ખૂણે બિસ્ત્રો પાથર્યો અને લાંબા થયા.

અંધારામાં, ખુલ્લામાં એકલા કોઈ વખત સૂતેલા નહીં. દસ - સાડા દસ થયા પડખાં ફેરવ્યાં પણ ઊંઘ આવી નહીં છેવટે ગૃહપતિ ગુણવંતભાઈ પાસે ગયા અને કહ્યું: 'ગુણવંતભાઈ, મારે ઘેર જવું છે.' ગૃહપતિએ એક વિદ્યાર્થીને બોલાવી ભરતભાઈને ઘરે મૂકી આવવા કહ્યું.

એ વખતે ભરતભાઈ તથા પૂ. નાનાભાઈ ભટ્ટનું કુટુંબ આંબલા ગામમાં આનંદભવન મકાનમાં રહેતું હતું. ભરતભાઈએ ડેલી ખખડાવી, અપેક્ષા મુજબ સૌ રાહ જોતા હતા. આમ ભરતભાઈનો છાત્રાલય નિવાસનો પ્રથમ દિવસ પૂરો થયો.

(બટારવાડી, પટેલ ડીઝલ પાછળ, અમરેલી
મો. ૯૯૭૯૧૮૮૫૫૦)

**શ્રદ્ધાંજલિ**

લોકભારતીના ભૂતપૂર્વ કાર્યકરશ્રી ભરતભાઈ નાનાભાઈ ભટ્ટનું તા. ૨૦-૦૬-૨૦૨૩ના રોજ અમદાવાદ મુકામે ૮૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેમના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૧૧ ગુજરાતી જોડાક્ષરો

### ડો. બળવંત તેજાણી

---

જોડાક્ષર એટલે જોડાયેલા વ્યંજનો. બે કે વધુ વ્યંજનો એકબીજા સાથે જોડાય, પણ એમની વચ્ચે સ્વરની ગેરહાજરી હોય ત્યારે આવું જોડાણ જોડાક્ષર તરીકે ઓળખાય છે. જોડાક્ષર માટે યુક્તાક્ષર, સંયુક્તાક્ષર કે સંયુક્ત વ્યંજન વગેરે શબ્દો પણ વપરાય છે. ગુજરાતી લિપિમાં પચીસેક જેટલા જોડાક્ષરો વપરાશમાં છે.

સંસ્કૃતની લિપિ દેવનાગરી છે. આપણી લિપિ મૂળસંસ્કૃતમાંથી ઉતરી આવી છે. એટલે ગુજરાતી લિપિમાં આજે કેટલાક જોડાક્ષરો મૂળ દેવનાગરી પ્રમાણે જ ચાલુ છે. જો થોડો અભ્યાસ ન હોય તો કેટલાક જોડાક્ષરો ક્યા કયા વ્યંજનોનું જોડાણ છે તે પણ ઘણી વખત પારખી શકાતું નથી. પરિણામે લખવામાં અને બોલવામાં ખોટાં લેખન-ઉચ્ચારણ થતાં રહે છે. આપણે જોડાક્ષરો વિષે સમજીએ :

જોડાક્ષરમાં બે કે વધારે વ્યંજન અને અંતે સ્વર આવે છે.

ક્ + ર્ + અ = ક્ર

દ્ + વ્ + અ = દ્વ

આ જોડાક્ષરો લખવાની જુદી જુદી શૈલી આપણી લિપિમાં દૃઢ બની છે. આપણે તેને વર્ગીકૃત રીતે સમજીએ તો,

૧. સદંડી વ્યંજનનો દંડ દૂર કરીને તેનું બીજા વ્યંજન સાથે જોડાણ કરાય છે.

. દા.ત. ખ્ , ગ્ , ઘ્ , ચ્ ,ગ્ , ણ્ , ત્ ,થ્ , ઘ્ , ન્, પ્ ,બ્ ,ભ્ , મ્ , ય્ , લ્ ,વ્

નાખ્યા - અહીં ખ નો દંડ દૂર કરી તેને ય સાથે જોડવામાં આવ્યો છે.

ઉત્સવ - અહીં ત નો દંડ દૂર કરી તેને સ સાથે જોડવામાં આવ્યો છે.

વિશેષ ઉદાહરણ - રમ્ય, વિઘ્ન, અમ્બા, અષ્ટક, પ્રગલ્ભ, અબ્ધિ, યુગ્મ, રસ્સી, ઓચ્છવ, આપ્યો વગેરે.

૨. અદંડી વ્યંજનમાં જોડાણ કરવાની જુદી જુદી પરંપરા આ મુજબની રહી છે :

દા.ત. ક્ , છ્ , જ્ , ઝ્ , ટ્ , ઠ્ , ડ્ , ઢ્ , દ્ , ફ્ , ર્ , હ્ અને ળ્

આ વ્યંજનોને દંડ ન હોવાથી તે અદંડી વ્યંજનો કહેવાય છે.

દા.ત. ક્ , છ્, જ્, ઝ્, ટ્ , ઠ્ , ડ્ , ઢ્ , દ્ , ફ્, ર્, હ્ અને ળ્

આ વ્યંજનોને દંડ ન હોવાથી તે અદંડી વ્યંજનો કહેવાય છે.

- કેટલાક અદંડી વ્યંજનોનું તેના મધ્યદંડની સાથે જોડાણ કરાય છે. જેમ કે,

વાક્ય – અહીં 'ક'ના મધ્યદંડ સાથે 'ય'ને જોડવામાં આવ્યો છે.

ફ્લાઈટ - 'ફ'ના મધ્યદંડ સાથે 'લ'ને જોડવામાં આવ્યો છે.

વિશેષ ઉદાહરણ – ફ્યૂઝ, અક્કલ, નફ્ફટ, ક્લાન્ત વગેરે.

- કેટલાક અદંડી વ્યંજનોને એકબીજાને અડકાડીને લખાય છે. જેમ કે,

જ્યોત–'જ'ને 'ય' સાથે અડકાડીને લખ્યો છે.

કંઠ્ય - 'ઠ'ને 'ય' સાથે અડકાડીને લખ્યો છે.

વિશેષ ઉદાહરણ – કાઢ્યું, જડ્યું, ઉજ્જ્વળ, જ્વર, છ્યાસી વગેરે.

- કેટલાક અદંડી વ્યંજનને પોતાની જ સાથે જોડવામાં આવે ત્યારે ઉપર-નીચે લખવામાં આવે છે.

ભટ્ટ – ટ ને ટ સાથે નીચે જોડીને લખવામાં આવે છે.

પઠ્ઠો- ઠ ને ઠ સાથે નીચે જોડીને લખવામાં આવે છે.

વિશેષ ઉદાહરણ – છઠ્ઠી, ઉડ્ડયન, વદ્દી, ચઢ્ઢો વગેરે.

- જ્યારે જોડાણ બરાબર સ્પષ્ટ ન દર્શાવી શકાય

ત્યારે કેટલીક વખત અદંડી વ્યંજનોને હલન્ત નિશાનીથી જોડાયેલા બતાવવામાં આવે છે. જેમ કે,

ષટ્કોણ, ષડ્યંત્ર, ઉચ્છ્વાસ,વાક્છટા

● કેટલાક સદંડી અને અદંડી વ્યંજનોને અન્યવ્યંજનો સાથે જોડતાં મૂળ વ્યંજનો અસ્પષ્ટ બની જુદી જ આકૃતિ ધારણ કરે છે. જે મોટાભાગના દેવનાગરી લિપિમાંથી સીધા જ સ્વીકારેલા છે. આવા જોડાક્ષરોના લેખનમાં ભૂલ થાય છે, પરિણામે ઉચ્ચારણમાં પણ ખાસ્સી ભૂલ થાય છે.

જેમ કે, દ્ + ધ = દ્ધ - ઉદ્ધાર, ઉદ્ધત, સમૃદ્ધ, યુદ્ધ, વૃદ્ધ, જીર્ણોદ્ધાર, રિદ્ધિ, સિદ્ધાંત, શ્રદ્ધા, પ્રસિદ્ધ, બુદ્ધિ વગેરે

ધ્ + ધ = ધ્ધ - અધ્ધર, સધ્ધર, સુધ્ધાં, જોધ્ધો, સિધ્ધાર્થ, ગધ્ધાવૈતરું વગેરે.

દ્ + વ = દ્વ - દ્વારા, દ્વિધા, દ્વીપ, દ્વૈત, દ્વારા, દ્વારપાલ, દ્વેષ, દ્વારકા વગેરે.

દ્ + ર = દ્ર કે દ્ર - દ્રાક્ષ, દ્રોહ, દ્રષ્ટા, દરિદ્ર, નિદ્રા, રૌદ્ર, દ્રવિડ, મહેન્દ્ર, નરેન્દ્ર વગેરે .

દ્ + દ = દ્દ - મુદ્દલ, મુસદ્દો, વદ્દી, મુત્સદ્દી, જિદ્દી, મુદ્દો, ખદ્દડ (ઘટ્ટ, જાડું વગેરે.

દ્+ ય = દ્ય - વિદ્યાર્થી, ખાદ્ય, વાદ્ય, યદ્યપિ, ઉદ્યોગ, સદ્ય, વિદ્યુત, વિદ્યા વગેરે.

ધ્ + ય = ધ્ય - ઉપાધ્યાય, અધ્યાપક, સ્વાધ્યાય, અધ્યાય, મધ્યાહ્ન, અધ્યયન, આધ્યાત્મિક વગેરે.

શ + ર = શ્ર - શ્રવણ, શ્રી, શ્રીમાન, વિશ્રાંતિ, શ્રુતિ, વિશ્રામ, વિશ્રંભ વગેરે.

હ્ + ય = હ્ય - કહ્યું, નાહ્યો, ચાહ્યો, અસહ્ય, વહ્યું વગેરે

હ્ + મ = હ્મ - બ્રહ્મજ્ઞાન, બ્રહ્મચર્ય, બ્રહ્મદેશ, બ્રહ્માંડ, બ્રાહ્મણ વગેરે

પ્ + ર = પ્ર - પ્રાચીન, પ્રાથમિક, પ્રવીણ, પ્રલય, પ્રેરણા, પ્રણ વગેરે

ત્+ ત = ત્ત - મહત્ત્વ, નિવૃત્તિ, સત્તા, પ્રવૃત્તિ, કુત્તા વગેરે.

ત્+ ર = ત્ર - કૃત્રિમ, ત્રાક, ત્રીસ, સ્ત્રી, ક્ષેત્ર, અસ્ત્ર, શસ્ત્ર વગેરે.

સ્+ ત્ + ર્ = સ્ત્ર - સ્ત્રી, અસ્ત્ર , શસ્ત્ર, વસ્ત્ર, સ્ત્રૈણ વગેરે.

ક્+ ષ = ક્ષ - ક્ષતિ, ક્ષાર, ક્ષમા, રક્ષા વગેરે

જ્ + ગ = જ્ઞ - જ્ઞાન, જ્ઞાતિ, પ્રજ્ઞા, વિજ્ઞાન વગેરે

'ર' વ્યંજન જ્યારે હલંત લખવાનો આવે ત્યારે અને 'ર'ની સાથે કોઈ હલંત વ્યંજન જોડવાનો થાય ત્યારે થતું જોડાણ જરા વિશિષ્ટ છે. જેમ કે,

ધર્મ = ધર્મ, સૂર્ય = સૂર્ય, પૂર્તી =પૂર્તિ, કર્મ = કર્મ, ચૂર્ણ = ચૂર્ણ વગેરે.

આ ઉદાહરણોમાં 'ર' હલંત છે.

હવે આ ઉદાહરણો જુઓ -

પ્રવીણ = પ્રવીણ, સહસ્ર = સહસ્ત્ર, નમ્ર = નમ્ર, વ્યગ્ર = વ્યગ્ર

આ ઉદાહરણોમાં (પ્ર, સ્ર, મ્ર, ગ્ર વગેરેમાં) આખા દેખાતા વ્યંજનો હકીકતમાં હલન્ત છે. અને નહીં દેખાતો 'ર' એ ખરેખર આખો છે.

આમ 'ર'ની પૂર્વે કોઈ હલન્ત વ્યંજન જોડાય છે ત્યારે એ હલન્ત વ્યંજનને આખો લખી તેની નીચે / (તિરકસ) નિશાની કરવામાં આવે છે. હા, દંડ વગરનો અક્ષર જો 'ર'ની પૂર્વે જોડાય તો એ વ્યંજનને આખો લખી તેની નીચે ^ નિશાની કરવામાં આવે છે.

દા.ત. સૌરાષ્ટ્ર = સૌરાષ્ટ્ર , ટ્રમ્પ = ટ્રમ્પ, દ્રવ્ય = દ્રવ્ય , ડ્રમ = ડ્રમ

સ્વરયુક્ત મૂળાક્ષર

જો વ્યંજન સાથે 'ઋ' સ્વર જોડાયેલો હોય તો જોડાનાર વ્યંજન આખો લખી'ૃ' નિશાની કરવામાં આવે છે.

જેમ કે, ક્+ ઋ = કૃ - કૃષ્ણ, કૃપા

દ્ + ઋ = દૃ - દૃષ્ટિ

શ્ + ઋ = શૃ- શૃંગ, શૃંગાર

હ્ + ઋ = હૃ - હૃદય, હૃષ્ટપુષ્ટ

ઘ+ ઋ = ઘૃ - ઘૃત, ઘૃણા

(મો.૯૪૨૮૮૧૦૬૮૨)

ડો. બી.એમ. શેલડિયા

કૃષ્ણ કહે છે : મન અને બુદ્ધિથી સંયુક્ત થઈને જે નિરન્તર મારું સ્મરણ કરે છે, તે નિશ્ચિત મને પામે છે.

બુદ્ધિ અને હૃદયમાં એક સુસંગતિ કેવી રીતે બને? બુદ્ધિ અને હૃદય વચ્ચે સમન્વય કેવી રીતે સધાય? જીવનમાં બુદ્ધિ અને લાગણી વચ્ચે સમતુલા કેવી રીતે સાધી શકાય?

હૃદયને પૂછીએ લક્ષ્ય, બુદ્ધિને પૂછીએ સાધન. હૃદયને પૂછીએ અંતિમ સિદ્ધિ, બુદ્ધિને પૂછીએ પહોંચવાનો માર્ગ. હંમેશા હૃદયને પૂછીએ કે શું જોઈએ અને બુદ્ધિને પૂછીએ કે આ જોઈએ છે, હવે તેને પ્રાપ્ત કરવા શું કરવાનું છે. બુદ્ધિ મેથેડૉલોજી આપી શકે છે, વિધિ આપી શકે છે, માર્ગ આપી શકે છે. પરંતુ બુદ્ધિ ક્યારેય લક્ષ્ય નથી આપતી. અને આપણે બધાં બુદ્ધિને લક્ષ્ય પૂછીને ભટકી જઈએ છીએ.

આને એવી રીતે સમજીએ તો બહુજ સરળ થઈ જશે. બુદ્ધિનો જે અખિલાઈપૂર્વકનો વિકાસ છે, તે વિજ્ઞાનમાં થયો છે. હૃદયનો જે વિકાસ છે, તે ધર્મમાં થયો છે.

જો આપણે વિજ્ઞાનને પૂછીએ કે અમે શા માટે જીવીએ છીએ, તો વિજ્ઞાન કહેશે, અમને ખબર નથી. જો આપણે વિજ્ઞાનને પૂછીએ અમે કેવી રીતે જીવીએ કે જેથી કરીને વધારે સારી રીતે તંદુરસ્તીથી જીવી શકીએ, સ્વસ્થતાથી જીવી શકીએ, તો વિજ્ઞાન રસ્તો બતાવી દેશે. જો આપણે વિજ્ઞાનને આપણે પૂછ્યું કે 'જીવનનું લક્ષ્ય શું છે' તો વિજ્ઞાન કહેશે, 'અમને કંઈ ખબર નથી.'

આઈન્સટાઈન મૃત્યુ પામતી વખતે પીડિત હતા કે મે પણ અણુબોમ્બ બનાવવામાં સહાયતા આપી છે. પરંતુ મને એ ખબર નહોતી કે શું ઉપયોગ કરશે. અમે તો ફક્ત એટલું જ બતાવી શક્તા હતા કે અણુબોમ્બ કેવી રીતે બની શકે છે. તમે શું કરશો, એ અમે વિચાર્યું નહોતું!

વિજ્ઞાન બતાવી શક્તું નથી કે શું કરો. ધર્મ જ બતાવી શકે છે કે શું કરો. વિજ્ઞાન બતાવી શકે છે કે કેવી રીતે કરો, ધ હાઉ - કેવી રીતે! પરંતુ શા માટે - ફોર વ્હોટ! વિજ્ઞાનની પાસે આનો કોઈ જવાબ નથી. બુદ્ધિની પાસે પણ કોઈ જવાબ નથી.

હૃદયને પૂછીએ શું મેળવવું છે. અને પછી બુદ્ધિને આજ્ઞા આપીએ કે આ મેળવવું છે. માર્ગ શોધો, વિધિ શોધો, વ્યવસ્થા શોધો. અને ત્યારે હૃદય અને બુદ્ધિ સંયુક્ત થઈ જાય છે. જ્યાં બુદ્ધિ અને હૃદયનો સંયોગ છે, ત્યાં યોગ ફલિત થાય છે.

તેથી શ્રીકૃષ્ણ કહે છે, મન અને બુદ્ધિથી યુક્ત થઈને મને અર્પણ કરતો નિઃસંદેહ મને પામે છે.

જો કોઈ બુદ્ધિથી જ શોધતો રહ્યો, તો પરમાત્માના સંબંધમાં ફક્ત તર્ક કરી-કરીને સમાપ્ત થઈ જશે. તેને કોઈપણ જવાબ મળનાર નથી. જો પરમાત્મા સ્વયં સામે ઊભા હોય અને જો આપણે બુદ્ધિને પૂછ્યું કે તમે કોણ છો? તો પરમાત્મા ચૂપ રહેશે. એટલા માટે નહીં કે આપણો પ્રશ્ન ખોટો હતો, ફક્ત એટલા માટે કે પ્રશ્ન બુદ્ધિથી પૂછવામાં આવેલો હતો. બુદ્ધિથી આ પ્રકારના પૂછવામાં આવેલા પ્રશ્નોનો જવાબ આપવાનો કોઈ અર્થ નથી.

હૃદયથી પૂછીએ, તો પરમાત્માને જવાબ આપવો પણ નથી પડતો, તે હૃદય ઊપર બધી જ રીતે છવાઈ જાય છે, જેમ કોઈ વાદળ પહાડને ઘેરી લે છે, જેમ ફૂલની આસપાસ સૂર્યનાં કિરણો ઘેરાઈ જાય અને છવાઈ જાય છે. હૃદયને પૂછીએ, તો પરમાત્મા સામે હાજર ન હોય તો પણ ચારે તરફથી હૃદયને ઘેરી લે છે અને હૃદયની કળી વિકસી જાય છે. જેમ સવારે ફૂલ મહોરી જાય છે, અને ચારે તરફથી સૂર્યની રોશની તેને ઘેરી લે છે. પરંતુ હૃદયનું સૂત્ર છે, અર્પણ.

તેથી શ્રીકૃષ્ણ કહે છે, મારામાં અર્પણ થયેલ, મન-બુદ્ધિથી યુક્ત નિઃસંદેહ પછી કોઈ સંદેહ નથી - મને જ પામે છે.

સમર્પણ જ ઉપલબ્ધિ છે, સમર્પણ જ પહોંચી જવું છે. જેણે સમર્પણથી પોતાને રોકી રાખેલ છે, તે વંચિત રહેશે. જેણે પોતાને છોડ્યા, સાહસ કર્યું, તે પહોંચી જાય છે.

ગાંધીનો ધબકાર

## દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ

સર્જનાત્મક ઈતિહાસલેખનનો આદર્શ

'જે સંસ્થાને લોકો મદદ કરવા તૈયાર ન હોય તેને જાહેર સંસ્થા તરીકે નભવાનો અધિકાર જ નથી. જાહેર સંસ્થાના ચાલુ ખર્ચનો આધાર લોકો પાસેથી મળતા ફાળા પર રહેવો જોઈએ. પ્રતિવર્ષ મળતો ફાળો તે તે સંસ્થાની લોકપ્રિયતા અને તેના સંચાલકોની પ્રામાણિકતાની કસોટી છે અને દરેક સંસ્થાએ તે કસોટી પર ચડવું જોઈએ તેવો મારો અભિપ્રાય છે.' મહાત્મા ગાંધીનો આ બહુ જાણીતો અને અનેક સંસ્થાઓએ અનુસરેલો વિચાર તેમના દક્ષિણ આફ્રિકાકાળની નીપજ છે.

મહાત્મા ગાંધીની આત્મકથાના લગભગ ૨૫૦ પાનાં એમના દક્ષિણ આફ્રિકાકાળની વાતમાં રોકાયાં છે. આમ છતાં એમણે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' નામે પણ પુસ્તક લખ્યું છે. પ્રસ્તાવનાના પહેલા જ ફકરામાં ગાંધીજી લખે છે, 'સત્યાગ્રહ' શબ્દ દક્ષિણ આફ્રિકાની લડત અંગે શોધાયો અને યોજાયો. આ લડતનો ઈતિહાસ મારા હાથે લખાય એમ હું ઘણા વખતથી ઈચ્છતો હતો. કેટલુંક તો હું જ લખી શકું. કઈ વસ્તુ કયા હેતુથી થઈ તે તો લડાઈનો ચલાવનારો જ જાણી શકે. અને એના મોટા પાયા પર રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં આ અખતરો પહેલો જ હતો એટલે સત્યાગ્રહના સિદ્ધાંતનો વિકાસ બધા લોકો જાણે એ જરૂરી હતું'

પુસ્તક બે ભાગ, ૫૦ પ્રકરણ ને ૬૨૦ પાનાંમાં વિસ્તાર પામ્યું છે. પહેલા ૩૦ પ્રકરણ યરવડા જેલમાં લખાયાં છે. ગાંધીજી બોલતા અને ઈન્દુલાલ યાજ્ઞિક લખતા જતા. ત્યાર પછીનાં પ્રકરણો મુંબઈથી લખાયાં.

સત્યાગ્રહનો પ્રથમ સફળ પ્રયોગ દક્ષિણ આફ્રિકામાં થયો. આ અનુભવને આધારે જ ગાંધીજીએ ભારતમાં સત્યાગ્રહો કર્યા. યાદ રાખીએ કે સત્યાગ્રહનું મહત્ત્વ ગાંધીજી પૂરતું કે દક્ષિણ આફ્રિકા પૂરતું કે ભારત પૂરતું પણ નથી. જગતના ઈતિહાસમાં એ પ્રથમ દ્વેષમુક્ત, વેરવિહીન, સતનો સંગ્રામ હતો. તેની તવારીખ સમજવા માટે આ પુસ્તક મહત્ત્વનું છે.

ઈતિહાસને સામાન્ય રીતે કોઈ રાષ્ટ્ર, કોઈ રાજનીતિ કે કોઈ પ્રજા પ્રત્યે પક્ષપાત હોય છે - અહીં એવું નથી. પક્ષપાત હોય તો તે નીતિ, ન્યાય અને સત્યનો છે. આ કદાચ પહેલો જ ઈતિહાસ છે જે કોઈ ઈતિહાસકારે નહીં; પણ એક સંતે, એ ઈતિહાસના સર્જનહારે-સૈનિકે લખ્યો છે. અને જાત પર, શબ્દો પર, નિરુપણ પરનો ગાંધીજીનો સંયમ ચકિત કરી દે તેવો છે.

શરૂઆતનાં પ્રકરણોમાં ત્યારના દક્ષિણ આફ્રિકાનાં ઈતિહાસ-ભૂગોળ અને ત્યાંના મૂળ હબસી રહેવાસીઓની વાતો છે. એ પછી ત્યાં હિંદીઓનું આગમન કેવી રીતે થયું, ગિરમિટ શું, ગિરમિટિયા કોણ ને ગિરમિટમુક્ત કોણ, એમની મુસીબતો કયા કારણથી ને કેવી-કેટલી વધી તેનું વર્ણન છે. પોતાની હાલાકીઓનું ટૂંકું વર્ણન પણ છે, 'આ બધા અનુભવો મારા હાડમાં પેસી ગયા.'

આ પશ્ચાદભૂમિકા પછી એક પછી એક રાજકીય અનુભવો - ૨૭ની ઉંમરે લખાયેલું 'ગ્રીન પેમ્ફલેટ, તેની ભારત અને ઈંગ્લેન્ડમાં વ્યાપકપણે લેવાયેલી નોંધ, પરિણામે આફ્રિકામાં થયેલો હુમલો, પરવાનાની હોળી, મીર આલમનો કિસ્સો - આ બધાથી નવો ઈતિહાસ રચાતો-આલેખાતો જાય છે.

લડત ન્યાય માટે હતી. સત્ય અને અહિંસાના પાયા પર હતી. આંદોલન સ્વરૂપની હતી. તેને ખૂબ સહાનુભૂતિ

મળી. એના સૈનિકો એકસંપથી ને એકસમાન આદર્શોથી જીવે તે માટે ગાંધીજીએ આશ્રમો બનાવ્યા. ખ્રિસ્તી પદ્ધતિથી થયેલાં હોય તે સિવાયનાં લગ્નો અમાન્ય ગણતા કાયદા સામેની લડતથી સામાજિક પાસું ઉમેરાયું અને સ્ત્રીઓનો લડતમાં પ્રવેશ થયો. હિંસા સામે અહિંસા, દ્વેષ સામે પ્રેમ, જુલમ સામે મિત્રભાવ વગેરે શસ્ત્રો કામિયાબ નીવડતાં ગયાં. છેવટે અસત પર સતનો વિજય થયો.

આ ઈતિહાસમાં રાજકીય અને સામાજિક સાથે નૈતિક અને આધ્યાત્મિક તત્ત્વ પણ છે કેમ કે તેમાં ગાંધીજીની અંતઃપ્રેરણા પગલે પગલે મુખ્ય ભાગ ભજવે છે. લેખનશૈલી શુષ્ક નથી, રોચક છે. ભૂમિકા, પુરાવા, આધાર બધું ઈતિહાસનું, પ્રસંગ-પાત્રનું નિરુપણ નવલકથાકારનું અને દૃષ્ટિસંતત્વ તરફ ગતિ કરતા મહાપુરુષની આવું સંયોજન થયું છે. વાતો સૂક્ષ્મ અને અટપટી છતાં રસમય છે. ગાંધીજીના વ્યક્તિત્વમાં રહેલી ઉત્કૃષ્ટ માનવતા સાત્ત્વિક આનંદના ઓઘ ઉછાળે છે. એક પણ વાત નકામી કે બિનજરૂરી નથી. ઔચિત્ય, કલાસંયમ, સતર્કતાનો સતત અનુભવ થાય છે.

ગાંધીજીએ જિવાતા જીવનને ઝીલ્યું પણ છે અને પ્રભાવિત પણ કર્યું છે. ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’માં પણ આ બન્ને તત્ત્વ છે. જોકે સત્યના પ્રયોગો જેટલો વિરાટ પ્રભાવ આ પુસ્તકનો નથી. પણ ગાંધીસાહિત્યનો ગુજરાતી સાહિત્ય પર જે સમગ્ર પ્રભાવ છે તેમાં આ પુસ્તકનો પણ ફાળો છે જ. ૧૯૦૯માં લખાયેલા ‘હિંદ સ્વરાજ’ને ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’ની બાયપ્રોડક્ટ ગણી શકાય.

ગાંધીજી ઈતિહાસકાર નહોતા, પણ ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’ લખીને તેમણે સર્જનાત્મક ઈતિહાસલેખનનો એક આદર્શ પૂરો પાડ્યો. તેઓ સાહિત્યકાર નહોતા પણ તેમના નામનો એક યુગ ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં બોલે છે. ગાંધીજીનું ધ્યેય પત્રકાર બનવાનું નહોતું, પણ તેમના પત્રકારત્વએ લોકકેળવણીનું અને લોકો સુધી સાચી માહિતી પહોંચાડી એમને અપડેટેડ રાખવાનું જે કામ કર્યું તે માટે પત્રકારત્વ ભણનારે પત્રકાર ગાંધીને ભણવા પડે છે. આ લેખન-પત્રકારત્વની શરૂઆત દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર થઈ, જેના વિશે પણ ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’માં પ્રકરણો છે.

કેટલાક પુસ્તકોનો ઉલ્લેખ કરવો જોઈએ - ગાંધીજીની સૌ પહેલી જીવનકથા મિ. જૉસેફ ડૉક (અનુ. પ્રાણજીવનદાસ મહેતા) અને રાવજીભાઈ પટેલ(ગાંધીજીના અંતેવાસી)નું ‘ગાંધીજીની સાધના’ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’ની સમાંતરે ચાલ્યાં છે. પ્રભુદાસ ગાંધીના ‘જીવનનું પરોઢ’માં આ પુસ્તકોની ખૂટતી કડીઓ છે. ગિરિરાજ કિશોરનું ‘પહેલો ગિરમિટિયો’ (અનુ. મોહન દાંડીકર), રાજેન્દ્રમોહન ભટનાગરનું ‘કુલી બેરિસ્ટર’ (અનુ. છાયા ત્રિવેદી) અને નારાયણ દેસાઈ લિખિત ‘મારું જીવન એ જ મારી વાણી’ના પહેલા ભાગના અડધાથી વધારે પાનાં ગાંધીજીવનના દક્ષિણ આફ્રિકાકાળ પર લખાયાં છે.

દક્ષિણ આફ્રિકામાં ‘ઈન્ડિયન ઓપિનિયન’ સંભાળતાં ગાંધીજીએ જે ટકોર કરી છે તે આજના સોશ્યલ મીડિયા માટે પણ કેટલી સાચી છે - ‘વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડુબાવે છે અને પાકનો નાશ કરે છે તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો નિરંકુશતા વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.’

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્ક: ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

## ૧૩. સંસ્થા સમાચાર (જૂન, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- લોકભારતી સંલગ્ન વિભાગોની વિવિધતા અને સરકાર સાથેના વહીવટી પ્રશ્નો-બેઠકો-મુલાકાતો વગેરે સંદર્ભે પુખ્ત વિચારણા કરીને હવે તા. ૦૧-૦૭-૨૦૨૩થી અઠવાડિક રજા રવિવારે રાખવાનું ઠરાવવામાં આવ્યું છે.
- લોકસેવા મહાવિદ્યાલયમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ ના પ્રથમ વર્ષની પ્રવેશ પ્રક્રિયા તા.૧ જૂન થી ૧૫ જૂન દરમિયાન યોજવામાં આવી. આ વર્ષે કુલ ૭૨ વિદ્યાર્થીઓને સરકારશ્રીના ધારાધોરણો મુજબ પ્રવેશ આપવા આવ્યો.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી તથા કેન્દ્રીય સંચાર બ્યૂરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે તારીખ ૫ના રોજ શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષતામાં "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઊજવણી કરવામાં આવી. કાર્યક્રમ દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ "મિશન લાઈફ" અંતર્ગત સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ એક ચિત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું તથા પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવવા માટે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૈજ્ઞાનિક તથ્યસભર માહિતી આપવામાં આવી.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા જૂન માસ દરમિયાન "પ્રાકૃતિક કૃષિ" વિષય પર કુલ આઠ (૮) બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સૌરાષ્ટ્ર વિસ્તારના ભાવનગર, અમરેલી, રાજકોટ, ગીર-સોમનાથ, બોટાદ, જૂનાગઢ તથા પોરબંદર જિલ્લાના કુલ ૨૨૬ જેટલા ટેક્નિકલ અને ફાર્મર માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપવામાં આવી.
- તાલીમ અને નિદર્શન માટે સંસ્થામાં આવતા તાલીમાર્થીઓ, મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિ બાબતે માહિતગાર કરવાના હેતુથી કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા લોકભારતી ગૌશાળા ખાતે ગીર ગાય આધારિત "પ્રાકૃતિક કૃષિ-સામગ્રી સંસાધન કેન્દ્ર" શરૂ કરવામાં આવ્યું છે, જેમાં પ્રાકૃતિક કૃષિના ગાય આધારિત મહત્ત્વના ઘટકો જીવામૃત, ઘન જીવામૃત, દશપર્ણી અર્ક, વર્મી કંપોસ્ટ વગેરે કૃષિસામગ્રીનું નિદર્શન અને વિતરણ શરૂ કરવામાં આવ્યું.
- પર્યાવરણ દિન નિમિત્તે વ્યાખ્યાનોથી લઈ વૃક્ષારોપણ સુધીના અનેક કાર્યક્રમો લોકભારતીના વિવિધ વિભાગોમાં સફળતાથી ઊજવાઈ ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૭ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૬નો વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં શ્રી કાંતિભાઈ ગોઠી ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો
- લોકસેવા મહાવિદ્યાલયના બીજા અને ત્રીજા વર્ષના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નો સત્રારંભ અનુક્રમે તા.૧૪ અને ૧૫ જૂનથી કરવામાં આવ્યો.
- તા. ૧૫ના રોજ લોકભારતી યુનિવર્સિટીના કુલપતિશ્રી ભદ્રાયુભાઈ વછરાજાની અને કુલસચિવશ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાની

સમયઅવધિ પૂર્ણ થતાં ભાવસભર વિદાય-શુભેચ્છા કાર્યક્રમ યોજાઈ ગયો.

- તા.૧૫થી ૨૮ દરમિયાન લોકભારતી અધ્યાપન મંદિરમાં પ્રથમ વર્ષ ડી.એલ.એડ.ના પ્રવેશની કામગીરી કરવામાં આવી.
- તા. ૧૭ના લોકભારતી અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦% જાહેર થયું.
- તા.૧૮ થી ૨ દરમ્યાન લોકભારતી અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષની મણાર, સાંજણાસર, દેવલી, પીપરલા, સથરા, રોયલ, મોટી પાણીયાળી, દેવગાણા, ગરાજિયા, સાંખડાસર-૧, શેત્રુંજી ડેમ, ખારી, માંડવડા-૨ , ટાઢાવડ, દંગાપરા, અનિડા, મોટા સુરકા અને પાટીયાળી ગામોમાં ઇન્ટર્નશીપ યોજાઈ. શૈક્ષણિક ઉપરાંત યોગ દિવસની ઊજવણી, વૃક્ષારોપણ, પર્યટન વન ભોજન, વાલી સંપર્ક, સાંસ્કૃતિક કાર્યક્રમ, રમતોત્સવ જેવી સહઅભ્યાસક પ્રવૃત્તિ કરવામાં આવી.
- તા.૨૦ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને સ્વ.શ્રી ભરતભાઈ ભટ્ટને શ્રી અરુણભાઈ દવેએ ભાવસભર અને આદરસભર શ્રદ્ધાજંલિ આપી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૦ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૬ના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ ઉપસ્થિત રહી પ્રમાણપત્ર અને પુસ્તક શુભેચ્છાઓ સાથે વિતરણ કર્યા.
- તા. ૨૧ અને ૨૨ના રોજ પિડિલાઈટના અધિકારીશ્રીઓની ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ. તેમનો સંસ્થા પરિચય રોમાંચક રહ્યો.
- તા.૨૧ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે વિશેષ કાર્યક્રમ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન સારસ્વતભવનમાં યોજવામાં આવ્યો. સૌ કાર્યકરો અને વિદ્યાર્થીઓ યોગ-અભ્યાસમાં જોડાયા.
- તા.૨૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયની બોર્ડ ઓફ સ્ટડીની બેઠક યોજવામાં આવી. આ બેઠકમાં ડો. અત્તાઉલ્લાહ ખાન અને ડો.નિગમ શુક્લ ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી કાંતિભાઈ ગોઠી હાજર રહ્યા. આ બેઠકમાં દ્વઈ અન્વયે પ્રથમ વર્ષ બી.આર.એસ. કોર્સ સ્ટ્રક્ચર અને પ્રોગ્રામ અંગેનો સિલેબસ મંજૂર કરવામાં આવ્યો. અભ્યાસક્રમ સુધારણા સમિતિના સંયોજક શ્રી મુકંદભાઈ શ્રીમાળીએ ડ્રાફ્ટ રજૂ કર્યો. સૌ અધ્યાપકોએ તૈયાર કરેલ અભ્યાસક્રમો પણ રજૂ કરવામાં આવ્યા.
- તા.૨૫ના રોજ સ્વ.શ્રી ભરતભાઈ ભટ્ટનું બેસણું લોકભારતી ખાતે ગોઠવ્યું હતું. આસપાસના વિસ્તારની લોકશાળાઓ સહિત સુરેન્દ્રનગર, રાજકોટ, સુરત, ભાવનગર, અમરેલી વગેરે વિસ્તારના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રદ્ધાંજલિ આપવા આવી ગયા.
- આઝાદીકા અમૃત મહોત્સવની ઊજવણી સંદર્ભે સરકારી પ્રતિનિધિઓ દ્વારા સ્વાતંત્ર્યસૈનિકોના પરિવારના અભિવાદન માટે તા. ૨૬મીએ સિહોરથી મામલતદાર શ્રી જોગસિંહજી અને ડે. મામલતદાર શ્રી ભગીરથસિંહજી લોકભારતી પધાર્યા. સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી રામચંદ્રભાઈ મનુભાઈ પંચોળીનું અને શ્રી અરુણભાઈ મનુભાઈ દવેનું સન્માન કરી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૮ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ- ૨૪૭ નો વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલી

ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો.

- શ્રી અરુણભાઈ દવે તા. ૪થીએ પર્યાવરણ દિન નિમિત્તે યોજાયેલ વર્ષાવિજ્ઞાન સંમેલન અને પ્રાકૃતિક કૃષિના એમ બે સંમેલનમાં અધ્યક્ષીય સંબોધન કરવા શાપુર જઈ આવ્યા. શ્રી અંબાલાલ પટેલ સાથેની મુલાકાત યાદગાર રહી. તા. ૭મીએ મણાર ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટની બેઠકમાં હાજરી આપી. તા. ૧૩મીએ પદ્મશ્રી મથુરભાઈ સવાણીની અધ્યક્ષતામાં યોજાયેલ જળસંચયની જિલ્લાકક્ષાની બેઠકમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપવા ભાવનગર જઈ આવ્યા. તા. ૨૧મીએ વાળુકડ ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની બેઠકમાં માર્ગદર્શન આપવા જવાનું થયું અને તા. ૨૨ અને ૨૮ એમ બે મુલાકાત માઈધારના કામો સંદર્ભે શ્રી કાંતિભાઈ ગોઠી સાથે જવાનું થયું.

**આંબલા સમાચાર**

- તા. ૦૫ના રોજ ઉત્સાહ ઉમંગથી સત્રારંભ થયો.
- તા. ૦૬ના રોજ કાર્યકરોની પ્રથમ સત્રની મિટિંગ યોજાઈ. તેમાં શ્રી વાઘજીભાઈ અને શ્રી રાજેન્દ્રસિંહએ સર્વ કાર્યકરોને પરિણામ માટે અભિનંદન આપ્યાં અને નવા સત્રની શુભેચ્છા પાઠવી.
- તા.૧૧ના રોજ ગરબી યોજાઈ ગઈ જેમાં કાર્યકર પરિવાર અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા.
- તા.૧૮ના રોજ ફિલ્મ દર્શન કાર્યક્રમ યોજાયેલ.
- તા.૧૯ના રોજ આંબલા મુકામે યોજાયેલ વ્યવસ્થાપક મંડળની બેઠકમાં શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી વાઘજીભાઈ કરમટીયા, શ્રી ડાહ્યાભાઈ ડાંગર, શ્રી રાજેન્દ્રસિંહ વાળા ઉપસ્થિત રહેલ.
- તા.૨૧ના રોજ વાળુકડ મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની વાર્ષિક મિટિંગ યોજાઈ ગઈ. તેમાં રેલી, સંગીત શિબિર, વ્યાયામ શિબિર અને પરીક્ષા અંગેનું આયોજન કર્યું અને નિર્ણયો લીધા.
- તા.૨૧ના રોજ સોનગઢ પી.એચ.સી. સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો.
- તા.૨૨ના રોજ મંત્રી મંડળની ચૂંટણી કરી ખાતાવાર જવાબદારી સોંપવામાં આવી.
- તા.૨૨ના રોજ ભાવનગર શિશુવિહાર સંસ્થા તરફથી ૨૦ બહેનોને સહાય આપવાના કાર્યક્રમમાં ગૃહમાતા શ્રી નિમાબહેન પંડ્યા અને શ્રી રૂપાબહેન પટેલ વિદ્યાર્થિની બહેનોને લઈ જઈ આવેલ. સાથોસાથ સાયન્સ સિટીની મુલાકાત પણ લેતા આવ્યા.
- તા.૨૨ના રોજ બોટાદ મુકામે જિલ્લા વ્યાયામ શિક્ષકોની તાલીમમાં મોજીલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી.
- તા.૨૫ના રોજ સરકારશ્રીના જીફસ કાર્યક્રમ મુજબ યોગ દિવસની ઉત્સાહપૂર્વક ઊજવણી કરવામાં આવી.
- આંબલાની સ્વનિર્ભર મોજીલી શાળામાં બાળકોને રમતો દ્વારા શિક્ષણ કાર્ય આપવામાં આવે છે.

**મણાર સમાચાર**

- તા. ૦૧ના રોજ ડી.ઈ.ઓ. શ્રી પંડ્યાસાહેબ તથા ઈ.આઈ. શ્રી ડોડીયાસાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા.૦૫ના રોજ સત્રારંભની સાથોસાથ ''વિશ્વ પર્યાવરણ દિવસ''ની પણ શાળામાં ઊજવણી

થઇ, આચાર્યશ્રી તેમજ સ્ટાફગણ દ્વારા પર્યાવરણ જાગૃતિ અંગેની વાતો થઇ અને પ્રકૃતિનાં ગીતો ગવાયા.

- તા. ૦૭ના રોજ સીરમ ઇન્સ્ટીટયૂટના સહયોગથી બનેલ શાળાના નવનિર્મિત મકાનના લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો. શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી કપિલભાઈ શાહ તેમજ શ્રી પી.કે. શુક્લાજી અને શ્રી વીરેન્દ્રસિંહ પણ ઉપસ્થિત રહ્યા.
- તા. ૨૧ના દિવસે-શાળામાં "વિશ્વ યોગ દિવસ"ની ઊજવણી કરવામાં આવી. એન.એસ.એસ. અને એન.સી.સી.ના કેડેટસ દ્વારા સંચાલન કરવામાં આવ્યું. તેમજ યોગકોચ શ્રી વિપુલભાઈ સરવૈયાએ યોગાસનો કરાવ્યાં. સમગ્ર કાર્યકરો પણ જોડાયા.
- તા.૨૨ના રોજ પૂજ્ય હીરાબેન માનભાઈ ભટ્ટની ૧૦૫મી જન્મજયંતિ પ્રસગે, નઈ તાલીમની શાળાઓમાં હોસ્ટેલમાં રહીને ભણતી ૨૦૦ બહેનોને-પ્રત્યેકને રૂપિયા ૨૫૦૦ રોકડા અને ૫૦૦ રૂપિયાની કિટ આપવામાં આવી. આ સહાયનો આપણી શાળાની ૨૦ બહેનોને પણ લાભ મળ્યો. શ્રી વિપુલભાઈ અને શ્રી ધુનાબહેન જોડાયા. "વિજ્ઞાન કેન્દ્ર"ની મુલાકાત પણ લીધી.
- તા. ૨૫ના રોજ સ્વર્ગસ્થ શ્રી ભરતભાઈ ભટ્ટને શ્રધ્ધાંજલિ પાઠવવા સમગ્ર સ્ટાફ લોકભારતી તેમજ ભાવનગર જઈ આવ્યો.
- તા. ૨૩ના રોજ પિડિલાઈટ મુંબઈની ટીમે તેમજ કૃષિબાગાયત વિકાસ કેન્દ્રની ટીમે લોકશાળા મણારની મુલાકાત લીધી અને હર્ષની લાગણી વ્યક્ત કરી.
- તા. ૨૩ના રોજ વિદ્યાર્થી મંત્રી મંડળની પ્રથમ સત્રની ચૂંટણી લોકશાહી ઢબે યોજાઈ ગઈ તેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- શ્રી અંકુરભાઈ એન.સી.સી.ની મિટિંગમાં ભાવનગર જઈ આવ્યા.
- તા.૨૭ના રોજ ડૉ. નલિનભાઈ પંડિત તથા શ્રી ઉમાકાંત રાજયગુરૂ અને પૂર્વવિદ્યાર્થી શ્રી હરજીભાઈ દૂધાત સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા.૨૮ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી પંકજભાઈ, શ્રી નીરૂભાઈ દેસાઈ દ્વારા સમગ્ર સંસ્થાને સમૂહભોજન કરાવવામાં આવ્યું, સાયં પ્રાર્થનામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના શાળા-અભ્યાસ દરમિયાન થયેલા અનુભવોના સંસ્મરણો વાગોળ્યાં.
- કૃષિબાગાયત વિકાસ કેન્દ્રમાં ઇર્ન્ટનશીપમાં આવેલી બે તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર વગેરે અર્પણ કરી વિદાય આપવામાં આવી.

**માઈધાર સમાચાર**

- તા.૧૦ના રોજ લોકભારતી સણોસરાથી શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા અને શ્રી વિશાલભાઈ જોશી માઈધાર કેન્દ્ર મુલાકાતે આવી ગયા અને વિદ્યાર્થી સાથે લેખન, વાંચન, કૌશલ્ય વિશે સંવાદ કર્યા.
- તા.૧૯ના રોજ શ્રી મનહરભાઈ ઠક્કર સંસ્થા મુલાકાતે આવી ગયા અને વિદ્યાર્થીઓ સાથે કેળવણીના હેતુઓ અને સાચું શિક્ષણ કોને કહેવાય તેના વિશે સંવાદ કર્યો.
- તા. ૨૦ના રોજ શ્રી ભરતભાઈ દવેએ સાંજની પ્રાર્થનામાં દક્ષિણ અમેરિકાના કિનારે ઉદ્દ્ભવેલી અલ-નિનો ઘટના સંદર્ભે વિગતે માહિતી આપી.
- તા. ૨૧ના રોજ વિદ્યાર્થીઓએ સૂર્યનમસ્કાર દ્વારા

વિશ્વ યોગદિવસની ઊજવણી કરી અને શ્રી ગજેન્દ્રસિંહે વિદ્યાર્થીઓને યોગ વિશે માહિતી આપી.

- તા.૨૨ના રોજ પિડિલાઇટ- મુંબઈની ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.
- તા. ૨૨ના રોજ શિશુવિહાર સંસ્થા-ભાવનગર ખાતે ૩૦૦૦ રૂપિયાના આર્થિક સહયોગ પ્રાપ્ત- ૨૦ વિદ્યાર્થીનીઓ સાથે શ્રી જગદીશભાઈ, શ્રી અસ્મિતાબહેન અને શ્રી વિજયભાઈ જઈ આવ્યા.
- તા.૨૪ના રોજ સ્ટેમ લેબ અંતર્ગત વિદ્યાર્થીઓને સેન્સરથી રિમોટ કંટ્રોલ દ્વારા માણસના ચેતાતંત્રને કંટ્રોલ કેવી રીતે કરવા તેમજ નુરોન્સ કેવી રીતે કંટ્રોલ થાય તે વિષયની શ્રી પ્રવીણભાઈ સિંદલ દ્વારા સમજ આપવામાં આવી.

### રાષ્ટ્રપ્રેમ

કિશન મહારાજ કીર્તિવંત તબલાવાદક અને સાચા દેશભક્ત પણ હતા.

અમેરિકામાં એમનો એક સ્ટેજ શો યોજાયો હતો.

સ્ટેજ પર જતા એમની નજર ધ્વજની જગ્યા પર પડી ત્યાં માત્ર અમેરિકાનો ધ્વજ લહેરાતો જોતા જ તેમણે આયોજકને બોલાવી કહ્યું:

'જયાં સુધી અમેરિકાના ધ્વજની સાથે મારો ભારતીય ધ્વજ નહીં મૂકાઇ ત્યાં સુધી કાર્યક્રમ શરૂ થશે નહીં.'

વાત સાંભળી આયોજકોએ થોડી જ વારમાં અમેરિકન ધ્વજ સાથે ભારતીય ધ્વજ ગોઠવી દીધો.

### તું, માત્ર તું,

જગપ્રસિદ્ધ રુમીના જીવનની પ્રેમકથાની સંવેદના સાંભળોઃ

રુમીને એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો, રુમી પ્રેમીકાને ઘરે ગયા, દરવાજો ખટખટાવ્યો.

એ સમયે અંદરથી પૂછવામાં આવ્યું : 'કોણ છે ? '

રુમીએ કહ્યું: 'હું' રુમી તારો પ્રણયી-પ્રેમી '

દરવાજો ઊઘડયો નહીં, રુમી દ્વાર ખટખટાવતા રહ્યા, અંદરથી અવાજ આવતો બંધ થઈ ગયો, બીજા અને ત્રીજા દિવસે પણ રુમી ગયા દરવાજો ખોલવા કરગરતા રહ્યા દર વખતે પ્રેમીકા ઘર અંદરથી પૂછે :'કોણ છે ? '

રુમી ઉત્તર આપે: 'હું' રુમી તારો પ્રેમી'

ઘણા દિવસો સુધી આ રીતે જવા છતાં દરવાજો બંધ ને બંધ તેથી રુમી જવાબ શોધવા પહોડોમાં ચાલ્યા ગયા, ધ્યાનમાં ડૂબી ગયા...ઘણો સમય પસાર થયા પછી રુમી પરત આવે છે ત્યારે બદલાય ગયા હતા. જાણે કાંઇક અનમોલ જણસ જડી ગઈ હોય એવું નૂર એમના ચહેરા ઉપર છવાઈ ગયું હતું. રુમીની આંખોમાં તેજ ઝળહળી રહ્યું હતું. રુમી પ્રેમીકાને ઘરે ગયા દ્વાર ખટખટાવ્યું અંદરથી પૂછવામાં આવે છે: 'કોણ છે ?'

રુમીએ ઉત્તર આપતા કહ્યું: ' તું, માત્ર તું, રુમી હવે નથી માત્ર તું, '

જવાબ સાંભળી દ્વાર ફટાક કરતા ખૂલ્યા ને પ્રિયતમાએ રુમીને પોતાનામાં ઓગાળી દીધાં...

## પ્રથમ શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૪ના ઉત્સવ- વ્યાખ્યાનમાળાઓનું આયોજન

| તારીખ/વાર | કાર્યક્રમ/ઉત્સવ | વક્તા | વિષય | આવકાર/ આભારદર્શન |
|---|---|---|---|---|
| ૦૩/૦૭/૨૩ સોમવાર | ગુરુપૂર્ણિમા | ડૉ. મનહરભાઈ ઠાકર | ગુરુ પરંપરા અને ગુરુ મહીમા | શ્રી ધીરુભાઈ રાઠોડ<br>શ્રી હસમુખભાઈ સુથાર |
| ૧૫/૦૮/૨૩ મંગળવાર | સ્વાતંત્ર્ય દિન | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | એપ્રોપ્રીએટ ટેકનોલોજી અને આત્મનિર્ભરતા | શ્રી કાંતિભાઈ ગોઠી<br>શ્રી ભૌતિકભાઈ લીંબાણી |
| ૨૯/૦૮/૨૩ મંગળવાર | સ્વ.પૂ. મનુભાઈ પંચોળી સ્મારક વ્યાખ્યાનમાળા | શ્રી મનસુખભાઈ સલ્લા | દર્શકના શિક્ષણદર્શન સંદર્ભે રાષ્ટ્રીય શિક્ષણનીતિ<br>સન્માનિત થનારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ.<br>(૧) શ્રી હાજીભાઈ બાદી (શિક્ષણ અને સમાજસેવા)<br>(૨) શ્રી અતુલભાઈ પંડ્યા (પર્યાવરણ અને ગાંધીવિચાર-પ્રચાર)<br>(૩) શ્રી બિંદુપાર્થેશ રાજપુર (શિક્ષણ અને તાલીમ)<br>(૪) શ્રી રવજીભાઈ ગાબાણી (વહીવટ) | શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા<br>શ્રી રામચંદ્રભાઈ પંચોળી |
| ૩૦/૦૮/૨૩ બુધવાર | રક્ષાબંધન પર્વ | શ્રી રમઝાન હસણીયા | પ્રાસંગિક | શ્રી વિશાલભાઈ ભાદાણી<br>શ્રી જયવંતસિંહ ગોહિલ |
| ૧૨/૦૯/૨૩ મંગળવાર | મૂ. મો. ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા (અનુકૂળ તારીખ પસંદ કરતાં) | વિદ્યાર્થીઓ | વાચિકમ/નાટ્ય પ્રસ્તુતિ | સંકલન :<br>શ્રી વિશાલભાઈ જોષી<br>શ્રી વિશાલભાઈ ભાદાણી |
| ૦૨/૧૦/૨૩ સોમવાર | ગાંધી જયંતિ | શ્રી મિત્તલબહેન પટેલ | પીડ પરાઈ જાણે રે | શ્રી જગદીશભાઈ ગોંસાઈ<br>શ્રી નિગમભાઈ શુકલ |

કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા જૂન માસ દરમિયાન "પ્રાકૃતિક કૃષિ" વિષય પર બે દિવસીય આઠ તાલીમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સૌરાષ્ટ્ર વિસ્તારના ભાવનગર, અમરેલી, રાજકોટ, ગીર-સોમનાથ, બોટાદ, જૂનાગઢ તથા પોરબંદર જિલ્લાના કુલ ૨૨૬ જેટલા ટેક્નિકલ અને ફાર્મર માસ્ટર ટ્રેઈનર્સને તાલીમ આપવામાં આવી.














TO.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-